
કુમાર


૭૭૩
સંસ્થાપક · રવિશંકર રાવળ
આવતી કાલનાં નાગરિકોના ઘડતરનું માસિક
વર્ષ ૩૨ · અંક ૧ · જાન્યુઆરી ૧૯૫૫
તંત્રી · બચુભાઈ રાવત



ભારતના ભાગ્યચક્રમાંથી જેમણે સ્વાતંત્ર્યનું સૂતર કાંતી આપ્યું
એ રાષ્ટ્રપિતાના નિર્વાણની સાતમી સંવત્સરીના પુણ્ય સ્મરણમાં



રાગિણી ટોડી · ચિત્રકાર: સોમાલાલ શાહ (‘કુમાર’ જાન્યુ. ૧૯૫૫ના અંકનું મુખચિત્ર · કલાકારના સૌજન્યથી)



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના

વાચકો લખે છે

અહીં પ્રકટ થતી દરેક વસ્તુ માટે 'કુમારમાં'નું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

અંક ૩૬૨ના કુમાર પર 'વિદ્યાધર' નામનું ચિત્ર છે. તેના ઉપરના જમણા હાથનો અંગૂઠો ઊંધો છે અથવા તેનાં આંગળાં ઊંધાં છે; અને બીજી ભૂલ એ કે તેના ડાબા પગનો અંગૂઠો ઊંધો છે. આ ભૂલ મૂળ શિલ્પકૃતિમાં જ છે? કે તે ચીતરનારની છે?

(ભાવનગર) —સુમંતકુમાર ભટ્ટ

[ઉપરના પત્ર પરત્વે ચિત્રકારે અમને લખી મોકલેલો ખુલાસો નીચે મુજબ છે: ચિત્રના જમણા હાથનાં બધાં આંગળાં તો બરાબર જ છે. પરંતુ ડાબા પગમાં અંગૂઠો ખોટો બતાવાયો હોય તેમ લાગે છે. જોકે કેટલાંક શિલ્પ જોયા પછી એમ લાગ્યું છે કે કોઇક ઠેકાણે શિલ્પી વાસ્તવિકતાથી દૂર જતા રહે છે. એવા એક બે શિલ્પના સ્કેચ મારી પાસે છે.

(અમદાવાદ) —વ્યાસ ઉલશંકર]

'કુમાર'નાં વખાણ તો બહુ થઈ ચૂક્યાં છે. પણ તમારી ખરાબ જાહેરખબર નહિ લેવાની વાત વાંચી-સાંભળી ત્યારે તમારા પત્ર મારફતે એક વિનંતી કરવાની હિંમત કરું છું.

કેટલાક દિવસોથી શબ્દરચના હરીફાઈઓનું દ્યૂત ચાલી રહ્યું છે તે તરફ તમે કેમ કાંઈ લખતા નથી? અને એ હરીફાઇઓને મોટા કહેવાતા લેખકો પણ સાથ આપે છે ત્યારે હૃદય કકળી ઊઠે છે. વળી જ્યારે ભણેલા સ્નાતકોને પણ સો સોની સંખ્યામાં આવાં પ્રવેશપત્રો ભરતા જોઉં છું ત્યારે તેમના તરફ ફિટકારની લાગણી ઉત્પન્ન થાય છે. કોઇ પત્ર અત્યારે અમારી આ ફરિયાદ સાંભળે તેમ લાગતું નથી● કારણ કે તે મારફતે તેઓનો ધંધો ધીકતો ચાલે છે. એટલે અંતે ગુજરાતની અસ્મિતાને સતત જાળવી રાખવા ભગીરથ પ્રયાસ કરનાર એવા 'કુમાર'ને અમે વિનંતી-ફરિયાદ-કરીએ છીએ.

કેટલીય કરકસર કરી બચાવેલા પૈસા આવા જુગારમાં વેડફી નાખે તે શું તમને ગમે છે? નાના ઉદ્યોગોને આથી સખત ફટકો પડ્યો છે. અને જો આને દબાવવામા નહિ આવે તો કોણ જાણે શું નં શું પરિણામ આવશે.

(વડોદરા). —નલિન શાહ

[●'બુદ્ધિપ્રકાશ' માસિકે આ સામે લાંબા સમયથી સતત ઝુંબેશ ચાલુ રાખી છે તે વીસરવું ન જોઇએ. 'કુમાર' પણ એને નિર્વિવાદ દૂષણ માને જ છે, પણ સર્વભક્ષી એ જુગારનો જુવાળ એટલો તો જબ્બર છે કે તેને કઈ રીતે ખાળી શકાય તે સૂઝતું નથી. અમારા સમગ્ર બળથી અમે તેનો વિરોધ કરીએ છીએ, અને જે જે વાચકને અમારો આ અવાજ પહોંચે તેને એવી એક સક્રિય વિરોધસેના ઊભી કરવાનો અનુરોધ કરીએ છીએ.]

વર્ષો થયાં 'કુમાર'નો વાચક અને પ્રશંસક છું, અને એટલે ડિસેમ્બર અંકમાં છેલ્લા પાના ઉપર 'તલવાર વડે ઇસ્લામનો પ્રચાર કરનાર હજરત અલી' શબ્દો વાંચી એક આંચકો અનુભવ્યો. એ કંડિકામાં તમે હજરત અલીની પ્રશંસા કરી છે, પરંતુ ઇતિહાસ અને ઇસ્લામનું તો અપમાન જ કર્યું છે.

એ આખી ઘટના નિઃશંક સત્ય છે. પણ એ ઘટનાના નિર્માતા અલી અથવા મુસ્લિમો નહિ, પરંતુ બિન મુસ્લિમો હતા. આક્રમણ શત્રુપક્ષ તરફથી હતું. હ૦ અલી તો ઇસ્લામના રક્ષણાર્થે લડતા હતા, ન કે તલવારના બળથી ઇસ્લામ-પ્રચારાર્થે!

(અમદાવાદ) —મહમદ વલી મુકાદમ

[આવા બીજા પત્રો પણ મળ્યા છે. વસ્તુતઃ એ ફકરો અમે હિંદી માસિક 'નવનીત'ના જૂન 'પરના અંકના પૃ. ૮૯ના પ્રસંગ પરથી લીધેલો, જ્યાં ઉપર્યુક્ત માહિતી ન હતી.—તંત્રી]

'કુમારે' લગભગ સો જેટલાં પંખીઓનો પરિચય તેનાં વાચકોને કરાવેલ છે. એ બધા લેખો શું પુસ્તકરૂપે પ્રગટ ન કરાવી શકાય? આ પ્રશ્ન પૂછતી વેળા હું કબૂલ કરું છું કે આપણા લોકોને ફૂલ, પંખી, તારા વગેરેમાં રસ બહુ થોડો છે. પરંતુ એ વિષે થોડુંઘણું જ્ઞાન તો દરેકે ધરાવવું જરૂરી છે. 'જરૂરી' એટલા માટે કહું છું કે ડિસેમ્બરના 'કુમાર'માં છપાએલ એક તસવીરમાં ભૂલ છે. 'કુતુબ અને કોયલ'ની તસવીરમાં જે પંખી છે તે કોયલ નથી, પરંતુ 'કાળો કોશી' છે. આપ એ તરફ ધ્યાન દોરી, ગુજરાતને પંખીઓ વિષે એક સુંદર પુસ્તક આપવાની શક્યતા વિચારશો એમ માનું છું.

(રાજકોટ) —સુરેન માણેક

[● આવા બીજા પત્રો પણ મળ્યા છે. પક્ષીઓની નાની પરિચયપોથીની યોજના વિચારી જ છે. રંગચિત્રો તૈયાર થાય છે. ઈચ્છા હોય તો આગોતરા ગ્રાહક નોંધાશો?]



આ વર્ષે અમને મોકલાએલાં નૂતન વર્ષના નાનાવિધ અભિનંદન-પત્રોમાં આ એક વિશિષ્ટ પ્રકાર છે. એમાં જણાતી આકૃતિ હાથે આલેખેલી નથી, પણ કુદરતના સાચેસાચા સ-પુષ્પ નાના છોડની ડાંખળી જ કાર્ડ પર નાજુકાઇથી ચોટેલી છે. મૂળ કાર્ડ આનાથી દોઢા જ કદનું છે, એટલાં નાજુક અને લવંડર રંગનાં ફૂલ તથા કોમળ પાનવાળો એ છોડ છે. મોકલનાર: નારાયણ દેસાઇ, ધ્રાંગધ્રા.

કુમાર છૂટક લઇએ તો પણ રૂ. ૯); ગ્રાહક બનીએ તો પણ રૂ. ૯). તો પછી ગ્રાહક બનનારને લાભ શો? ન દિવાળી અંક, ન કોઈ ખાસ અંક. ગ્રાહકને આકર્ષવા માટે ગ્રાહકને કંઇક તો આકર્ષણ રહેવું જ જોઇએ. ડાયરીઓ વધુ સંખ્યામાં છપાવી ગ્રાહકોને કંઈક કન્સેશનથી કાં ન આપો?

જાહેરખબરોની ઊણપ માટે દુઃખ થયું. 'કુમાર'ને જાહેરખબરો ન મળે એ સમજાતું નથી. સાધારણ માસિકોને જાહેરખબરોનો તોટો પડતો નથી. ૧૦૦૦ નકલો બહાર પાડનાર જાહેરખબરો મેળવે છે? ત્યારે આમ કેમ?

(મુંબાઇ) —કુંજવિહારી મણિયાર

[● છૂટક નકલ ૧૨ આનાથી વધુ રાખવા જતાં છૂટક વેચાણ પર વિપરીત અસર થયાનો અનુભવ છે. જાહેરાતના ટેકા દ્વારા આર્થિક સ્થિતિ સુધરે તો ઘણું કરવાની યોજના છે.-તંત્રી]

ઑક્ટોબરના અંકમાં પાન ૩૭૦ પર 'પાણીનું વજન ઘનફૂટ ૮ રતલ, અને પેટ્રોલનું માત્ર ૬·૩ રતલ એમ લખ્યું છે, પણ ખરી રીતે પાણીનું વજન ઘનફૂટે ૬૨·૪ રતલ અને પેટ્રોલનું લગભગ ૫૦ રતલ હોય છે.

(માટુંગા) —રશ્મિ મહેતા

કાગ અને નાગ

· ગાન ·

ઊંચી તે ઝાડ કેરી ડાળીએ બેઠેલ કાગ!
નીચેના બુડની બખોલથી નીકળે નાગ.

ઉપલાણ મારગે વ્હેતા રે જાય
જાણે નાના ઝરણનો વ્હેળો;
ઝાડની તે છાલ જાણે લાગે સરકતી
એવો ભળી જાય ભેળો;
ફાંટાળી જીભ, એની આંખમાં રાતુડી આગ.
નીચેના બુડની બખોલથી નીકળે નાગ.

આખુંયે આભ તારી પાંખથી વીંઝાય
એવું માની ગાફેલ નવ રહીએ,
લીલી તે ડાંખળીનો ઝોક રે ભલો
અલ્યા અડિયલનો આશરો ન લઇએ:
ઝાઝેરા આફરે સૂતેલ હોય તો જાગ!
નીચેના બુડની બખોલથી નીકળે નાગ.

રાજેન્દ્ર શાહ

બુડ=મોટા જંગી ઝાડની બખોલમાંથી નીકળીને ડાળી પર બેઠેલા કાગડાને ડસવા જતા નાગના ચિત્રના આલેખન દ્વારા પ્રબોધ

વળાવીને આવું

· શિખરિણી ·

વળાવીને આવું શિશુ–શિશુજનેતા; ઘર મહીં
બધે કેવી શાંતિ! ઘડી પૂરવનું ક્ષુબ્ધ ભવન
તીણા મીઠા બાલસ્વરથી, ઊભું શું રોકી શ્વસન!
પડ્યું છે ખૂણામાં શિશુનું પ્રિય એ પારણું, અને
મનસ્વી ટોળીનાં શિશુ સમ પડેલાં રમકડાં;
અરે છેલ્લે એનાં બદલી દૂર ફેંકેલ કપડાં
પડયાં પેલા ખૂણે; ભીંત પર લીલાની જ લિપિના
લખ્યા લીટા જોઉં, પડી ય હજી તો પેન્સિલ કને.

થતું જાણે: ભેદી નરી નીરવતા આ ભવનની
મને ઓચિંતા એ પરિચિત સ્વરો કાન પડશે,
છુપાએલું જાણે શિશુ કહીંક તે 'કૂકડી કૂક'
કરી સંતાવાને બદલ ઢૂંઢવા બ્હાર સરશે,
અને જાણે સદ્ય સ્મિતથી કરશે વિસ્મયમૂક.

જયન્ત પાઠક

બહારગામ વળાવેલા બાળકની યાદની મીઠી વેદનાનું આલેખન

· વસંત ·

જાણી શકે બસ મને મુજ પોપચાં કે
કેવો જલે વિરહ-વહ્નિ ઉરે અરે આ;
ને સહાનુભૂતિથકી બેઉ ન રાત્રિમાં યે
અન્યોન્યને મળી શકે...ક્યમ નિંદ આવે?

ગીતા પરીખ

'ગેટ ઈન'

શાન્તિનિકેતનથી હું કલકત્તે જતો હતો. રાત્રે સાડા અગિયારની ગાડી ખાસ્સી કલાકેક મોડી આવી ત્યારે, ઇન્ટરના ડબ્બાનાં બારી-બારણાં બંધ કરી મુસાફરો ઊંઘતા હતા, —એવા, કે એક કાચની બારીમાંથી જોયું તો, અંદર સારી એવી જગ્યા છતાં, અને બારણું ઠોકવાના અવાજથી જાગીને સળવળતા છતાં, ઊઠવાની તસદી લેવાનું એમને મન થતું ન હતું. બીજે જઇને બારણું ઠોક્યું તો પણ એ જ દશા.

ગાડીને થોભવાનો ત્રણેક મિનિટનો સમય પૂરો થવા આવ્યો ને ગાડીએ સીટી મારી. મેં બીજે ડબ્બે દોડી જઈ બારણું ઠોક્યું. ત્યાં તો ગાડી ગતિમાં આવી, ને નિરાશામાં પગ ઢીલા થઈ ગયા. એવામાં તો બારણું ખૂલ્યું ને ચાળીસેકની વયના એક ગોરાએ મારા હાથમાંનું બિસ્તર અંદર ખેંચી લેતાં કહ્યું: 'ગેટ ઈન!'

અંદર જઇને જોયું તો બેત્રણ પાટલીઓ પર એ એંગ્લો ઇંડિયન કુટુંબ સૂતેલું હતું. પુરુષે ખસીને મને જગ્યા કરી આપી. એનો આભાર માની મેં ઉપરના પાટિયે બિસ્તર બિછાવ્યું.

ગાડીના વેગ સાથે અનેક વિચારો વહેતા થયા. સળવળતા છતાં નહિ ઊઠનારા, ને એક જ અવાજે ઊઠી બારણું ઉઘાડનારા, એવા બે પ્રકારના પ્રજાજનોના વર્તન વચ્ચેના આ અંતરનું કારણ શું? નર્યા સંકુચિત સ્વાર્થના આપણા ઘટાટોપને પડછે ગોરા માણસોમાં જ આવી સામાજિક શિસ્ત શાથી કેળવાતી હશે?

સમાજમાં આપણા જેટલો જ અસ્તિત્વનો અધિકાર અન્યને પણ છે, એના ભોગે આપણે એકલા તો એ ન જ ભોગવ્યા કરીએ, બલ્કે કોઈના એ ભોગવટામાં આવતી અડચણ દૂર કરવી એ આપણો ધર્મ છે, એ મૂળભૂત સમજનો અભાવ જ દુનિયાનાં બધાં દુ:ખનું કારણ નથી? આપણે ત્યાં ડગલે ને પગલે નજરે પડતી આ સંકુચિતતા એક યા બીજા રૂપે સર્વ સમાજો સોંસરી, છેક જગતના રાજકારણ સુધી નથી પહોંચી? પંડિત જવાહરલાલ નેહરુએ એમની આગળ મૂકેલો 'સહ-અસ્તિત્વ'નો માર્ગ, એ પેલા ગોરાના 'ગેટ ઈન'નું જ વિશાળ રૂપ નથી શું?

રશિયા–અમેરિકા વચ્ચેનો પ્રશ્ન હોય, સહિયારા કરવાળો પડોશી પોતાનું મકાન સમરાવતો હોય, કે ટ્રેનમાં કોઈ અજાણ્યો ઉતારુ બેસવા આવતો હોય, એ સર્વ સ્થિતિમાં જરૂરી છે પેલા ગોરાના રણકાવાળો, સામાજિક ફરજના ખયાલથી પુનિત, ગૌરવભર્યો ને સ્વસ્થ આવકાર આપતો શબ્દ: 'ગેટ ઈન.'

સ્વસ્થ શૌર્ય અને શિસ્તની ઠંડી તાકાત દાખવતી જગતની

કોઈ કોઈ વખત સાગરરાણાને પણ પોતાની રૂપેરી લહરો પર સવાર થએલાં સફેદ સમુદ્રફીણનાં ફૂલડાંની માળા ગૂંથવાનું કામ ગમતું નથી. અને પછી એ તો નીકળી પડે છે પ્રલયને પારણે ઝૂલવા. એ ઝૂલાની રમતથી હિલોળે ચડેલાં મોજાંઓએ પાથરેલા પ્રકોપમાં ક્વચિત જો કોઈ અંગ્રેજી જહાજ સપડાઇ જાય છે તો તેનો એકેએક નાવિક એ ભૂખી ભૂતાવળના અંધકારમય વાતાવરણમાં પણ 'બર્કનહેડ'ને યાદ કરીને એક અજબ ખુમારી અનુભવે છે. એવા એ કટોકટીના કાળમાં તરત એની સમક્ષ જીવંત બને છે ૧૮૫૨માં એવા જ એક તાંડવમાં સપડાએલા અંગ્રેજ જહાજ 'બર્કનહેડ'ના બહાદુર સાગરખેડુઓની યશગાથા. અને એ જ અમર ગાથા આ પ્રાણ પોકારતા અને કલેજાં ચીરતા સમયે એમનાં હૈયાંને ધબકવાનું જોમ આપે છે, એટલું જ નહિ પણ એ બર્કનહેડના શૂરવીરોની કથા એમને નીડર બનીને મોતના મોંમાં ડગલું ભરવાની કે ક્યારેક આત્મવિશ્વાસ કેળવીને એ મુખમાંથી પાછા આવવાની પણ હિંમત આપે છે. સાત સાગરના ખેડુઓને જાણીતી એ ભયંકર પળે પણ એમનાં હૃદયમાં અવિરતપણે જલતા માનવતાના ચિરાગમાં તેલ પૂરવા અચૂક આવી પહોંચે છે.

હમણાં જ આ કથાએ પ્રેરેલી શિસ્તે અને આત્મકાબૂએ ઉત્પન્ન કરેલું, માનવીની જિંદગીઓની કિંમત સમજાવનારું, ૧૪૯૮ માનવીઓની દુનિયાને ભેટ આપતું પ્રકરણ સમુદ્રના ઇતિહાસમાં ઉમેરાયું છે. ઐતિહાસિકો છો પાનાં ઉથલાવતા–એમને આનો જોટો મળવાનો નથી.

સવારનો સમય હતો. માર્ચની ૨૮મી તારીખે 'એમ્પાયર વિન્ડરશ' નામનું વહાણ ભૂમધ્ય સમુદ્રનાં નીલાં પાણીમાં સેલારા કરતું હતું. સવારના સાત વાગ્યે મુસાફરો ઊઠી ઊઠીને તૂતક પર ટહેલતા ટહેલતા કે આરામખુરશીમાં આરામ કરતા કરતા, ઉષા અને ઉદધિના અપૂર્વ મિલનના આગમનની રાહ જોતા હતા. ત્યાં એકાએક તૂતક ધણધણી ઊઠ્યો ને ગુલાબી ફૂલોનો શણગાર સજીને પ્રિયમિલને નીકળેલી મુગ્ધા શી ઉષાને બદલે મુસાફરોએ તો, એકબીજાને વીંધીને, વીંટળાઈ વળીને આકાશે અડવાની હોડ કરતા કાળા કાળા ધુમાડાના ગોટા નિહાળ્યા! સાગર અને સૂર્યના સમન્વયે ઉત્પન્ન થએલા સોનેરી રંગોને સ્થાને જાણે જહાજ ગરમ નિઃશ્વાસો નાખતું હોય તેવી ફાટતી વરાળોની નળીઓમાંથી અવાજો આવતા હતા. મુસાફરો કંઈ કલ્પના કરે તે પહેલાં તો કલ્પનાએ સ્વરૂપ ધારણ કર્યું અને એક નાવિક લથડતો આવીને તૂતક પર પડ્યો. એને વાળ ન હતા, એની આંખો પર ભ્રમર કે પાંપણ ન હતાં, એનો ગોરો ગોરો ચહેરો બળીને ભડથું બની ગયો હતો, એનો એક ગાલ માંસનો લોચો બનીને લબડતો હતો, અને 'એન્જિન-રૂમમાં આગ લાગી છે' એમ એ પૂરું બોલી રહે એ પહેલાં તો એનો આત્મા ખોળિયામાંથી અનંતની મુસાફરીએ ઊપડી ચૂક્યો!

આગ ફાટી નીકળતાં વેંત જ એન્જિન રૂમમાં રહેલા ત્રણ માણસો તો ત્યાં ને ત્યાં જ મૃત્યુ પામ્યા હતા અને હવે ભૂખી ભૂતાવળની જેમ લબકારા મારતી આગ જહાજને ગળવા મથતી હતી. થોડી જ વારમાં સ્ટીમરનો વચ્ચેનો ભાગ ભઠ્ઠીની જેમ ભડભડવા લાગ્યો. અમલદારો ને નાવિકો ઝડપથી છતાં સંપૂર્ણ સ્વસ્થતાથી પરિસ્થિતિને કાબૂમાં લાવવા પ્રયત્ન કરતા હતા. પહેલાં તો તેમણે આગને આગળ વધતી અટકાવવાનો પ્રયત્ન કર્યો. થોડા અમલદારો બેહોશ ને અસ્વસ્થ બની બેઠેલા મુસાફરોને અણીની પળે હિંમત ન હારવાનું સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

કપ્તાન વિલિયમ વિલ્સને તરત પરિસ્થિતિનું માપ કાઢી લીધું કે આગ બેકાબૂ બની ગઈ હતી. આખા જહાજને ઘેરો ઘાલીને ધુમાડો ચોગરદમ છવાઈ ગયો હતો. એના કાળા ઘેરા પડને ભેદીને રંગબેરંગી જ્વાળાઓ કોઈ વાર ડોકિયું કરી લેતી અને પાછી એ કાજળકાળા દ્વારમાં બિડાઈ જતી. કપ્તાને પલકવારમાં નિર્ણય કરી લીધો ને જહાજને ખાલી કરવાનો હુકમ આપ્યો. પણ આવી પળે જહાજ ખાલી કરવું એટલે શું? દરેકની સામે મોત તરવરી રહ્યું હતું, કારણ કે સૌને ખબર હતી કે સૌને સમાવી-બચાવી શકે તેટલી લાઈફબોટો હતી જ નહીં–બળી જવા પામી હતી. જહાજમાં ૧૨૫ સ્ત્રીઓ, ૮૭ બાળકો અને ૧૭ ઘાયલો સાથે બધાં મળીને કુલ ૧૪૯૮ માણસો હતાં. જ્યારે લાઈફબોટો તો દરેકમાં વધુમાં વધુ ૧૦૦ માણસો બેસી શકે તેવી માત્ર બાર જ નંગ હતી! એટલે દરેકને બચાવી શકાય એવી સંભાવના હતી જ નહિ. છતાં કોઇએ ન કાઢ્યો એક પણ અવાજ કે ન કર્યો કોઇએ લાઈફબોટમાં બેસવા માટે ધસારો! એટલામાં તો કુદરતની એ ક્રૂરતાને તાકાતભર્યો પડકાર આપતો હોય તેવો દૃઢ અને રણકતો અવાજ એક મેગાફોનમાંથી આવવા લાગ્યો: "'બર્કનહેડ'નું આ પુનરાવર્તન થાય છે. તૂતક પર શાંતિથી ખડા રહો ને તમને જગ્યા બતાવવામાં ન આવે ત્યાં સુધી એક ઈંચ પણ ખસશો નહિ."

અને ત્યારે મોતના દારૂણ પંજામાં સપડાએલા એ કાફલામાંથી એક ઑસ્ટ્રેલિયન પત્ની તેના પતિને પૂછતી હતી: "આ 'બર્કનહેડ' વળી શું છે?" અને પતિએ તરત જવાબ વાળ્યો: "'બર્કનહેડ' આમ તો એક જહાજનું નામ છે પણ અત્યારે તો એનો અર્થ જ્યાં સુધી હુકમ ન મળે ત્યાં સુધી ચસકવાનું નહિ એટલો જ." જહાજ આફત સમયે ખાલી કરાતું હોય, લાઈફબોટમાં સ્ત્રીઓ અને બાળકો ગોઠવાતાં હોય, ત્યારે પૂતળાની જેમ સ્થિર ખડા રહેવાની શિસ્તને જ 'બર્કનહેડ શિસ્ત' નામ અપાયું છે એટલો ખુલાસો કરવાના પણ પતિના હોશકોશ રહ્યા નહોતા. પણ સાચે જ, 'એમ્પાયર વિન્ડરશ'ના યાત્રીઓએ બર્કનહેડ શિસ્તને દરિયાનાં મોજાં સાથે તાલબદ્ધ કરી બતાવી! ધુમાડાથી અંધ બનેલા અમલદારોએ જ્યારે પોતાની જગ્યા છોડવા લેશ આતુરતા ન બતાવી ત્યારે મુસાફરોએ પણ, પોતે ઊણા ન રહી જાય તેમ, હારબંધ ઊભા રહીને, એ ફરજ બજાવતા અમલદારોની શિસ્ત ને કાર્યક્ષમતાનો પડઘો પાડ્યો. લાઈફબોટો સ્ત્રીઓ અને બાળકોથી ભરાવા લાગી ત્યારે પિતાઓએ અને પતિઓએ દૂરથી જ પોતાનાં કોટ ને હૅટ કાઢીને હોડીઓમાં ફેંકી પોતાનાં સ્વજનોને વહાલભરી વિદાય આપી.

હજી વીસ મિનિટ પહેલાં તો આ જહાજ હંસની જેમ તરતું હતું, અને અત્યારે લોઢું ગાળવાની ભઠ્ઠી જેટલો અગ્નિ સારો યે જહાજ પર પથરાઈ રહ્યો હતો. બારીઓના કાચ ઇંડાની ફોતરીની પેઠે તડાતડ તૂટતા હતા. હોડીઓ ભરાઇને તૈયાર હતી પણ હજી થોડી ખાલી જગ્યા હતી તેનું શું કરવું તે પ્રશ્ન સૌને મૂંઝવી રહ્યો હતો. પહેલાં કોને જવા દેવા? કર્નલ સ્કૉટે તરત 'બર્કનહેડે' પાડેલો બીજો ચીલો યાદ કર્યો: 'નાના તે પહેલા!' અને તરત એ હારોમાં યંત્રવત્ ફેરફાર થવા લાગ્યા. અમલદારો નાની ઉંમરના માણસોને બાકી રહેલી હોડીમાં ધકેલવા લાગ્યા. જો જહાજ પરના એક પણ માણસે નાવ તરફ જવા પ્રયત્ન કર્યો હોત તો સૌએ તેને અનુસરીને ધસારો શરૂ કર્યો હોત. પણ કોઇએ ખોટી રીતે એક ડગલું પણ ન ભર્યું. જ્યારે છેલ્લી હોડી તરતી થઈ ત્યારે ૭ ઉપર ૩૨ મિનિટ થઇ હતી, અને હજી ૩૦૦ માનવીઓ જહાજ પર હતા! હોડીઓ

અમર સાગરકથા

'બર્કનહેડ'ને પગલે પગલે

વિનોદ મેઘાણી

દૂર દૂર ખસતી ગઈ તેમ એ જહાજ પરના માનવીઓના ચહેરા પર પોતે રહી ગયાનો અસંતોષ નહોતો છલકતો, પણ ત્યાં તો ચમકતી હતી ફરજ અદા કરી ચૂકેલા માનવીની સંતોષભરી રેખાઓ.

કપ્તાનનો પોષાક ચીંરચીરા થઈ ગયો હતો, છતાં એ તો 'કોઈ રહી તો નથી ગયું' તેની ખબર કાઢતો, ગુસ્સાથી પ્રજ્વલિત બનેલા પોતાના આત્મજન જેવા જહાજને ખૂણેખાંચરે ફરીફરીને જાણે તેનાં જલતાં અંગોને પોતાની ઠંડી અદાથી શાંત કરતો હતો. પાછળથી કામ લાગે એ માટે બીજા નાવિકો અને મુસાફરો હવે બારી, બારણાં, પાટિયાં કે થાંભલા જે કાંઈ હાથ ચડયું તે દરિયામાં નાખતા હતા. અને છેવટે, ભારે વસ્ત્રો અને પગરખાં ઉતારીને તૂતકને છેડે ઊભા રહેવાનો સૌને આદેશ મળ્યો. સાથે સાથે (કોઈ અંગ્રેજ બચ્ચાને કહીએ તો અપમાન લગાડે તેવો) અણકથ્યો આદેશ તો હતો જ—બાજુમાં જ તરતી સ્ત્રીબાળકોથી ભરેલી નાવડીઓ પાસે નહીં ઢૂકવાનો!

પગની પાનીએ જ્યારે અગનજ્વાળાઓ ચુંબન કરવા લાગી ત્યારે તેમણે સમુદ્રને ખોળે પોતાનાં મસ્તક મૂકયાં. ક્યાં યે બીજું જહાજ નજરે ચડતું ન હતું. કદાચ બચાવ-કાફલો આવે તો પણ ક્યારે આવે તે કોઈ કહી શકે તેમ ન હતું. આવી વેળાએ પણ, પગ નીચે અગ્નિ બળતો હતો છતાં, વાળ ભમ્મર અને પાંપણ વગરનો એક નાવિક હજુ યે જહાજ પરનાં ખુરશી-ટેબલોને બાંધીને તરાપાઓ બનાવીને દરિયામાં ફેંક્યો જતો હતો! જ્યારે વધારે ખુરશી કે ટેબલ મળવાની સંભાવના ન રહી ત્યારે તેણે પણ સમુદ્રમાં ઝંપલાવ્યું. અને સૌથી છેલ્લે, પોતાનાવહાલામાં વહાલા સ્વજનને અગ્નિદાહ દેતા હોય તેમ, આંસુની ક્યારીઓ છલકાવતા છલકાવતા કર્નલ સ્કૉટ અને કપ્તાન વિલ્સને પણ જહાજની સોડમાંથી વિદાય લીધી.

હાથના બે હલેસા મારીએ તો પણ પહોંચી જવાય એટલે અંતરે સ્ત્રી-બાળકોથી ભરચક હોડીઓ તરતી હતી. દરિયામાંના સૌ માણસો ધારત તો તરીને સહેલાઇથી ત્યાં પહોંચી શકત. પણ તેમણે તો પોતાને મળેલા આદેશ મુજબ જે કંઈ મળ્યું તેને આધારે જ તરવાનું પસંદ કર્યું. કેટલાકે પાણી પર તરવામાં શક્તિહીન બનેલાઓને ટેકો આપવા માંડયો, અને તો પણ એમના મુખ પર અસંતોષની આછી રેખા પણ શોધી જડે તેમ ન હતી.

ત્યાં એકાએક આ દુ:ખઘેરા વાતાવરણને વીંધીને હોડીઓમાંથી આનંદની કિકિયારીઓ સંભળાવા લાગી અને દૂર દૂર ક્ષિતિજમાં, બેહિસ્તમાંથી આવતા ફિરસ્તા જેવી સ્ટીમર તરફ સૌનું ધ્યાન દોરાયું. અને એ વિચિત્ર વાતાવરણમાં આનંદનો કોઇ પાર ન રહ્યો. બીજા અર્ધા કલાકમાં તો બિનતારી યંત્રે લહેરાવેલા વાયુ-સંદેશાના જાદુથી ખેંચાઇને બીજાં ત્રણ જહાજ પણ આવી પહોંચ્યાં. એકેએક મુસાફરને શોધીશોધીને બચાવી લેવામાં આવ્યો અને ૧૦-૧૫ વાગ્યે તો છેલ્લા બલિને પણ સંહારના દેવના પંજામાંથી છીનવી લેવામાં આવ્યો. પોતે કરેલી આટલી મુસાફરીમાં સાથ આપનારા મુસાફરોની શેરદિલ અને શિસ્તને જોઇને સંતોષ પામતું હોય તેમ 'એમ્પાયર વિન્ડરશ' પણ, માનવીની મહત્તાને સલામી આપતાં આપતાં પોતાની કળા સંકેલીને પોતાના ઊંચામાં ઊંચા અંગને પાણીમાં ખેંચી લીધું. જે ચાર જણા એન્જિન-રૂમમાં મૃત્યુ પામ્યા હતા તે સિવાય કોઇનો વાળ પણ વાંકો ન થયો, એ પ્રસંગે જ સિદ્ધ કરી બતાવ્યું કે 'બર્કનહેડ પ્રણાલિકા' જ આવે સમયે સાચી અને મર્દાનગીભરી પદ્ધતિ છે.

આ ઉપરાંત પણ બીજા કંઈક પ્રસંગો આ રીતથી ઊજવાયા છે. ૧૯૦૯ની એક કાજળઘેરી રાત્રે નાન્ટુકેટ ટાપુઓ પાસે બ્રિટિશ સ્ટીમર 'રીપબ્લિક' ખડકોમાં સપડાઈ ગઈ હતી, ત્યારે આ જ પદ્ધતિ અનુસરવામાં આવી હતી. પહેલાં સ્ત્રીઓ અને બાળકો, પછી ઘાયલ અને માંદા મુસાફરો, તે પછી પુરુષ મુસાફરો, ને છેલ્લે નાવિકો અને કપ્તાન. તે દિવસે પણ સાગરને એક પણ જિંદગી સાથે રમત ન થઈ શકવાથી નિરાશ થવું પડયું હતું, એ 'બર્કનહેડ' રીતિનું જ પરિણામ.

'ટિટાનિક'ની વાત તો સાગરખેડુઓના ઇતિહાસમાં એક જ્વલંત ઉદાહરણ આપતી ગઈ છે. ઉત્તર આટ્લાંટિકનાં ઘેરાં વારિનાં મોજાંઓ પર સવાર બનીને ધસમસતા બરફના પર્વતોએ તેને આલિંગન આપવાનો પ્રયત્ન કર્યો હતો. ૨૨૦૧ મુસાફરો જાણતા હતા કે સૌ બચી શકે તેટલી હોડીઓ નથી, અને છતાં 'બર્કનહેડ પ્રણાલી' સામે કોઇએ હરફ પણ ઉચ્ચાર્યો નહિ. જહાજમાં મુસાફરી કરતી કેટલીક જગપ્રસિદ્ધ વ્યક્તિઓએ પણ સ્ત્રી-બાળકોને ભોગે ખાલી કરાએલી હોડીમાં બેસવાનો સાફ ઇન્કાર કર્યો. ૩૭ નાવિકો ને બાકી રહેલા મુસાફરોમાંથી કોઇએ પોતાની જગ્યા છોડવાનો આગ્રહ ન રાખ્યો. માનવીને છાજે તેવી રીતે તેમણે મૃત્યુદેવને આવકાર આપ્યો. એમાં આઠ સંગીતકારોએ પણ મૃત્યુદેવના એ આગમનને વધાવતી બીથોવનની સૂરાવલિઓ લહેરાવતાં લહેરાવતાં જ પોતાનાં પ્રિય સાજ સાથે સમાધિ લીધી.

આ બધા પ્રસંગોએ દાખવવામાં આવેલી શિસ્ત, હિંમત, ધૈર્ય અને સ્ત્રી-બાળકો પ્રત્યેની પ્રેમભાવનાનું મૂળ છે 'બર્કનહેડ'. તાલીમ પામતા એકેએક કિશોર અંગ્રેજ જળ-મરજીવાને ગળથૂથીમાં જ 'બર્કનહેડ'નો પાઠ શીખવો પડે છે, એટલું જ નહિ પણ પોતાની નસમાં વહેતા લોહીમાં પણ એ પાઠને એકરસ કરી નાખવો પડે છે. એટલે આખરે, આ 'બર્કનહેડ' શું છે તેનો જવાબ દેવો જ રહ્યો.

'બર્કનહેડ' એક લશ્કરી જહાજ હતું. તેમાં સૈનિકો પણ હતા અને સાથે તેમના કુટુંબકબીલા પણ હતા. દક્ષિણ આફ્રિકાની મંઝિલે પહોંચતા આ જહાજ સાથે, કેપટાઉનથી ૪૦ માઈલ દૂર, પાણીમાં છુપાએલા ખડકોએ ટક્કર લીધી. ૧૦ મિનિટમાં જ જ્યારે ફિક્કા ચહેરાવાળા માનવીઓ તૂતક પર ગડથોલિયાં ખાતા હતા ત્યારે ફરી બીજો આંચકો લાગ્યો ને જહાજના બે કટકા થયા! આગળના ભાગ પર સમુદ્રનો વિશાળ જળરાશિ ફરી વળ્યો તો પણ તેમાંથી બચીને સૌ પાછળના ભાગ પર પહોંચી શકયા. સ્ટીમર પરના ૬૩૦ મુસાફરોમાંથી ૧૭૦ સ્ત્રીઓ ને બાળકો હતાં, જ્યારે દરેકમાં ૬૦ માણસોનો સમાસ થાય તેવી ત્રણ જ હોડીઓ હતી. આ તરફ જહાજ ઝડપથી પાણી નીચે અદૃશ્ય થતું જતું હતું. થોડી પળોમાં નિર્ણય લેવાય તો જ થોડા માનવીઓને પણ બચાવી શકાય તેમ હતું. જેમને હોડીમાં જગ્યા ન મળે તેમની સામે ટોળે વળતી શાર્ક માછલીઓ પોતાની ભૂખ સંતોષવાની રાહ જોતી ઊભરાતી હતી. જહાજ પર વિગ્રહ થવાનો ભય પણ હતો જ. ત્યાં તો કમાન્ડર સિડની સીટને સૌને તૂતક પર હારમાં ખડા રહેવાનો હુકમ આપ્યો, અને સેંકડો સૈનિકોએ પોતાના નસીબને સ્વાભાવિક માનીને સત્કાર્યું. ત્રણ હોડીઓમાં સ્ત્રીઓ ને બાળકોને બેસાડવામાં આવ્યાં. અને જ્યારે છેલ્લી હોડીએ જહાજની ગોદમાંથી

કાશ્મીરનું ત્રિક-દર્શન

કાશ્મીરના આખા યે સાંસ્કૃતિક ઇતિહાસનું આધારબિંદુ એટલે એનું **'ત્રિક-દર્શન.'** એ શબ્દની અંદર જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા, એ ત્રણે શક્તિઓ સમાઈ જાય છે. જ્ઞાન એ ફિલસૂફીનો વિષય છે, ઇચ્છા એ કલાનો વિષય છે અને ક્રિયા એ વ્યવહારનો વિષય છે. 'ત્રિકદર્શન' આ ત્રણે બાબતોને છણે છે. આ દર્શન કાશ્મીરનું આગવું છે, કેમકે કાશ્મીરના કેસરની જેમ એ પણ ત્યાંની ભૂમિમાં જ ફ્ર્યુંફાલ્યું છે.

ભારતની તમામ ફિલસૂફીનું જાણે સમીકરણ (synthesis) હોય તેવું આ દર્શન છે. વેદાંતની જ્ઞાન-પ્રણાલિકા, વૈષ્ણવમતની ભક્તિ-પ્રણાલિકા અને યોગની કર્મ-પ્રણાલિકા એ ત્રણેની એકવાક્યતા કરનાર ત્રિક-દર્શન ખરેખર કાશ્મીરની ભૂમિનું સુંદરમાં સુંદર ને મિષ્ટમાં મિષ્ટ ફળ છે.

એમાં મુખ્ય ભાર હૃદયની સૂક્ષ્મ વૃત્તિઓ પર છે. એ વૃત્તિઓને 'કલા' કહેવામાં આવે છે. કલા શબ્દ ગ્રીક 'કેલોસ' અને સંસ્કૃત 'કલ્યાણ'નો પર્યાય છે. અંગ્રેજીમાં જેને 'art' કહીએ તે અર્થમાં તે નથી વપરાતો પરંતુ તેમાં સૌંદર્ય અને સત્ય ઉપરાંત સંયમનો પણ સમાવેશ થાય છે.

ત્રિકદર્શન પ્રમાણેનું આદર્શ જીવન એટલે એકલો જ્ઞાનયોગ નહિ, એકલો ભક્તિયોગ નહિ, એકલો કર્મયોગ પણ નહિ, પરંતુ એ ત્રણેનું સૂરીલું સંગીત છે. સૌંદર્યની ભાવના પ્રેમથી પરિપુષ્ટ થાય છે, તેથી પ્રેમ એ કલાનું હૃદય છે. સૌંદર્યનું દર્શન સત્યની નિષ્ઠાથી સ્પષ્ટ થાય છે એટલે સત્ય એ કલાનો પ્રાણ છે. સૌંદર્યનું સર્જન સંયમથી જ શોભે, તેથી સંયમ એ કલાનો આત્મા છે. ત્રિકદર્શનનું સારદોહન એ છે કે માનવજીવન એ કલા છે—હોવી જોઇએ; અને પ્રેમ, સત્ય તથા સંયમ એ ત્રણેના સહકારથી જ જીવનમાંથી રસાસ્વાદ નિષ્પન્ન થાય છે.

ત્રિક દૃષ્ટિ પ્રાપ્ત કરવાથી મનુષ્ય શાંત, ધન અને પ્રસન્ન બને છે. એકલા વિચારભારથી માનવ વિકાસ સાધી શકતો નથી; તેમજ એકલી આધિભૌતિક સૌંદર્યદૃષ્ટિએ—Art for art's sakeથી પણ નહિ.

આ દર્શનનો સવિશેષ આગ્રહ આત્મસ્વાતંત્ર્ય ઉપર છે. સ્વાતંત્ર્ય એ જેમ રૂઢિનો વિરોધી ધર્મ છે તેમ સ્વચ્છંદનો પણ વિરોધી ધર્મ છે. સ્વાતંત્ર્યની પ્રાપ્તિ 'શિવ' દૃષ્ટિથી થાય છે અને શિવદૃષ્ટિનો ઉદય પ્રેમ, સત્ય અને સંયમથી થાય છે. કાશ્મીરના અભિનવગુપ્ત, ક્ષેમરાજ, ઉત્પલ સોમાનંદ ઇત્યાદિ તત્ત્વચિંતકો, આ ત્રિક દૃષ્ટિને જ સંપૂર્ણ માને છે. એમની આ ભાવના, એમની દૃષ્ટિ ગ્રીક ભાવનાને ઘણી મળતી છે.

ત્રિકદર્શનમાં મુખ્યત્વે ત્રણ વિષયોની ચર્ચા છે: (૧) માનવ, (૨) માનવની સૃષ્ટિ, (૩) માનવ ને તેની સૃષ્ટિ વચ્ચેનો સંબંધ. માનવને આધારબિંદુ કલ્પીને આ દર્શન પોતાના સિદ્ધાંતો મૂકે છે. માનવ એ આધારબિંદુ હોવાથી ત્રિક એ કેવળ પદાર્થવિજ્ઞાન નથી. સૃષ્ટિ એ પણ ચૈતન્યની એક ભૂમિકા હોવાથી ત્રિક એ કેવળ મનોવિજ્ઞાન પણ નથી.

માનવને આધારબિંદુ તરીકે લેવાથી માનવની અંદર રહેલું ચૈતન્ય એ શી વસ્તુ છે તેનું ત્રિક-દર્શનમાં ઘણુ ઊંડું ચિંતન કરવામાં આવ્યું છે. મનુષ્યના કામ-ક્રોધ-લોભ-મોહ વગેરેના સાક્ષી તરીકે જે સ્થાયી તત્ત્વ છે તેને 'આત્મા' કહેવાય છે. પરંતુ વેદાંત-દર્શનની પેઠે ઈશ્વર અને આત્મા એક જ વસ્તુ છે એવા પ્રતિપાદનથી જ ત્રિક દર્શન અટકતું નથી. એ એકતા કેવા પ્રકારની છે, દ્રષ્ટાની સાથે દૃશ્યનો સંબંધ કેવો છે, એ સંબંધ સ્થિર છે કે પરિવર્તનશીલ છે, અને જો પરિવર્તનશીલ છે તો તેમાં સ્વાતંત્ર્ય છે કે નહિ, અને જો સ્વાતંત્ર્ય છે તો એ સ્વાતંત્ર્ય કેવી રીતે અનુભવાય છે ઇત્યાદિ વિષયોનાં ગહન ચિંતનો એમાં છે.

માનવીની પ્રગતિમાં ત્રિકદર્શન શ્રદ્ધા ધરાવે છે. ભાવનાઓ અને મનોવ્યાપારો સમુત્ક્રાંતિના ધોરી રસ્તે છે અને મન તથા ઇન્દ્રિયો સૂક્ષ્મ, સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ બનતાં જાય છે એવું પ્રતિપાદન તેમાં છે. માનવીની સમુત્ક્રાંતિ સર્વતોમુખી છે, ઐકાંતિક નથી; તેથી ત્રિકદર્શનમાં સંસારને અસત્ય માન્યો નથી. ઈશ્વરની અનંત શક્તિની જુદીજુદી ભૂમિકાઓનો અનુભવ સત્ય, સંયમ ને પ્રેમથી કરવાનું વિધાન તેમાં છે.

ત્રિક સાહિત્ય ત્રણ વ્યૂહોમાં વહેંચાયું છે: પહેલો 'આગમશાસ્ત્ર'નો છે, આગમ એટલે પરાપૂર્વનું જ્ઞાન; બીજો 'સ્પંદશાસ્ત્ર'નો છે, સ્પંદ એટલે ચૈતન્યનો વેગ; ત્રીજો 'પ્રત્યભિજ્ઞાશાસ્ત્ર'નો છે, પ્રત્યભિજ્ઞા એટલે અનુભૂતિ; અનુભૂતિ સૂક્ષ્મમાં સૂક્ષ્મ બનતાં 'ઈશ્વર પ્રત્યભિજ્ઞા' કહેવાય છે.

ઈશ્વર પ્રત્યભિજ્ઞાનું સ્થિર સ્વરૂપ તે આપણો આત્મા. તેનું વેગવાળું સ્વરૂપ તે જગત. બંને સ્વરૂપોની એકતાનું જ્ઞાન તેનું નામ તત્ત્વદૃષ્ટિ.

કાશ્મીરની સૌંદર્યભાવના આધિભૌતિક નથી પણ આધ્યાત્મિક છે. વધારે સ્પષ્ટ કરીએ તો રસાસ્વાદને અનુરૂપ આદર્શ નહિ, પરંતુ આદર્શને અનુરૂપ રસાસ્વાદ, એ છે કાશ્મીરની—ત્રિક-દર્શનની સૌંદર્ય-ભાવના.

યશોધર નર્મદાશંકર મહેતા

વિદાય લીધી ત્યારે સમુદ્ર પર સરકતી ત્રણ હોડીઓની સામે 'બર્કનહેડ'ના તૂતક પર લાલ રંગના કોટ પહેરેલા સૈનિકોની હારો એ જ સ્થિતિમાં ઊભી હતી, અને જ્યાં સુધી ધૂઘવતા સાગરની જલપરીઓએ તેમનાં મુખોને પોતાના પાલવનું કફન ઓઢાડયું ત્યાં સુધી તેઓ ઊભા જ રહ્યા! મદદ આવે તે પહેલાં જ ૪૩૬ માનવીઓએ જલશિખરોની ખીણોમાં પોતાની કબરો વસાવી લીધી હતી. એ સૌની સાથે તરતા રહેવાનો છેલ્લો પ્રયત્ન કરનારાઓમાં કર્નલ સીટન પણ હતા; પરંતુ અચાનક જ તેમણે પોતાની નજીક ડૂબતા બે કિશોરોને જોયા ને એનું અંગ્રેજ પ્રેમનું ખમીર ઊછળી આવ્યું. તરત પોતાનું પાટિયું એ બે કિશોર તરફ ધકેલી દઇને પોતે એ અગાધ જલધિજલદલમાં પળભરમાં ગાયબ બન્યા.

બચેલા કપ્તાન જ્હૉન રાઇટે પાછળથી જણાવ્યું, 'કોઇએ હુકમનો અનાદર નહોતો કર્યો. જાણે જહાજ પર ચડતી વેળાના જ હુકમોનું પાલન થતું હોય તેમ સૌએ પોતાની અંતિમ પળે પણ સ્વસ્થતા ખોઈ ન હતી.'

બર્કનહેડની આ શૌર્યકથાએ અંગ્રેજ સામ્રાજ્યના રહેવાસીઓનાં હૃદયને હચમચાવી દીધાં. કંઈક દેશોમાં એમને માટે સ્મારકો રચાયાં. 'બર્કનહેડ' ડૂબ્યું તે પહેલાં જ્યારેજ્યારે જહાજ આફતમાં આવતું ત્યારે સૌસૌને ફાવે તેમ પોતાના બચાવની ગોઠવણ કરી લેતા. પરિણામે સશક્ત માણસો હોડીઓમાં ચડી બેસતા અને અબળાઓ તથા બાળકોને જળદેવતાની દયા પર છોડી દેવામાં આવતાં. પણ ત્યાર પછી ઈ.૧૮૫૨માં 'બર્કનહેડે' પાડેલી આ પ્રણાલિકાએ જે અસંખ્ય જીવો બચાવ્યા છે તેમાં ગયા વર્ષે માર્ચમાં બચેલા 'એમ્પાયર વિન્ડરશ'ના ૧૪૯૮ માનવીઓનો ઉમેરો થયો છે.

એને માટે ભલે હજારો સ્મારકો રચો, પણ બુઝાઈ જતી માનવતાને જલતી રાખવાના પ્રયત્નમાં સફળ નીવડેલ 'બર્કનહેડે' પાડેલી પ્રણાલિકાનો પ્રાણને ભોગે પણ અમલ કરવો તેનાથી મોટું 'બર્કનહેડ'નું સ્મારક હોઈ શકે ખરું?

('Readers' Digest'માંથી)

યુગોસ્લાવિયાનો રાષ્ટ્રનાયક માર્શલ ટીટો



દક્ષિણ યુરોપના ઠંડા પ્રદેશો વચ્ચે છ પાંખડીવાળું એક પુષ્પ સંતાએલું છે. એ છે યુગોસ્લાવિયા અને, છ એની પાંખડીઓ છે તેના છ સૌંદર્ય-નીતરતા પ્રાંતો—સર્બિયા, સ્લોવેનિયા, બોસ્નિયા-હર્ઝોગોવિના, મેસીડોનિયા, મોન્ટેનિગ્રો અને ક્રોએશિયા.

એ પૈકી, પુશ્કિન અને બાયરન જેવા કવિસમ્રાટોની કલમે કાવ્ય-પ્રશસ્તિ પામી ચૂકેલા ક્રોએશિયાના કુમરોવેક નામના એક ગામડામાં માર્શલ ટીટોનો જન્મ ૧૮૯૨ના મે માસની ૨૫ તારીખે થયો. તેનું મૂળ નામ છે જૉઝા બ્રૉઝ. તેના માબાપને કુલ ૧૫ બાળકો હતાં જેમાં જૉઝાનો નંબર સાતમો હતો. જૉઝાનો બાપ ફ્રાન્જો ગરીબ સ્થિતિનો પરંતુ ઘોડાના વેપારનો રસિયો હતો. ઘોડા વેચવાના શૉખને કારણે તે ગામેગામ ફરતો, પરંતુ હમેશ નિરાશ થઇને પાછો આવતો. છતાં એનો વેપાર-ચસ્કો એવો હતો કે તેણે પોતાનાં ખેતરવાડી વેચવા માંડયાં. પણ જૉઝાની મા માઈકા જરા જુદી હતી. પાછળ જે કંઈ વધ્યું હતું તેના રક્ષણ માટે તેણે આભ-પાતાળ એક કરવા પ્રયત્ન કર્યો; પરંતુ ખેતરવાડી કટકે કટકે અદૃશ્ય થતાં જ ગયાં અને આખરે જ્યારે બધી જમીન આ રીતે વેચાઈ ગઈ ત્યારે જૉઝાની માને પારકે ઘેર નોકરી-ચાકરી કરીને કુટુંબને પાળવું-પોષવું પડયું. જૉઝાની આસ્થાળુ માતા તેને ધર્મનાં ગીત શીખવતી ને ગવડાવતી તથા તેને વારંવાર દેવળે પણ મોકલતી. એક વાર તો એ દેવળે ગયો ત્યારે ત્યાંના એક પીધેલ પાદરીએ તેને પોતાનાં કપડાં કાઢી આપવા કહ્યું! નાનકડો જૉઝા પાદરીના ઝભ્ભાને ગળા પરથી બરાબર કાઢી શકતો નહોતો, કારણ કે તે ત્યાં આંબી જ નહોતો શકતો! અને દારૂથી ચકચૂર બનેલા પાદરીનો પિત્તો ગયો. ખરાબ શબ્દોની એક ઉપર એક એમ ઝડી વરસાવી તેણે તેને લાત મારી દૂર ફેંકી દીધો. એ પ્રસંગને સંભારતાં ટીટો લખે છે: 'અલબત્ત, એ પાટુ અને અપશબ્દોએ ત્યારથી મને 'વેદિયો' બનતો અટકાવી દીધો.'

વિદ્યાર્થી જૉઝાને જોકે પુસ્તકો વાંચવાં ગમતાં, પણ તેને સૌથી મોટું આકર્ષણ હતું હાથથી કામ કરવાનું. હોટેલ-બૉયને જોઇને ઘડીભર તેનું કામ બજાવવા તલપી રહેતો જૉઝા 'એ ગુલામીભરી નોકરી છે' એમ નક્કી કરી તેમાં ન પડતો. હા, દરજીના કામમાં એવી ગુલામી નહિ, પરંતુ તે તો માણસનો ધંધો ન કહેવાય. આખરે તેણે બસમાં કામ કરતા છોકરા તરીકેની નોકરી સ્વીકારી! અહીં એણે પોતાનું મિત્રમંડળ વધાર્યું. તેના લગભગ બધા જ મિત્રો ઈજનેરી પેઢીઓમાં કામ કરતા. આ લોકો જૉઝાને સાચા ગૌરવશીલ માનવ લાગતા. તેમના જેવા બનવા અને એવી નોકરી મેળવવા તેણે પાઈએ પાઇનો હિસાબ રાખવા માંડયો. આખરે ત્યારના બાર વરસના એ જૉઝાનું ઈજનેરી પેઢીમાં વ્યવસાય કરવાનું ધ્યેય, કારાસ નામના એક ઈજનેરી પેઢીવાળાને ત્યાં કામ મળતાં પાર પડયું. કારાસને તેનું કામ ગમ્યું, પણ નામ ન ગમ્યું. 'જૉઝા' નામ ન ગમવાથી તેણે તેને નવું જૉસિપ નામ આપ્યું અને ત્યારથી તે એ નામે ઓળખાવા લાગ્યો. એ પેઢીમાં જૉસિપનો ફોરમૅન કાર્લ શ્મિટ્ કરીને એક જર્મન હતો. આવેગભર્યા અનેક વિચારોના ખજાના જેવા કાર્લ પાસેથી જૉસિપ જર્મન ભાષા અને સાથોસાથ આજુ-બાજુનું રાજકીય વાતાવરણ પણ યથાર્થરીતે સમજતાં શીખ્યો.

૧૯૧૦માં પોતાની તાલીમ પૂરી થઈ ત્યારે જૉસિપ યુવાનીમાં ડગ ભરી રહ્યો હતો. કંઈ કંઈ કરી નાખવાની ઇચ્છાઓ અને થનગનાટને સંતોષવા તેના ફોરમૅને તેને એક સારો મજૂર બનવા અને વહેલામાં વહેલી તકે કામદાર સંઘના સભ્ય બની જવા ભલામણ કરી ત્યારે તે સત્તરમા વર્ષમાં પ્રવેશ કરી રહ્યો હતો.

સમયના વહેણ સાથેસાથે જૉસિપે પણ એકથી બીજી જગ્યાએ ઘૂમવાનું શરૂ કર્યું. ૨૧ વર્ષમાં તો તેણે કેટલા યે ઈજનેરી કાયદાઓને હાથ નીચે કાઢી નાખ્યા. પણ અચાનક જ ઑસ્ટ્રો-હંગેરિયન સામ્રાજ્યના લશ્કરમાં જોડાવાનું તેને તેડું આવ્યું અને સાથેસાથે તે કારીગર-માંથી સૈનિકની દુનિયામાં પલોટાવા લાગ્યો. લશ્કરી દુનિયામાં ડગ ભરતાં જ તેણે પોતાના પહેલા પરિવર્તનનો પમરાટ અનુભવ્યો. ૧૯૧૪-માં પહેલું મહાયુદ્ધ સળગી ઊઠયું અને યુવાન સાર્જન્ટ-મેજર બ્રૉઝને મોરચા પર મોકલવામાં આવ્યો. પોતાની કામગીરી બજાવતાં બજાવતાં તેની પીઠ પાછળ સંગીનો ચમકી ઊઠી અને જોતજોતાંમાં વીજળીની જેમ એક ઊંડો ઘા કરીને સરકી ગઈ. ઘાયલ બનેલો બ્રૉઝ પકડાઈ ગયો અને રાજકીય કેદીઓની એક હૉસ્પિટલમાં ૧૩ માસનો ફરજિયાત ખાટલો પથરાયો. બેદરકારીનો ભોગ બનીને તે ન્યૂમોનિયાના પંજામાં ઝડપાયો અને થોડા સમય માટે તો તે મૃત્યુના પ્રહરીની રાહ જોવા લાગ્યો. પણ માંદગીમાંથી તે જીવી ગયો, અને તેને સૌ કેદી સૈનિકો સાથે યુરલ પર્વતની પાર સાઈબિરિયા લઈ જવામાં આવ્યો. અહીં પણ તેના આત્માને આરામ ન હતો. કેદીઓની નિઃસહાય સ્થિતિનો અયોગ્યરીતે લેવાતો લાભ જોઇને તેનો સંત્રસ્ત આત્મા એ અન્યાય સામે પોકારી ઊઠયો અને થોડા જ સમયમાં તણખામાંથી આગ ઝરવા લાગી. રેલવેનો એક અધિકારી માંદા કેદીઓ માટે આવતાં ફળોનાં પાર્સલોને પોતાને માટે વાપરતો, એ તેણે જાણ્યું ત્યારે એ અધિકારી સાથે ઝગડો શરૂ કર્યો અને પરિણામે તેને ખોટા આરોપસર પકડી, કામ ચલાવીને તુરંગમાં પૂરવામાં આવ્યો. એ જ અરસામાં રૂસમાં ક્રાંતિનો દાવાનળ ભભૂકી ઊઠયો અને બ્રૉઝે મુક્તિની હવામાં શ્વાસ લીધો.

હવે તેણે ધીરજ અને સાવચેતીથી ડગલાં ભરવા શરૂ કર્યાં. કંઈક જાસૂસી જાળોને હાથતાળી આપીને એ પેટ્રોગ્રાડને માર્ગે પડયો. રૂસમાંથી પ્રસરતાં ક્રાંતિનાં અગમ્ય બળોનું ઊગમસ્થાન હતું પેટ્રોગ્રાડ—જાણે લાલ તીખારા વેરતો ફુવારો! અહીં આવીને તેણે ઝારના તંત્રના પાયા ડગમગતા નિહાળ્યા. એ રક્તરંગની ઉષાનાં કિરણો બનેલા બોલ્શેવિકોએ તેને સાદ પાડયો અને કામગારમાંથી સૈનિકની કક્ષાએ તેને પહોંચાડનારી તેની પ્રક્રિયા પલટાઇને તેનું બીજું પરિવર્તન શરૂ થયું. સૈનિકના અંચળા ઉતારીને તેણે પોતાની જાતને ક્રાંતિકારીના લાલ રંગનાં સાજ સજાવ્યાં.

રશિયન ક્રાંતિમાં સક્રિય ભાગ લઇને હવે તેણે પોતાના દેશ તરફ નજર કરી અને પોતાના પિતૃદેશને યુગપરિવર્તનના રંગે રંગવા તેણે નિશ્ચય કર્યો. ઓમ્સ્કમાં ૧૬ વર્ષની રશિયન યુવતી પેલાઝિયા બેલુસ્નોવા સાથે લગ્ન કરીને તે સ્વદેશ આવ્યો ત્યારે દેશના રાજશાહી તંત્રે તેના સ્વાગતની તૈયારીઓ કરી રાખી હતી! એટલે યુગોસ્લાવિયાની ધરતીને સ્પર્શ કર્યા પહેલાં જ પ્રસૂતિકાળને આરે આવેલી પત્નીને છોડી તેણે પોતાની જેલયાત્રાનો આરંભ કરી દીધો!

જેલમાંથી છૂટીને એક ગામડામાં થોડો સમય આરામ કરીને ફરી એક વાર તેણે મજૂર સંઘોની પ્રવૃત્તિને સંગઠિત બનાવવા કમર કસી. ૧૯૨૫માં તેને કાર્લજેવીકા નામના બંદર પર ગોદી કામગારોનું સંગઠન કરવા મોકલવામાં આવ્યો. છુટ્ટા છુટ્ટા વેરાએલા મોતીના દાણાઓને વીણીને તેણે મજૂરોને એક સુંદર, શિસ્તબદ્ધ અને ઉમંગભર્યા સંઘની સોયમાં પરોવી લીધા. એક વર્ષ પછી, મજૂરોને મહિનાઓથી પગાર નહિ મળ્યા હોવાથી તેણે હડતાળ શરૂ કરાવી. આખરે તેનો વિજય થયો અને મજૂરોને તેમના પૈસા મળી ગયા, પણ નોકરીમાંથી છુટ્ટા કરાએલા કામદારોની યાદીમાં તેનું નામ સૌથી પહેલું હતું!

હવે સૌને લાગવા માંડ્યું કે જૉસિપ શક્તિશાળી આદમી છે પણ તેનો ઘણોખરો સમય મજૂર સંઘો અને પેટા સમિતિઓમાં બરબાદ થાય છે તે અયોગ્ય છે. તરત તેને ઝાગ્રેબ શહેરના અને પછી સારા યે ક્રોએશિયાના મેટલ વર્કર્સ યુનિયનનો મંત્રી બનાવવામાં આવ્યો. આ વિશાળ ક્ષેત્રમાં પ્રવેશ કરતી વેળા તેનું વય ૩૫ વર્ષનું હતું.

૧૯૨૮ની શરૂથીજ યુગોસ્લાવિયાના આંતરિક રાજકારણમાં ઉથલપાથલ થવા લાગી અને દિનરોજર પરિસ્થિતિ તંગ બનતી જ રહી. પોલીસ મજૂર સંઘોને ગૂંગળાવી દેવા મરણિયો પ્રયાસ કરતી હતી. આ દરમ્યાન જૉસિપ ફરી એક વાર પકડાયો અને પાંચ વર્ષની સખ્ત મજૂરીની કેદની સજા તેને માથે ઠોકાઈ. આખરે ૧૯૩૪માં પોતાના ગામડામાં જ રહેવું અને રોજ સત્તાવાળાઓ પાસે હાજરી નોંધાવવી એવી શરત સાથે તેને છોડવામાં આવ્યો. બહાર આવતાંવેંત તેણે પક્ષની સાથે દોરીસંચાર શરૂ કરી દીધો અને એક દિવસ પોલીસને થાપ આપીને ગામમાંથી વહેતું મૂક્યું. પણ પોલીસ તેની પાછળ જ હતી. જાસૂસોના હાથમાંથી છટકવા તેણે 'રૂડી' નામ ધારણ કર્યું, પણ આ નામ તો બીજા માણસનું પણ છે એમ જાણીને તેણે 'ટીટો' નામ ગ્રહણ કર્યું. આ નામનો ઉપયોગ તે ભાગ્યે જ કરતો, પણ ૧૯૩૮ પછી આ નામ એટલું તો પ્રચલિત બન્યું કે આજે તેનું મૂળ નામ બહુ ઓછા જાણે છે!

ઝાગ્રેબ પાછા આવીને પક્ષ(સામ્યવાદી)ને સદ્ધર બનાવવા પ્રયત્ન કરતાં તેણે જોયું કે પક્ષની મોટામાં મોટી નબળાઇ એ હતી કે નેતાગીરી દેશની બહાર હતી. મોટા ભાગના નિર્ણયો ક્રેમલિનના માંધાતાઓ જ કરતા અને પૂર્વભૂમિકાની તેમને કંઈ ખબર ન હોવાથી એ નિર્ણયો અયોગ્ય અથવા સમયને અનુરૂપ ન હતા. તે ઉપરાંત પક્ષના નેતાઓની વરણી યુગોસ્લાવિયામાં રહીને દેશસેવા કરતા માણસોમાંથી નહિ, પણ મૉસ્કોમાં હાજર હોય તેવા યુગોસ્લાવિયન પૂતળાંઓમાંથી થતી, જેઓ ઘરઆંગણે હાથમાં મસ્તક રાખીને ફરનારા અને સ્વતંત્રતા માટે મથતા બહાદુરો પર કદી વિશ્વાસ ન કરતા. ટીટોએ મનમાં નોંધી લીધું કે ગમે ત્યારે પણ આ વસ્તુને નિવારવી જ પડશે.

૧૯૩૪માં થએલી ચૂંટણીમાં તે કાર્યવાહી સમિતિમાં ચૂંટાયો અને થોડા દિવસોમાં તેની પ્રથમ મૉસ્કો-યાત્રાનો પ્રારંભ થયો. ૧૯૩૫માં મૉસ્કોથી પાછો વળ્યો અને આ તરફ રાજકીય બનાવો જોર પકડવા લાગ્યા. ૧૯૩૫માં જ સારી યે કાર્યવાહીને મૉસ્કોએ પદભ્રષ્ટ કરીને નવી સમિતિ નીમી. આમાં પણ ટીટોને મહત્ત્વનો હોદ્દો મળ્યો. વળી થોડા સમયમાં પક્ષનો મુખ્ય મંત્રી પદભ્રષ્ટ થયો અને એ જગ્યા ટીટોને સોંપવામાં આવી. આ સાથે ટીટોએ પોતાની જિંદગીનું એક વધુ પરિવર્તન નિહાળ્યું. પોતે નેતા બનવાનાં તો સ્વપ્નાં પણ નહોતાં સેવ્યાં, અને છતાં જવાબદારી આવી પડતાં તેણે હિંમત અને કુનેહથી તે કામ શરૂ કર્યું. સૌથી મોટામાં મોટું કાર્ય તો ક્ષિતિજ પર ચમકતા ભયની સામે લડવા દેશને કટિબદ્ધ કરવાનું હતું. જ્યારે પક્ષનું સંચાલન હાથમાં લીધું ત્યારે તેના ૬૦૦૦ સભ્યો હતા, પણ થોડા જ સમયમાં એ સંખ્યા બેવડાઈ ગઇ, અને ૨૧ વર્ષની નીચેના યુવાનો માટે ચાલતી સંસ્થાનો આંકડો તો ૨૫,૦૦૦ ને પણ વટાવી ગયો.

બીજું મહા યુદ્ધ શરૂ થતાં જ યુગોસ્લાવિયા પર હિટલર અને મુસોલિનીનો બે-પાંખી હુમલો આવી પડ્યો. યુગોસ્લાવિયાના રાજા પ્રિન્સ પૉલે લાંચ આપીને સ્વદેશાભિમાનને લાંછન આપે તેવા કરારો કરી આ હુમલો ખાળવાનું નક્કી કર્યું ત્યારે સારા યુગોસ્લાવિયાની પ્રજાએ એ દિવસે શોક પાળ્યો. બે દિવસમાં હવાઇ દળના બે અધિકારીઓએ લશ્કરી બળવો કરીને પ્રિન્સ પૉલને કેદ કરી લીધો. રાજાશાહી પડી ભાંગતાં જ દેશ નેતાવિહોણો બન્યો. ટીટો તો તકની રાહ જોતો જ બેઠો હતો. તરત તેણે દેશને આર્થિક, સામાજિક અને રાજકીય ક્રાંતિનાં પગલાં ભરાવવાં શરૂ કર્યાં, હિટલરશાહી સામે મૃત્યુ પર્યંત લડી લેવાના પ્રજા પાસે શપથ લેવરાવ્યા અને કામદારોને પોતપોતાનાં ગામડાંમાં પહોંચી જઇને નાઝીવાદ સામે લડવાની તૈયારી કરવા હાકલ કરી. હવે તેણે લશ્કરને પણ પોતાના સંચાલન નીચે લઇ લીધું અને ક્રાંતિકારી નેતા 'જૉસિપ બ્રૉઝ ટીટો' 'માર્શલ ટીટો' બન્યો.

એની નેતાગીરીમાં કલંકનો કાળો ડાઘ કદી નથી લાગ્યો. એનું વ્યક્તિત્વ, પ્રજાના હૈયામાં સ્થાન પામવાની એની શક્તિ, એના વિચારોની સાદી સમજણ તેમજ સચોટ નિર્ણયશક્તિ, લાંબો અનુભવ અને અખૂટ હાસ્યરસના ભાગ્યે જ જોવા મળતા સમન્વયે હમેશાં અણીની પળે બતાવી આપ્યું છે કે આંતરરાષ્ટ્રીય કે રાષ્ટ્રીય પ્રશ્નોની આંટીઘૂંટીભરી કરાડો વચ્ચેથી યુગોસ્લાવિયાના જહાજનો સુકાની બનવા તે સંપૂર્ણ લાયકાત ધરાવે છે. બે વર્ષના તેના અથાગ પ્રયત્નને અંતે ૧૯૪૪ના મે માસમાં દેશને પોતાની મહામૂલી સ્વતંત્રતા મળી અને તરત ૧૯૪૫માં જાહેર ચૂંટણીઓ શરૂ થઈ ત્યારે બંધારણ સભાએ અને સમસ્ત પ્રજાએ તેના એકેએક પ્રસ્તાવને ભવ્ય બહુમતી અને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો. ને આમ યુગોસ્લાવિયા સામ્રાજ્યવાદની શૃંખલા તોડીને મુક્તિને પંથે વળ્યું ત્યારે તેના તંત્રનો સુકાની બીજો કોણ ચૂંટાઈ શકે!

સત્તા પર આવીને તરત તેણે અન્ય દેશોએ સૂચવેલા આત્મઘાતી માર્ગ, ફક્ત અંધશ્રદ્ધાથી સ્વીકારવાનો સાફ ઇન્કાર કર્યો. બે દેશોના સંયુક્ત સહકારમાં તે માનતો હતો, પણ એક રાષ્ટ્રને ભોગે બીજા રાષ્ટ્રને પુષ્ટ બનાવવાની સૂચના તેને હરગીઝ મંજૂર ન હતી. મૉસ્કો આ કેમ સહન કરે? અને આમ ટીટોએ સ્ટાલિન અને રૂસના બીજા નેતાઓ સાથેની મૈત્રીને અગનજ્વાળામાં ઝબોળી. બલ્ગેરિયાની સીમાઓ પર લશ્કરો ખડાં થઈ રહ્યાં અને બીજી તરફ આર્થિક નાકાબંધી કરીને યુગોસ્લાવિયાના મુક્તિતરસ્યા પ્રાણને રિબાવવામાં રશિયાએ કંઇ બાકી ન રાખી. પણ પ્રજાનાં વિશ્વાસમાં પોતાની શ્રદ્ધા રાખીને આ જીવલેણ પ્રયાસ સામે લડવા ટીટોએ હામ ભીડી. તેણે દેશદેશ વચ્ચે બંધુત્વની ભાવનાના વિકાસ માટે અને દરેક માનવીના પોતાની ભૂલ સુધારવાના અબાધિત અધિકારની તરફેણ કરતી નીતિ દાખલ કરવા અથાગ પ્રયાસ કર્યા. યુગોસ્લાવિયાની પ્રજાએ પોતાના નેતામાં વિશ્વાસ જાહેર કરીને આ નીતિને જીવનમાં ઉતારવા પ્રયત્ન કર્યો.

ત્યાર બાદ ટીટો અવિરતપણે દેશને મુશ્કેલીઓમાંથી બચાવતો

૭ ('કુમાર' અંક ૩૭૩)

અને સુખ તથા સમૃદ્ધિને સન્માર્ગ દોરતો આવ્યો છે. સમાજવાદમાં પણ લોકશાહી, વ્યક્તિ અને વિચારની સ્વતંત્રતા તથા સહઅસ્તિત્વનો સમાવેશ થઈ શકે છે એ તેણે વિશ્વ આગળ આચરી બતાવ્યું છે. આજે ટીટો પોતાના દેશને નવઉત્થાનના કાર્યમાં આગળ ધપાવી રહ્યો છે. એ શાંતિને ચાહે છે, અને આપણા પંડિત નેહરુએ સ્થાપિત કર્યા મુજબ એ પણ માને છે કે કોઇ રાષ્ટ્ર પોતાનો ફેલાવો કરવા, પોતાને માટે બીજાનો ભાગ લેવા અને પારકી પ્રજાને પોતાની પકડમાં રાખવાનો આગ્રહ ન રાખે તો સામ્યવાદી લોકશાહી તેમજ પશ્ચિમી લોકશાહીનું સહ-અસ્તિત્વ સંપૂર્ણરીતે શક્ય છે.

અંગત જીવન તેનું જરા રોમાંચક છે. તેણે ત્રણ વાર લગ્ન કર્યાં. પહેલા લગ્નની પત્ની પેલાગીઆ તો તેના કારાવાસ દરમ્યાન જ મૃત્યુ પામેલી. ત્યાર બાદ તેણે એક સ્લાવ યુવતી સાથે લગ્ન કરેલું. ૧૯૪૭માં તેની સાથે પણ છૂટાછેડા લઇને ૧૯૫૨માં લશ્કરી ફરજ દરમ્યાન પરિચય પામેલી એક યુવતી સાથે તેણે લગ્ન કર્યાં છે. તેને એક પુત્ર ને એક પુત્રી છે. પ્રતિભાશાળી ને પડછંદ વ્યક્તિત્વ ધરાવનાર ટીટો ખૂબ હસમુખો છે. બાગાયત, તરવું, ઘોડેસવારી ને સિનેમા એ એના મુખ્ય શોખ છે.


હમણાં જ એણે આપણા દેશની મુલાકાત લીધી ત્યારે સ્વતંત્રતા પછી આપણે ત્યાં કોઈ પણ પરદેશી રાજ્યના વડાને નથી મળ્યું તેટલું માન તેને મળ્યું છે. હિંદની ધરતી પરના એના આગમન સાથે ૨૧ તોપો ધણધણી ઊઠી ત્યારે યુગોસ્લાવિયા અને ભારતનાં રાષ્ટ્રગીતોએ પોતાનો ગુંજારવ કરીને તેનું સ્વાગત કર્યું. રાષ્ટ્રપતિએ નૌકાદળને અર્પણ કરેલો ત્રિરંગી ઝંડો પણ તે દિવસે પહેલી જ વાર યુગોસ્લાવિયાના શાંતિદૂતનું સ્વાગત કરવા થોડો નમ્યો હતો. દિલ્હી સ્ટેશને એમનું સ્વાગત કરવા રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાન મંત્રી એમ દેશના ત્રણ મુખ્ય હોદ્દેદારો હાજર હતા. યુગોસ્લાવિયાની પ્રજાને સુખ અને સમૃદ્ધિને માર્ગે દોરતા એ માર્શલ ટીટો જગતની શાંતિમાં ફાળો આપવા દીર્ઘ આયુષ્ય ભોગવો.

(સંકલિત) **વિનોદ મેઘાણી**

યુગોસ્લાવિયા

યુગોસ્લાવિયા એ એક એવો દેશ છે કે જ્યાં બે લિપિ, ત્રણ સંપ્રદાયો, ચાર ભાષા, પાંચ રાષ્ટ્રો અને છ પ્રજાકીય રાજતંત્રો આવેલાં છે. યુનાઇટેડ કિંગ્ડમ (ઇંગ્લંડ-સ્કૉટલંડ-આયર્લંડ) કરતાં ભાગ્યે જ મોટા તે પ્રદેશની વસતિ પણ આપણા હૈદરાબાદ રાજ્ય કરતાં યે ઓછી છે.

મુખ્યત્વે પર્વતીય પ્રદેશ હોવા છતાં ફળદ્રુપ કાળી જમીનનાં મેદાન પણ ત્યાં ઓછાં નથી. પર્વતો પર ગીચ વૃક્ષરાજિઓ લાગેલી પડી છે જે ત્યાંની પર્વત-શોભાને ઓર વધારી મૂકે છે. નદીઓમાં સૌથી પ્રખ્યાત ડાન્યૂબ ૩૭૦ માઈલ સુધી વહે છે. નદીઓ વીજળીના ઉત્પાદનનું એક મુખ્ય સાધન છે. ઍડ્રિયાટિક સમુદ્રનો કિનારો અને ત્યાંના એક હજાર જેટલા ટાપુઓ ત્યાંની ફળફૂલની સમૃદ્ધિ અને ખુશનુમા આબોહવાને કારણે તહેવારોના દિવસોમાં પરદેશી મુસાફરો માટે એક ખાસ આકર્ષક નિવાસપ્રદેશ બની રહે છે.


ગીચ વૃક્ષરાજિઓએ છાએલા પર્વતો, ફળફૂલથી સમૃદ્ધ બનેલી જમીન અને ખુશનૂમા આબોહવાવાળો પ્રદેશ યુગોસ્લાવિયા

ત્યાંની પ્રજાને પોતાનાં વિવિધવર્ણ પોશાક, ભાતભાતના રીતરિવાજો અને પરાપૂર્વથી ચાલી આવેલી લોકનૃત્ય પરંપરા છે. ત્યાંની ૧૭ લાખની વસતિ મુખ્યત્વે ચાર ભાષાઓ બોલે છે: સર્બિયન, ક્રોએશિયન, સ્લોવેનિયન ને મૅક્ડોનિયન. ત્યાં પ્રચલિત બે લિપિઓમાં એક છે લાટિન અને બીજી છે સિરિલિક જે રશિયન લિપિને મળતી આવે છે.

અનેક પ્રકારની રાષ્ટ્રીય લઘુમતીઓ ત્યાં છે: હંગેરિયન, બલ્ગેરિયન, રૂમાનિયન વગેરે. એ દરેકને પોતપોતાની ભાષા લખવાબોલવાના અધિકારો આપવામાં આવ્યા છે. સૌને પોતપોતાની નિશાળો, વર્તમાનપત્રો ને સામાયિકો છે. યુગોસ્લાવ નાગરિકોના જેવા જ ને જેટલા જ અધિકારો તેઓને છે. ધર્મો મુખ્યત્વે ત્રણ છે—પૂર્વી રૂઢિચુસ્ત (૪૭ ટકા), રૉમન કૅથલિક (૩૬ ટકા) અને ઈસ્લામ (૧૧ ટકા).

નિરક્ષરતાને છેલ્લાં આઠ વર્ષોથી આ દેશમાંથી સાફ કરવામાં આવી છે. પ્રાથમિકથી માંડીને વિદ્યાપીઠ સુધીનું શિક્ષણ મફત આપવામાં આવે છે. દરેક વિદ્યાર્થીની તંદુરસ્તી અને આત્મરક્ષા માટે પૂરી કાળજી લેવાય છે ને તે માટે પદ્ધતિસરની તાલીમ પણ અપાય છે.

યુગોસ્લાવિયામાં શૈક્ષણિક વિકાસ સાથે પુસ્તક-પ્રકાશન પણ સમાંતર રીતે વધ્યું છે. ઈ. ૧૯૪૫માં પ્રકાશિત પુસ્તકોનો આંકડો જે ૭ લાખ સુધી પહોંચ્યો હતો એ ઈ. ૧૯૫૧માં ૨૯ લાખનો થવા જાય છે. યુગોસ્લાવિયાની રંગભૂમિએ છેલ્લાં વરસોની સરખામણીમાં ઘણો વિકાસ સાધ્યો છે. લોકશૈલીનાં નૃત્યો અને સંગીતનાટકોને રાજ્ય તરફથી બહોળા પ્રમાણમાં મદદ આપવામાં આવે છે.

એ દેશનાં આર્થિક, સામાજિક તેમજ રાજકીય પાસાંઓને સમજવા છેલ્લા મહાયુદ્ધ વખતે તે રાષ્ટ્ર પર આવી પડેલી આફતો તરફ ડોકિયું કરી લેવું જરૂરી છે. ત્યારે સમસ્ત લોકસમાજનો દસમો ભાગ તો વિનાશના ખપ્પરમાં હોમાઈ ગયો હતો અને અરધા લાખથી વધુ સંખ્યામાં લોકો ઘરબાર વગરના થઈ ગયા હતા. એ વેળાએ સ્થાપત્ય, ધાતુસંપત્તિ અને પશુધન તો અરધોઅરધ નાશ પામ્યું હતું. આવી ભીષણ યાતનાઓ વચ્ચે ૧૯૪૫ના નવેમ્બરની ૨૯મીએ ત્યાંની બંધારણસભાએ રાજાશાહીને નાબૂદ કરી લોક-રાજ્ય સ્થાપવા તરફ પોતાનો ઝોક બતાવ્યો, ૧૯૪૬ની ૩૧મી જાન્યુઆરીએ નવું બંધારણ સ્વીકારાયું જેનો ઉદ્દેશ હતો દેશમાં સમાજવાદી રાજતંત્ર સ્થાપી દેશને સર્વ પ્રકારે આબાદ બનાવવાનો. અને ૧૯૫૧થી તો લોકશાહી સામ્યવાદ (ડિમૉક્રટિક કૉમ્યુનિઝમ)નું ધ્યેય લઇને આ દેશે શાંતિ ને સમૃદ્ધિ ઉભય તરફ મક્કમ પગલાં ભરવાં શરૂ કર્યાં છે. એક વાર નર્યા સામ્યવાદ તરફ ઢળી ગએલા એના નેતા માર્શલ ટીટોએ જ્યારે સ્તાલિન સામે માથું ઊંચકી બળવો પોકાર્યો ત્યારે તો ચોમેર આશ્ચર્ય ફેલાએલું. માર્શલ ટીટોએ તેનો જવાબ આમ આપ્યો છે: 'આ તો અમે સામ્યવાદને તેના યથાર્થ, માનવતાને સ્પર્શી શકે તેવા, અને સક્રિય સ્વરૂપે આચરણમાં મૂકી બતાવનાર કોઈ પદ્ધતિની જ માત્ર શોધ કરી છે,— અને હજી યે કરીએ છીએ.'

વીત્યા વર્ષ(૧૯૫૪)ની વ્યક્તિવિશેષ

લેખક અને આલેખક



(૧) અને આમ નવા વર્ષમાં આપણું શાંતિનું કબૂતર આગળ વધે છે.



(૨) ...પણ જૂનાં ગીતો અને ભજનો હજુ યે બંધ થતાં નથી...!!









(૩) એંશી વર્ષનું બાળક.....ચર્ચિલ! મહાકવિ શેક્સપીઅરે જીવનની સાત પાયરીઓ વર્ણવી છે, એ બધી પાયરીઓ વટાવી ચૂકેલા બ્રિટિશ વડા પ્રધાન એક વાર ફરીથી બાલ્યાવસ્થામાં પ્રવેશ કરે છે....! (૪) વીસમી સદીનો હ્યુ-એન-સંગ! પેલો હિન્દુસ્તાન આવ્યો હતો અને આ ચીન જઈ આવ્યો. ચીનની નવી શોધ કરવા શ્રી જવાહલાલ નેહરુ તાજેતરમાં ચીન પધાર્યા હતા. (૫) અર્વાચીન કળાનો એક નમૂનો: ન સમજાય કે ન સમજાવી શકાય (પીકાસોની ભૂલ?) રશિયાનું કંઈક એવું જ રાજકારણમાં નથી થયું? (કદાચ આપણને ખબર ન હોય.) પણ અહીં માલેન્કોવને એ રીતે ચીતરવા પ્રયત્નો કર્યા છે, જેમાંથી એમને ઓળખવા બહુ મુશ્કેલ છે! (૬) 'અમેરિકન અલ્લાઉદ્દીન': જાદુગરની માફક આપણા શાંતિના કબૂતરને બહાર કાઢવા માગે છે; પણ જે છે તે દેખાઈ જાય છે. અને કબૂતર ક્યાં ગયું?










←(૭)આ છે ચીનનો ખેલ: મૂળમાં સૌથી નીચે માલેન્કોવ, તેની ઉપર માઓ-ત્સે-તુંગ અને ઉપર ચાઉ-એન લાઈ કસરતના પ્રયોગો કરતા નજરે પડે છે. કબૂતર ઊડી ન જાય એટલા માટે 'બૅલૅન્સ' જાળવવાના પ્રયત્ન કરી રહ્યા છે! (૮) નજીબનું સ્ફિંક્સ, જગતની અજાયબીમાં એક નવો ઉમેરો થયો. બનાવવા ગયો પાળિયો, પણ ખુદ જનરલ નાસેરના હાથે સ્ફિંક્સ બની ગયો તે ઇજિપ્તનો નજીબ. અંતમાં એ પાળિયો બનીને પત્થર તરીકે જ રહેશે? (૯) કઈ વસ્તુઓમાં ભંગાર હોતો નથી?...અને હવે શરૂ થાય છે ભંગાર-વ્યક્તિઓ: એ છાપાબાટલીવાળાઓના પરિચયમાં સૌની પહેલો દક્ષિણ આફ્રિકાનો મલાન, જે કહે છે કે પોતે ગોરી સંસ્કૃતિનું રક્ષણ કરનાર એક જ માનવી હયાત છે! (૧૦) 'દેશભક્ત ચ્યાંગ', જેને પોતાના દેશ પ્રત્યે એટલો પ્રેમ છે કે પોતાના જ દેશભાઇઓ ઉપર બૉમ્બ નાખ્યા વિના રહી શકતો નથી! પ્રેમ તો ગમે તે સ્વરૂપ પકડે!



(૧૧) 'ફારૂક-અલ-રશીદ', જે ઇજિપ્તને માટે ગમે તે કરવા તૈયાર છે અને જીવનના અંતકાળ સુધી રાણીઓ બદલવાનો ઉત્સાહ જતો નથી કરી શકતો. (૧૨) 'વર્કિંગ જર્નાલિસ્ટો': રોજ સવાર પડે અને જગતની ઉપાધિઓનો બોજો વાંચનારની ઉપર નાંખનારને તમે ઓળખી ન શકો તે તો કેમ બને? જગતની દરેક પરિસ્થિતિનું બયાન એ આપી શકે છે, પણ પોતાની અંગત પરિસ્થિતિનું બયાન હજી આપી શક્યા નથી! (૧૩) નવો સર્વોદયવાદી શ્રેષ્ઠ પુરુષ: 'સામાન્ય માણસ', જેણે નવા વર્ષમાં પોતાને છીંક આવે અને કોઇને અપશુકન ન થાય એટલા માટે પોતાના નાક ઉપર ઘંટડી બાંધી છે. મારું ગમે તે થાય પણ બીજાનું બૂરું ન થાય એ મહામંત્રમાં માનનાર એ સર્વોદયવાદી છે. (૧૪) આપણે જોયું કે માણસ બીવા જેવો નથી, હસવા જેવો છે. પણ માણસે જે માણસને પેદા કર્યો છે અને જે હવે માણસની નિયંત્રણશક્તિની બહાર ગયો છે એ આપણને નવા ઉષાકાળ દરમ્યાન ક્યાં લઈ જશે એ કહેવું મુશ્કેલ છે.



ડૉ. હરિપ્રસાદ (૧૯૪૪) પુષ્કર ચંદરવાકર ('૪૫) યશોધર મહેતા ('૪૬) રાજેન્દ્ર શાહ (૧૯૪૭) બાલમુકુંદ દવે (૧૯૪૮) નિરંજન ભગત (૧૯૪૯)



વાસુદેવ ભટ્ટ (૧૯૫૦) બકુલ ત્રિપાઠી ('૫૧) શિવકુમાર જોષી('૫૨) અશોક હર્ષ (૧૯૫૩)

અને હવે ઈ.સ. ૧૯૫૪નો કુમાર ચન્દ્રક




ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીને

ઈ. ૧૯૫૪નો 'કુમાર ચન્દ્રક' ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીને તેમની લેખમાળા 'કાયાની કરામત' માટે આપવાનું નિર્ણાયક સમિતિએ ઠરાવ્યું છે.
ડૉ. શિવપ્રસાદને અમે અભિનંદન આપીએ છીએ, અને સમિતિના સભ્યો પ્રા. રામનારાયણ પાઠક, પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પ્રા. અનંતરાય રાવળનો આભાર માનીએ છીએ.

'કુમાર'નું નવલિકા પારિતોષિક

'કુમાર'માં આખા વર્ષ દરમ્યાન આવેલી મૌલિક વાર્તા-નાટિકાઓ પૈકી શ્રેષ્ઠ નીવડનારને દર વર્ષે અપાતું રૂપિયા ત્રીસનું પારિતોષિક ૧૯૫૪ના વર્ષ માટે 'નાખવાનું ખમીર' નામની વાર્તા માટે શ્રી 'સુકાની'ને આપવાનું તેના નિર્ણાયક પ્રો. અનંતરાય રાવળે ઠરાવ્યું છે. શ્રી 'સુકાની'ને અમે અભિનંદન આપીએ છીએ અને પ્રો. રાવળનો આભાર માનીએ છીએ.

એ પારિતોષિક આ વર્ષે પણ ચાલુ રહે છે



કચ્છના ઊંચામાં ઊંચો પહાડ કાળો: ૧૫૨૫ ફૂટ

કચ્છનું સંસ્કૃતિદર્શન કરાવતા આ જાણીતા લેખક હવે એના રણકંઠારના પ્રાંતોનો પરિચય કરાવે છે જેમાં કચ્છની છેક ઉત્તરે આવેલા એક પ્રદેશ **પચ્છમ** ની લોકકથા, રણનો કવિત્વમય પરિચય તથા ત્યાંની અભ્યસનીય વૈજ્ઞાનિક, ઐતિહાસિક અને ભૂસ્તરીય માહિતી આપી છે

લેખક અને તસ્વીરકાર • રામસિંહજી કા. રાઠોડ

આ કિંજર તું કપુરી, નજર કરેંન ન્યાર!
કમનીય કપુરી, અતિથિનો આદર કર!

વા ભાવાદેશથી આજે આવેલો અડીખમ વાટાળુ (પ્રવાસી) કપુરીને કાંઈ જુદા જ રૂઆબનો લાગ્યો. નહિતો કપુરીના સનેડાની સાંધે આવેલા કંઇ કેટલા યે મુરતિયા કપુરી પાસે ઘટીને નીચી મૂંડીએ પાછા વળ્યા હતા. તેથી તો કપુરીની ઇષ્ટ વર મેળવવાની ઉમેદ વટમાં ફેરવાઈ ગઈ હતી, અને જે ચડાથી કપુરી પાણી સીંચતી તે કૂવામાં સેતરવાની કોઈ હામ ન ભીડતું. બળદ ખેંચે એવો કોસ જેવો છાગરિયો ચડો તો કપુરી પાણી સીંચવાના ઉપયોગમાં લેતી. તેનાથી પાણી સીંચી લે એવો તાકાતવાન આદમી મળે તો તેને ગાંઠવાનો કપુરીને પાનો ચડયો હતો. હજુ તો કપુરી કાંઈ બોલે કે પોતાની હમેશની રીતે પોતાની તાકાતનો પરચો બતાવે તે પહેલાં તો આવેલા યુવકે પડથાર પર પડેલો ચડો કૂવામાં ફેંક્યો (જુઓ સામેનું ચિત્ર) ને છીકી સાથે બહાર કાઢ્યો. એ ચડામાંથી ઊડેલા પાણીના છટકારે કપુરીને નવડાવી દીધી. તેનો ગર્વ ગળી ગયો. ડેબતાએલી તે પોતાની ભેણી તરફ સરકી ગઈ.

આ વીતક સાંભળી કપુરીનો બાપ સાઓ શોઢો નેસ ઉપર પહોંચ્યો. આગંતુકને હુબથી તેણે પોતાને ત્યાં નાહીએ આવવા નોતર્યો. બન્ની કાંઠે બારે માસ જ્યાં મીઠું પાણી મળે છે તે જગા તજથી અપીઓ લઈ ને કુરન આવી વસેલા, સમૃદ્ધ પશુધન ધરાવતા સાઆ શોઢાની ખ્યાતિથી કારાયલ અજાણ ન હતો; અને હજુ આગલે જ દિવસે કપુરી કને માનભંગ થએલા પોતાના મિત્ર ઉજર રામાના મોંએ કપુરીના સ્વરૂપ ઘમંડની વાત સાંભળી હતી, આ મનટંખથી સ્વપ્નરમા કપુરીનો છનછનાટ ભાંગવા તો કારાયલ કુરન આવ્યો હતો. પણ ખીરામી અંગલઠમાં અમીરૂપિણી કપુરી નજરે પડતાં જ કારાયલને કોઠે ઊતરી ગઈ. ચડાની અડી તો ભાંગી, છતાંય કારાયલને ધાક રહી કે હજુ કાંઇ કારસાથી જાજરમાન કપુરી પોતાનો છક તો નહિ ઉતારે! અને એવી આશંકાથી કારાયલનું ધડકધડક હૈયું હેઠું બેસતું ન હતું. ને તે, 'સૂરત જાણે ચંદ્ર, બિઓ ઉગો કર આભમેં' એવા કલ્પનાવિહારે ચઢી, કપુરીના મુખચંદ્રની આભામાં, સાઆના ઓળા જેમ તેની સાથેસાથ હામ હારેલો ચૂપચાપ કપુરીને ઘેર પહોંચ્યો.

કારાયલ તો અભેરાણા સમાનો નાનો પુત્ર છે એ જાણી સાઆને આનંદ થયો; તેમ કારાયલની ધાડપાડુની કારકિર્દીનો ખયાલ આવતાં તેટલો જ રંજ પણ થયો. કારાયલનું ઉડાઉ ઉદારપણું અભે સમો સાંખી શકેલો નહીં અને રીસવટે નીકળી કારાયલે લૂંટફાટનો આશરો લીધો. એવી કમાણીમાંથી યાચક માંગણોને છૂટથી તેનો દાનપ્રવાહ પહોંચતો રહ્યો. મેઘાટંબર થયે મત્ત મયૂર ટહૂકે અને ઢેલડી સૂર પુરાવે તેમ સત્રાચારી ગાજતી થએલી કારાયલની ઉદારતાની બિરદાવલીમાં કપુરીએ રંગ રેલાવ્યો :

ચડે મેઘ મલાર ને કુણકે કારાયલ બ્યા,
તું ડેમેં ડાતાર હજારેં હથેં તો વસેં.

'ભલે ફેરફાંટ કરીને પણ છતાં હજારોને દાનથી રીઝતો' કારાયલ કપુરીને મેઘસમાન મહાન લાગ્યો. કપુરી કારાયલની થઇ.

કપુરીની નેહભરી કુનેહથી કારાયલ નેસ વસાવી રહેવા લાગ્યો. તેમને વિઝાર નામે પુત્રની પ્રાપ્તિ થઇ. પણ કારમો કાળ પડ્યો અને પચ્છમમાં જામેલો કારાયલનો મીઠો માળો વીંખાઈ ગયો.

અભ મનણ ભ્રામડી મું બાળો ગંધિઆણ,
હેક ધ્રસૂકે સેં કરે ઢીલી સભ બુરસાણ.

કારાયલ એવો રવૈયો છે કે આભના આધારે સંસાર વલોવી તેમાંથી કસ કાઢે છે. તેની એક હાકલથી દુનિયા ઢીલી થઈ તેની આગળ માખણ જેવી લળી પડે છે. કચાકચીમાંથી માર્ગ કાઢી લેતા કારાયલને જેવીતેવી આપદાની તો મજાલ નથી, એવી શ્રદ્ધાથી કપુરીને જરા પણ ફડફડ લાગ્યો નહિ. તેમણે પોતાની આથ કચ્છકંઠારે વાળી ત્યાં આશરો લીધો. કાળના કારમા પંજામાં પીંખાએલા યાચક પીડિતોએ કારાયલનો પીછો છોડ્યો નહિ. દુકાળમાંથી તેમને ઉગાર આપવા કારાયલે પોતાની ઘરવખરી ખર્ચી નાખી. આવી પોતાની ગુજની ગુરત જાળવવા ન છૂટકે છેવટે તેને ફરી ધાડલૂંટનો આસરો લેવો પડ્યો.

પે ને પુતર પાણમેં વઇ કર્યો પરિયાણ,
નાણું સુનેં નવલખે સે પિટ્ટી અચેં પાણ,
પે રાતોય ડીં રેઆણ મર જાચક જકોરૂં કન.



પુરી પોતાની તાકાતનો પરચો બતાવે તે પહેલાં તો યુવકે ચડો કૂવામાં ફેંક્યો અને છીંકી સાથે બહાર કાઢ્યો. કપુરીનો ગર્વ ગળી ગયો.
('કચ્છનું સંસ્કૃતિદર્શન' નામના શ્રી રામસિંહજી રાઠોડના તૈયાર થતા પુસ્તકમાંથી, તેમના સૌજન્યથી • ચિત્રકાર: રવિશંકર રાવળ)

કાળ-પીડિતોને પૂરી નિરાંત આપી શકાય એવી મુરાદથી કારાયલ અને વિંઝારે આપસમાં વેતરણ ઉતારી કે પોલડિયાના હરસૂર કાડીના નવલખા પર એકસરખી ધાડ પાડવી. એક અંધારી રાતે નક્કી કરેલ આ કારવાઇ કરતાં કોટની રાંગમાં અકસ્માતે અટવાતાં કારાયલને વરમનો કારી ઘા લાગ્યો અને તે મરણોન્મુખ થયો. તેમની પિછાન પડે તો હરસૂર કપુરીનું નખોદ કાઢી નાખે, એટલે કારાયલે વિંઝારને પોતાની ગત કરવા સાબદો કર્યો અને ત્યાં જ નીરવ શાંતિમાં પ્રાણ છોડયા. વિંઝારને પિતાની વાત ગળે ઊતરી.

ત્યાંથી કારાયલનો મૃતદેહ ઉપાડીને તો લઈ જવાય તેવું હતું નહિ, એટલે અંતિમ ક્રિયા સારુ કારાયલનું માથું વાઢી વિંઝારે પોતાની સાથે લઈ લીધું અને પત્તો ન લાગે તેમ પડખેના ભાડાના કચકીલમાં તેના ધડને ભંડારી દીધું.

કતીયું અપાર આવયું   લોઢણ રેઆ લુડી,
રંગી રાત ન આવેયો   જેંસેં જિંધ જડી,
કારૂ લાય સિકી   વઈ વિયામી રાતડી,

ભાંગતી રાતના ગળતા પો'રે આભમાં મોર બોલ્યા, પણ પોતાનો કારાયલ ન પહોંચવાથી કપુરીને ઉચાટ થયો. કૃત્તિકા નક્ષત્ર કપાળે આવ્યું; પ્રભાત થઇ, પણ જેનાથી જીવ જડેલો છે તે કારાયલ તો પણ પહોંચ્યો નહિ. એમ ઉત્કંઠિત હૈયે આખી અઘોર રાત વીતી ગઈ ને વિંઝારને ફાંટ બાંધી એકલો આવતો જોઇ કપુરીને ધ્રાસકો પડયો.

પિરિયન ધાંરા પેઓ મું જો પચે બિલ પઇ,
જ કુણકે કારાયલો ત વેંધા ગુંધર લઈ.

વ્હાલા વિના મારું અંતર બળે છે; કારાયલનો ટહૂકાર સાંભળું તો મનની અશાંતિ દૂર થાય. ત્યાં હાંફળા વિંઝારે વિહ્વળતાથી વીતક સંભળાવી :

પે પરખે પાં કઢે   પાં વેંધે વંશ નાંય,
મથો મતો કારાયલ જો   તું કપુરી પીંગે પાય.

કપુરી મામલો વરતી ગઈ અને અવાચક બની રહી. પણ હવે પરભોમમાં પાધરા પડયે કામ આવે એવું ન હતું, એટલે તેમણે સાંસતા થઈ સ્થિતિ સંભાળી લીધી. કપુરીએ પતિના વરાંગને સ્નેહસ્ફોટથી લડાવ્યું. છતાં ય આ ઘટનાની જાહેરાત ન થાય એ જાળવવાનું હતું. એટલે કારાયલના શીષને સારી-સંભાળી શિશુ જેમ પારણિયે સુવડાવ્યું. 'પતિ પારણિયે, વહુજી હીંચોળે'થી યે અતિ અદકી અસહ્ય સ્થિતિ ઊભી થઈ. આ કારી ઘાનું મનદુઃખ હળવું કરવા હાલરડાંની હળવી હલકે કપુરી ઓસારવા લાગી :

હાલો કરીયાં હીલો,   કરીયાં ટપોરીયાં તય રોય,
શીશ હી કારાયલ જો   તેં કે માઠ ન કરાય કોય.

હાલરડાં ગાઉં, પ્રેમથી હીંચોળું, ધરપત દઉં, તો પણ કારાયલનો રૂહ શાંત થતો નથી; એના મનની મુરાદ પૂરી કરી એના આત્માને કોણ શાંતિ દેશે?

થડક થડક તા થડકે   અસાંજા હૈકલડા અઇ હિયાં,
સેંણ સિરી વેઆ અસાંકે   ડાઢે ડુખડેં ડીઆં,
સપના થઇ વેઆ સિપરી   હાણે આંઉ જગમેં જોરજીઆં.

સ્નેહસ્વપ્ન વહી ગયું; અસહ્ય દુઃખમાં ડુબાડી સ્નેહી સરી ગયો; અંતર આ દુઃખભાર ઝીલી શકે તેમ નથી એવા થડકાટમાં જગતમાં એકાકી અગવું અસંભવ છે.

કડેંક બિરીમેં બુર   કડેંક પન ન હિકડો,
કડેંક પ્રિયન જો પૂર   અજ સિકાં ઉનીજે સડકે.

મારું જીવનવૃક્ષ, જે એકદા સ્નેહડાળોથી ઘેઘૂર હતું તે આજે ઠૂંઠું બન્યું છે. આજે સ્નેહીના એ સાદ માટે હું ટળવળું છું.

રૂદે મિઝા રૂઅ   જેની વલા વિસરેં,
મર તાં લગે લૂઅ   રણ બાબીડી થઈ ભુણાં.

ભલે રણમાં હોલી જેમ ભટકી પડું ત્યારે ત્યાંની બળબળતી લૂમાં બફાઈ મરું, પણ જ્યાં લગી દિલ દમદમે છે ત્યાં લગી સ્નેહીની સંભાર મનથી અળગી થવાની નથી.

કાકા કંવા કુડીઆ,   આટા દઈ ઉડન;
વિઠા ઉન મરન   સર સૂકે હંજડા.

'આજે તો લાંઠીઆ અમને હેરાન કરવાની પેરવીમાં હોય તેમ ટાંપી ટાંપી અમારો તાલ જુએ છે, ત્યારે અમારા સ્નેહસરોવરનું જળ સુકાઈ જતાં અમારો જીવનહંસ ઝૂરે છે.' એમ કલ્પાંતે સાંઝ પડી ગઇ.

સિજ ઉલથો સાંજી થઈ   વડેં વિઠા કાગ,
સુંણી સાંજી રાગ,
કપુરાણી પ્યા પંધમેં, પચ્છમ લમેં તાગ.

સૂર્યાસ્ત થયો; કાગડાઓ માળે જવા વડ ઉપર એકઠા મળ્યા; પક્ષીઓનો સંધ્યા સમયનો કલરવ ધીમો થયો ને સોપો પડયો. સૂના અંધકારમાં કપુરી-વિંઝાર દૂર દૂર આવેલા હમવતન પચ્છમને પંથે પડયા.

પચ્છમમાં સમાઈ ગયા પછી કપુરી-વિંઝારે બાંધાની વાડીઓ વિકસાવી અને દીનારા પડખે એક સુંદર નકશીભર્યું મંદિર ચણાવ્યું. આમ ત્યાંની કોરી ધકોર ધરતી ધલવલતી થઇ તેની વનરાઇમાં આજે પણ કારાયલની ઘેઘૂર કેકામાં કપુરીની સુરાવટના પડઘા સંભળાય છે.

કારાયલ કે ન મારજ   જેંજા રતા નેણ,
તડ વિઠા ટૌકા કરે   નિત સંભારે સેણ.

સ્નેહીઓને સંભારતો હોય તેમ નિતનિત ડુંગરધાર ઉપરથી ટૌકા કરતા રતૂમડાં નયનવાળા કારાયલને કોઇ દૂભવશો નહિ. પચ્છમનું એ ગૌરવ છે, જ્યાં મોર મારવાનું પાતક અઘોર લેખાય છે.

પચ્છમમાં રહી સંસારની આપદાભઠ્ઠીમાં કપુર-વિંઝારને છેવટે કળ વળે છે, એટલે 'પચ્છમ પૂજે પગ જિત, ગુરુ ગુંજાઉં કન.' જંપ મેળવવા તેઓ કચ્છની સર્વોચ્ચ ડુંગરધાર કાળા ઉપર પ્રગટ પ્રકાશતા ગુરુ પચ્છમાઇનાં પગલાંની યાત્રામાં રહે છે અને ત્યાં જ વિરાટ ખાબીયાને આરાધતાં પોતાનો પંથ સથવારો પૂરો કરે છે.

કચ્છનું રણ


કારમીંઢ પચ્છમ મથે, લખગુરુ લાલમલાલ,
તિત રતો ચોડ મંજઠ સભ રચેયો જીય ગુલાલ.

કાળમીંઢ પચ્છમના પહાડ 'કાળા'ની ૧૪૮૨ ફૂટ ઊંચી ટૂંક ઉપર જ્યાં લખગુરુ પચ્છમાઈનું સ્થાનક આવેલું છે, ત્યાં આજે પણ જાણે લખગુરુના જ્ઞાનપ્રકાશની રતાશ ભભકી રહેલી લાગે. એ પચ્છમાઈના શિખર ઉપરથી દૂરદૂર નીચે દેખાતું પ્રકૃતિદર્શન મરકતું છતાં ય રણપાલવથી વીંટળાયલું ભેંકાર ભાસે છે.

નંઢે પંખે લમેં ટંગે   હંજ ઉડામંધા ડીઠા,
રતા અછા રણ વિચાનું   કુરન કંથે વિઠા.

રણ કાંઠે લંબટંગા ને નાજુક પાંખોવાળા સુરખાબો(હંજ પંખી)ની કતાર ઊડતી આવે છે, ત્યારે જાણે ભેદી રહસ્યવાળા રણનો અસબાબ ઊતરતો લાગે! મૂળ સ્પેન-ફ્રાન્સમાં સુરખાબનગર વસાવી બચ્ચાં ઉછેરતાં આ પંખી શિયાળામાં એટલે દૂરથી આવી ભારતભરમાં માત્ર અહીં પચ્છમની ઉત્તરે કચ્છના મોટા રણના જ એકાંતમાં સંખ્યાતીત વસીને સુરખાબનગર રચે છે અને ત્યાં બચ્ચાં ઉછેરે છે. એ રતૂમડાં શુભ્રરંગી સુરખાબોનું ટોળું રણમાંથી ઊડી પચ્છમના કુરનને કાંઠે આવી જ્યારે બેસે છે, ત્યારે જાણે બળતા વિરાટમાંથી ઊડી લસરકા લેતા ગહનતાના ગુલાબી ગબારા જેવું દેખાઇ ઘોમ ધખ્યા તડકામાં આંખને ઠંડક આપી રહે છે.

એ ટાઢક પામીને ઉત્તરે નજર કરતાં રણમાં પથરાએલું શુભ્ર ચકચકિત મીઠું જોઇ એ અલખ શિખર ઉપરનો હિમાળો યાદ આવે છે, પણ રણની એ શ્વેત સબરસની ચાદર પાર દૃષ્ટિ હિમાળાનાં ધવલ ઉત્તુંગ શિખરો સુધી શે પહોંચે? એ તો રણના વિરાટમાં અટવાય છે. પણ ત્યાં જો કલ્પનાની લગામને જરા છૂટી મેલી દીધી હોય અને ચિત્રદૃષ્ટિ ખીલે તો સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં જીવનભર ન ભુલાય તેવાં કલ્પનાદૃશ્યો પણ રણમાં ક્યારેક મળી રહે. વાદળીઓ દિવસ હોય, તેમાં ઘડીમાં તડકો તો ઘડીમાં છાંયડો થાય ત્યારે પચ્છમના પહાડ પરથી રણનું વિહંગદૃશ્ય જુઓ તો મોટા રણના એ શ્વેત સપાટ પટ પર રૂપેરી વાદળાંનું કાવ્ય લાધે. વાદળાંના પડછાયાથી પ્રગટતા ધૂપછાંવના પલટામાં સફેદ પાટી પર ભાતભાતની કાળી-ઘેળી આકૃતિઓ પાડતી લસરકા લેતી વિરાટની પીંછી વેગથી ઘૂમી રહી હોય એવું એ દૃશ્ય લાગે. આકાશમાં રમતાં જતાં મનોહર વાદળાંનું રૂપદર્શન તેમના પડછાયામાં કોઇ ઓર રીતે સૌંદર્યનું પોષક થતું લાગે.



↑ પચ્છમના પહાડ કાળાની ૧૪૮૨ ફૂટ ઊંચી એક ટૂંક ઉપર પચ્છમાઈનું સ્થાનક



↑ પચ્છમના આંધૌ મુકામેથી મળેલી ક્ષત્રપ સમયના શિલાલેખવાળી શિલાયષ્ટિ


પણ રણના સૃષ્ટિસૌંદર્યની આ તો રહી કલ્પના-ચગી વાતો. બીજેથી આવીને ક્યારેક રણવિસ્તાર જોનારને આવું બધું સૂઝે, પણ સ્થાનિક રહેવાસીઓ તો ત્યાંની કઠણાઇમાં કચડાઇને એવા ઊર્મિહીન બની જાય છે, કે જેની કલ્પના થવી પણ મુશ્કેલ. અને વાસ્તવિકપણે તો રણનાં ભેંકાર એકાંત કે તેની વિરાટ એકતાનતામાં ચિત્રદૃષ્ટિ મેળવવા જેટલી મનની સ્વસ્થ વૃત્તિ રાખવી પણ અસંભવ. રણને જોઇ ઉદ્ગાર નીકળી જાય કે 'દરીયા ઘ્યો આયને!' અને જળમળના પુરાણથી બંધાએલા તથા દરિયાનું પાણી ખસી જવાથી રણ બનેલા, નદીઓને સમુદ્રસંગમના એ પુરાણા સૂકા પ્રદેશમાં આજે પણ જ્યારે પાણી ભરાય છે, ત્યારે વિશાળ મહાસાગરનો ખયાલ તે આપે છે.

રણમાં જ્યારે ચૈત્ર-વૈશાખમાં કોરીનાળમાંથી અરબી સમુદ્રની અને નકરી, કંડલા તથા કચ્છના હંજથલની નાળોમાંથી કચ્છના અખાતની આખરની ભરતીનાં પાણી ચડે છે ત્યારે તે સાથે સંખ્યાતીત દરિયાઈ કીટાણુઓ, શંખલા અને અન્ય ઝીણા જીવો ખેંચાઈ આવે છે. હંજ આ ઝીણી જીવાત ખાઈને રહે છે, એટલે હંજો-(સુરખાબ)ની વસાહત જ્યાં હોય ત્યાં ફોસ્ફેટ ક્ષારોની જમાવટ થાય છે. ચોમાસામાં જ્યારે અહીં ઘણા વહેળા અને નદીઓનું મીઠું પાણી આવી ભળે છે, ત્યારે એ ખારા-મીઠા પાણીના વહનમાર્ગમાં તેના મિશ્રણમાં સોનૈયા જેવી ઘણી જીવાતના વિચિત્ર પ્રકારોનો શંભુમેળો થાય છે. રણમાં આવી દરિયાનું પાણી જેવું શાંત દેખાય છે તેમ તેમાં આવી ભળતું નદીઓનું પાણી પણ સ્થિર બની રહે છે. રણમાં પહોંચીને કેમ જાણે નદીઓ પણ ત્યાં શક્તિ અને ગતિ ગુમાવે છે અને હાંફી જતી હોય તેમ સમ-સપાટી પર ફેલાઇને વિસ્તરી પડે છે. એ પાણીમાંનો જળમળ સપાટી પર બેસતાં નીતર્યો બની રહે છે. આમ લગભગ છએક મહિના લગી રણ પાણીભર્યું કે ભેજવાળું રહે છે. ડિસેમ્બરમાં તે લગભગ સુકાવા માંડે છે ત્યારે તેના અંતસ્તલમાં અને સપાટી ઉપર મીઠું બાઝે છે. કિનારે જ્યાં કાંઈ વનસ્પતિ હોય છે તેને આવરી લઇને બાઝતા મીઠાના કેલાસો જે આકૃતિઓ રચે છે તે તો જાણે માનવીના અણકલ્યા આવેગભાવો છતા કરતી કુદરતની નવકળાનું જીવન્ત સર્જન! આજે 'ક્રૉકર્નિસ્ટિક' (અનતન)કહેવાતી શિલ્પકળાની શૈલીના મીઠાના કેલાસોના બનેલા આવા કેટલાયે કુદરતી નમૂના ત્યાં મળી રહે છે. આજે તો ગુજરાત-સૌરાષ્ટ્ર બાજુના રણનાં ઢંઢોમાં મીઠાના અગરમાં ઠીક કામ ચાલે છે અને અગરિયાઓની ત્યાં સારી વસતિ છે. સાંભર અને રાજપૂતાનાનાં બીજાં લવણ-જલાશયોના લવણનું ઉદ્ભવસ્થાન પણ કચ્છનું રણ મનાય છે. સર ટી. એચ. હૉલેન્ડ અને ડૉ. ક્રાઈસ્ટીનું (Rec. G. S. I. Vol. xxxviii P. 2, 1909) અનુમાન છે કે દર વર્ષે ૧,૩૦,૦૦૦ ટન જેટલા નિમકના બારીક રજકણો પાકિસ્તાન અને ઉત્તર ભારતના લગભગ ૮૦,૦૦૦ ચોરસ માઈલના વિસ્તારોમાં પવનનાં તોફાનો સાથે ઊડી એ પ્રદેશમાં ફેલાય છે અને ત્યાંથી ચોમાસામાં ધોવાઈ એ ખારાં સરોવરોમાં ઉમેરાય છે. ભલે અતિ ચર્ચાસ્પદ, પણ આ નોંધ કચ્છના રણમાં રહેલા મીઠાની વિપુલતાનો ખયાલ તો આપી જ જાય છે.

પુરાકાલીન કચ્છ

આ ખયાલ આવતાંની સાથે પુરાણા ભારતનો નકશો નજર સામે તરવરે છે. તેમાં એક કાળે પવિત્ર સરસ્વતી ભારતની આ હદેથી થઈ વહેતી. ઘાઘરનું પાણી ત્યાં ઠલવાતું. આવો જ કોઈ પાણીનો સબળ પ્રવાહ પુનઃ અહીંથી વહેતો કરી આ ભૂમિને ફરી ફળવતી ન કરી શકાય? એ કાળે કચ્છ-સૌરાષ્ટ્ર બેટ હતા. કચ્છનો પ્રદેશ પણ કચ્છ, વાગડ, પચ્છમ, ખડીર, પ્રાંથડ, કુઆરી, બનિયાર, ધંધટો, ગોણિયાદો, કેશમારી, મરડક વગેરે નાના નાના ટાપુઓમાં વહેંચાએલો હતો. ત્યારે વાગડનું ચોબારી બારું હતું. ત્યાંથી નીકળી સિંધુના પ્રવાહનો એક નાનો ફાંટો ભચાઉ પાસેની નાળમાં સમુદ્રને મળતો. એ નાળ ઉપર, ભચાઉની ઉત્તરે, લોધીડા નામની માછીમારોની ત્યારે વસાહત હતી. આજે ય એ પુરાએલી નાળના સૂકા પટમાં લોધીડો આની યાદ આપે છે. એ નાળ પુરાઈ જઇને જમીનનું બંધારણ થયું. વાગડ ને કચ્છ જોડાઈ ગયાં, બન્ની બની તેને પચ્છમ જોડાઈ ગયું, અને પ્રાંથડ વાગડમાં મળી ગયું. ધરતી સદા સર્વદા એ જ સ્થિતિમાં રહી શકતી નથી.

આ થઈ જલપ્રવાહોના સાગર-સંગમ-પ્રદેશની અતિ પુરાણી વાત. સિંધુનો પ્રવાહમાર્ગ તો હજુ તાજો જ બદલાયો છે. અને રણના નિર્માણમાં તેની અસરનાં એંધાણ તાજાં જ છે. પૃથ્વીની ગતિની ક્રિયા



←મોટા રણને કાંઠે આવેલો કચ્છનો ઉત્તર પ્રદેશ દર્શાવતો નકશો←

૧૫ ('કુમાર' અંક ૩૭૭)



[કચ્છના રણના હાલ બે વિભાગ છે: સિંધ અને કચ્છની વચ્ચેનો ભાગ તે મોટું રણ, અને કચ્છ સૌરાષ્ટ્ર તથા ગુજરાત વચ્ચે આવેલો ભાગ તે નાનું રણ કહેવાય છે. પેરિપ્લસના સમયમાં મોટા રણ ઉપરનો જળવિસ્તાર સુકાતો જતો હતો, પણ નાના રણ ઉપર તો છેક ચાવડાઓના રાજ્યકાળ સુધી દરિયાનાં મોજાં ઊછળતાં રહ્યાં છે ને વહાણવટું ખેડાયા કર્યું છે. ઈ. સ. ૬૪૧માં ચીના મુસાફર હ્યુયાનચ્યાંગે મહીકાંઠાથી શ્રીમાલ તરફ જતાં માર્ગમાં એ સાગરવિસ્તાર જોયો હતો.

કચ્છનો એ રણસાગર, ઝિંઝુવાડાના ઝિલ્લાણંદ બેટ આગળથી સામુદ્રધુનીના આકારે ગુજરાત અને સૌરાષ્ટ્રની વચ્ચે વહીને નળ સરોવરને પોતાના અંગમાં સમાવતો ખંભાતના અખાતને જઈ મળતો હતો એ તો છેક મુઘલ કાળ સુધીની હકીકત છે. ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેની આ સામુદ્રધુનીને મુસલમાની કાળમાં પ્રવાસે આવેલા યુરોપિયનો સિંધુ નદીનો પ્રવાહ લેખતા. ઈ. સ. ૧૫૦૩માં આવેલા વાર્થેમાએ અને ઈ. ૧૬૭૨માં આવેલા બાલ્ડ્યુસે એ હકીકત લખી છે. આ પછી એ સામુદ્રધુની માત્ર ચોમાસા ને તે પછીના થોડાક માસ સુધી વહાણવટા માટે કામ લાગવા માંડી. છેક ૧૭૮૮ સુધી વર્ષમાં છ માસ તો ઘોઘાનાં વહાણો પાટણવાડે આવી ત્યાંનો કપાસ ભરી લઈ જતાં એમ સરકારી દફતરો ઉપરથી જણાય છે. ૧૮૧૩ની સાલમાં રૉયલ એશિયાટિક સોસાએટીના જર્નલમાં લેખ લખતાં મૅકમર્ડો જણાવે છે કે તેના સમયમાં વર્ષના છ માસ સૌરાષ્ટ્ર ગુજરાતથી છૂટું રહે છે ને કચ્છના રણ તથા ખંભાતના અખાતના વિસ્તાર વચ્ચે એક સામુદ્રધુની અસ્તિત્વમાં આવી જાય છે. ઈ. સ. ૧૮૨૦ના ધરતીકંપના પરિણામે સૌરાષ્ટ્ર દ્વીપ મટી કાયમને માટે ગુજરાત સાથે સંધાઇ દ્વીપકલ્પ બની રહ્યો. આ બનાવ પછી જ ઈ. સ. ૧૮૬૬માં વિરમગામથી વઢવાણ સુધી રેલવેના પાટા નાખી શકાયા ને ત્યાર પછી ધોળકા-ધંધુકા વચ્ચે નંખાયા. હજી પણ અતિવૃષ્ટિના સમયે ગુજરાત અને સૌરાષ્ટ્ર એકબીજાથી જુદાં પડી જાય છે, બંને રેલવે લાઇન ડૂબી જાય છે, કચ્છના રણથી તે ખંભાતના અખાત સુધી નળકાંઠા ઉપર થઇને વિશાળ જળપ્રવાહ વહેવા લાગે છે અને તેની નીચે ભાલની ધરતી ઢંકાઈ રહે છે. ઇ. ૧૯૨૭ની અતિવૃષ્ટિમાં એમ જ બનેલું.] ('ભૂતકાળની શોધમાં' નામના શ્રી અમૃત વ. પંડ્યાના લેખમાંથી)

આપણી
વિજ્ઞાનસંસ્થાઓ
૧૨

સેન્ટ્રલ ઈલેક્ટ્રૉનિક્સ એન્જિનીઅરિંગ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ

પિલાની (રાજસ્થાન)

કાઉન્સિલ ઑવ સાયન્ટિફિક ઍન્ડ ઇન્ડસ્ટ્રીઅલ રીસર્ચે (C.S.I.R.એ) પાંચ રાષ્ટ્રીય સંશોધન પ્રયોગશાળાઓની પ્રથમ યોજના કરી હતી. સૌથી પ્રથમ નૅશનલ કેમિકલ લૅબૉરેટરી પૂનામાં શરૂ થઈ (૧૯૫૦). પરંતુ જરૂરિયાત ઊભી થતાં વિજ્ઞાનના વધારે વિષયોને આવરી લેવા તેમાં બીજી છ પ્રયોગશાળાઓનો વધારો કરવામાં આવ્યો. આમ પ્રથમ તબક્કામાં અગિયાર રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ દેશમાં ઊભી થઈ. આ બધી સંસ્થાઓનો પરિચય, ગયા વર્ષે અપાઈ ગયો છે. હવે રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ સ્થાપવાની યોજના બીજા તબક્કામાં આવે છે, જેમાં ત્રણ નવી સંસ્થાઓનો સમાવેશ થાય છે.

મૅડમ ક્યૂરીની રેડિયમની શોધે દ્રવ્ય-રચનાને લગતા આપણા ખયાલોમાં દૂરગામી પરિવર્તનો પેદા કર્યાં છે. ડોલ્ટને આપેલો અણુ-રચનાનો ખયાલ આજે અદૃશ્ય થઈ ગયો છે: અણુ અવિભાજ્ય અને અવિનાશી રહ્યો નથી. દ્રવ્યની રચનામાં વીજળિક કણો આવેલા છે એમ હવે નક્કી થયું છે. દ્રવ્ય અણુઓનું બનેલું છે અને અણુની રચનામાં મૂળભૂત કણો ભાગ લે છે. અણુમાં ઇલેક્ટ્રૉન, પ્રોટ્રૉન, ન્યૂટ્રૉન વગેરે મૂળભૂત કણો હોય છે. આમાંના ઇલેક્ટ્રૉન નામના કણોએ વિજ્ઞાન અને ઉદ્યોગમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવવા માંડ્યો છે. ઇલેક્ટ્રૉનની મદદ વડે ચાલતી અનેક કરામતો યોજાઈ છે. જેમકે રેડિયો, વાયરલેસ, તાર-ટેલિફોન, રેડાર, ટેલિવિઝન વગેરે. આ બધાં આધુનિક સંસ્કૃતિનાં ઉપયોગી અંગો જેવાં બની ગયાં છે. ધાતુસંશોધન, પાવર એન્જિનીઅરિંગ ઇત્યાદિમાં ઇલેક્ટ્રૉનની કરામતો અનેક ઉપયોગમાં લેવાય છે. વિશ્વયુદ્ધમાં આવી કરામતો લશ્કરી કામ માટે ખૂબ ઉપયોગમાં લેવામાં આવી હતી: જેમકે ઇલેક્ટ્રૉનિકલ કરામતથી આકાશમાં વિમાન અથવા સમુદ્રમાં સબમરીન ક્યાં આવેલ છે એ શોધી કાઢવું. પ્રકાશનાં કિરણો અને ઇલેક્ટ્રૉનની પ્રક્રિયા કરીને ચિત્રો પણ એક જગ્યાએથી બીજે મોકલી શકાય છે. માપવિજ્ઞાનના ક્ષેત્રમાં પણ ઇલેક્ટ્રૉન વડે અદ્‌ભુત ફેરફારો કરી શકાયા છે, જેથી જલદીથી ચોકસાઈપૂર્વક માપ કાઢી શકાય છે અને સમય નક્કી કરી શકાય છે: જેમકે ઇલેક્ટ્રૉનિક ઘડિયાળ. ટૂંકમાં, આધુનિક ઉદ્યોગવિજ્ઞાનની એવી કોઈ શાખા નથી, જેમાં ઇલેક્ટ્રૉનની મદદ વડે યોજાએલી કરામતોએ ઉપયોગી સહાય ન કરી હોય.

આ નૂતન ઈલેક્ટ્રૉન-વિજ્ઞાનની ખિલવણી અને વ્યવહારુ ઉપયોગોની શોધમાં હિંદુસ્તાનનો ફાળો નજીવો છે. દેશમાંથી પ્રાપ્ય કાચા માલમાંથી રેડિયોના ભાગો બનાવવા સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું, પરંતુ એનો ઉદ્યોગ હજી પગભર થઈ શક્યો નથી. ૧૯૫૧–૫૨માં ૨૦૭ લાખ રૂપિયાના વાયરલેસનાં સાધનો ને ભાગો આયાત થયાં હતાં.

૧૯૫૦માં C.S.I.R.ના નિયામક (હવે સ્વ.) ડૉ. ભટનાગરે ઇલેક્ટ્રૉનિક સંશોધન માટે એક રાષ્ટ્રીય સંસ્થા કાઢવાની દરખાસ્ત શ્રી. જ. ડી. બિરલા આગળ રજૂ કરી. બિરલા કેળવણી ટ્રસ્ટમાંથી આ કાર્ય માટે એકત્રીસ લાખ રૂપિયાની સખાવત અને ચાલુ ખર્ચ માટે દર વર્ષે પચાસ હજાર રૂપિયા આપવાનું શ્રી બિરલાએ જાહેર કર્યું. અનેક મંત્રણાઓ અને વિધિઓ બાદ રાજસ્થાનમાં પિલાનીમાં આ સંસ્થા કાઢવાનું નક્કી થયું. અને ૧૯૫૩ના સપ્ટેમ્બરમાં તેનું ખાત-મુહૂર્ત વડા પ્રધાન પંડિત નહેરુએ કર્યું. આ સંસ્થા ૭૦૦ વીઘા જમીનના વિસ્તારમાં આવેલી છે. પિલાની બિરલા કુટુમ્બની જન્મભોમ છે; બિરલા ટ્રસ્ટની સખાવતને લીધે ત્યાં કેળવણીનું એક મોટું કેન્દ્ર ઊભું થયું છે; એક મોટી એન્જિનીઅરિંગ કૉલેજ પણ ત્યાં ચાલે છે; એટલે સ્થળની પસંદગી યોગ્ય થઈ છે.

ઈલેક્ટ્રૉનિક્સ એન્જિનીઅરીંગના ક્ષેત્રમાં સંશોધન અને ખિલવણી કરવી એ આ ઇન્સ્ટીટ્યૂટનો ઉદ્દેશ છે. આ સંસ્થા દેશમાં પ્રાપ્ય કાચા માલના ઉપયોગ પર ખાસ ધ્યાન આપશે, રેડાર અને બીજી ઇલેક્ટ્રૉનિક કરામતોની બનાવટ પર સંશોધન હાથ ધરશે અને ઉદ્યોગ સાથે નિકટનો સંબંધ જાળવીને સહકારપૂર્વક કામ કરશે.

ઇન્સ્ટીટ્યૂટના સાત વિભાગ કરવામાં આવ્યા છે: (૧) ઇલેક્ટ્રૉનિક સરકીટ (૨) ઈલેક્ટ્રૉનિક ભાગોની બનાવટ (૩) ઇલેક્ટ્રૉનિક સાધનોની બનાવટ (૪) ધ્વનિશાસ્ત્ર (૫) અલ્ટ્રા હાઈ ફ્રીક્વેન્સી અને હાઈ ફ્રીક્વેન્સી સાધનો (૬) લાયબ્રેરી ને માહિતી અને (૭) વર્કશૉપ. સંસ્થાનો જેમજેમ વિકાસ થતો જશે તેમતેમ નવા વિભાગો કાઢવામાં આવશે, જેમકે વૈદકમાં વપરાતાં ઇલેક્ટ્રૉનિક સાધનો, સંદેશવ્યવહારમાં ઉપયોગી સાધનોની બનાવટ વગેરે.

નરસિંહ મૂ. શાહ

પશ્ચિમથી પૂર્વ તરફની છે. મહા નદીઓના વહન ઉપર આની ગહન અસર થાય છે. વિષુવવૃત્તથી ધ્રુવ તરફ જે નદીઓનું વહન હોય છે તે ઘણુંખરું પૂર્વ તરફ ખસવાના દબાણના વલણવાળી રહે છે; તો જે નદીઓનું વહન ધ્રુવ તરફથી વિષુવવૃત્તની દિશામાં હોય તે વહન ઘણુંખરું પશ્ચિમ તરફના દબાણના વલણનું રહી, એ નદીઓ અગમ્યરીતે પશ્ચિમ તરફ ખસતી માલૂમ પડી છે. અને કુદરતી ઉત્પાતમાં એકાએક પણ એવું બન્યાનું નોંધાયું છે. આ પરસ્પર વિરોધાભાસવાળી ક્રિયા ઉત્પન્ન થવાનું કારણ પૃથ્વીની ધ્રુવ પાસેની ને વિષુવવૃત્ત પાસેની ગતિની ઝડપના પ્રમાણમાં ફેર છે, તે સ્પષ્ટ છે. આથી, સિંધુ ઉત્તરેથી નીકળી વિષુવવૃત્ત તરફની દિશામાં વહેનારી મહાનદી હોઈ, તેના વહનમાર્ગનું વલણ હમેશાં પશ્ચિમ તરફ ખસતા રહેવાનું સહજ રહ્યું છે.

સિંધુની બાબતમાં તો હિમાલયનાં ભૂસ્તરીય ખેંચાણો પણ કારણભૂત લેખાવાય છે. કચ્છના રણના નિર્માણમાં પણ આ ક્રિયાઓની મોટી અસર રહી છે. અને તાજી વાતોમાં તો, ટૉલેમી ઈ. ૧૫૦માં કચ્છના હાલના રણપ્રદેશમાંથી વહેતા લૂણીના પ્રવાહને 'લૂણીબારી' કહે છે. 'બારી' એટલે જેમાં વહાણવટું ચાલે તે. એ પ્રદેશને પાતાલ (delta) અને તેના કિનારાને ઠક્કા (કાંઠો shore) કહ્યો છે. યુઆન્ ચુઆંએ (હ્યુ-એન-સંગે) કચ્છનો ૫૦૦૦ લી (અથવા ૮૩૩ માઈલ)ની ગોળાઇનો જે વિસ્તાર નોંધેલો છે તે મુજબ એણે નગરપારકર, થર અને નીચે હાલના રણ તથા ધારબન્ની સહિતના ભાગને કચ્છમાં ગણ્યો છે. આ કચ્છપ્રદેશને તેણે નીચો, ભેજવાળો અને ક્ષારવાળો કહ્યો છે. આથી મુખ્યત્વે એણે કચ્છના રણપ્રદેશનો વિસ્તૃત ઉલ્લેખ કરેલો છે, એમ સાથે હકીકત નીકળે છે. યુઆન્ ચુઆં ઈ. ૬૪૧ના જૂનની ૨૦મીએ લગભગ કચ્છ તરફ આવવાનું નોંધાયું છે. આ પ્રદેશમાં ઈ. ૯૫૦ પછી મહા ધરતીકંપ થયાનો ઉલ્લેખ મસૂદી અને ઇબ્નુહૌકલ કરે છે. તે વખતે નાળોમાંથી આવતા સમુદ્રની ભરતીના પ્રવાહથી તથા નદીઓના જલપ્રવાહોની પરિસ્થિતિ પલટાઇને આ મહત્ત્વના ભૂસ્તરીય ફેરફારો થતાં, રણની હાલની સ્થિતિની સપાટીનું બંધારણ શરૂ થયું લાગે છે.

કચ્છનું ભૂસ્તરીય બંધારણ

રણની હાલની સ્થિતિમાં તેના લગભગ ૮,૦૦૦ ચે.રસ માઈલના એકંદર વિસ્તારમાંથી તેના આશરે ૧૦,૦૦ ચોરસ માઈલના વિસ્તારમાં મોટા પ્રમાણમાં મીઠાના જાડા થરો જામે છે. બાકીના વિસ્તારમાં મિશ્રિત ક્ષારો બાઝે છે અને અમુક સ્થળોમાં ચીરોડી પણ નીપજે છે. ખાસ કરીને નાના રણના દરિયા તરફ ને ચીરઈ પાસેની નાળમાં તેના બે ફૂટ કીચડ નીચે ચીરોડીનો ફૂટ-દોઢ ફૂટ જેટલો કેલાસનો થર ચાલુ જામ્યા જ કરે છે! આ સંજોગોમાં હાલ રણના લગભગ ૧,૯૦૦ ચોરસ માઈલના વિસ્તારમાં નદીઓનો જળમળ એકઠો થઈ જામે છે. નવી જમીનના બંધારણ માટે આ ભાગ સુધારણા હેઠળ લઇ શકાય તેમ હોઈ, હાલ કુદરતી જે ક્રિયા ચાલુ છે તેને ઝડપી બનાવવા-તેને વેગ આપવા-ની યોજના અમલી કરી શકાય. આ જ રીતે કચ્છના નાના રણમાં તેના લગભગ ૧,૪૭૪ ચોરસ માઈલના વિસ્તારોમાં બનાસ, સરસ્વતી, રૂપેણ વગેરે નદીઓનું પાણી ભરાય છે. અંદાજ છે કે નાના રણમાંથી લગભગ ૮,૭૦૦ ચોરસ ફૂટ મીઠાં પાણીનો પ્રવાહજથ્થો આ રીતે પસાર થાય છે. તેને જો યોગ્ય રીતે વાળી વહાવી શકાય તો ત્યાં નવી જમીનના બંધારણના કાર્યમાં તેને મદદરૂપ કરી શકાય.

કચ્છનું રણ વધે છે?

હમણાંહમણાં રણની જમીન સુધારીને તેનું નવનિર્માણ કરવાની વાતો થાય છે. પણ હાલ જ્યાં રણ છે ત્યાં તો જમીનની કુદરતી નવ-રચનાની ક્રિયા ભલે અતિ ધીરી, ખયાલ પણ ન આવે તે રીતે, પરંતુ અવિરતપણે ચાલ્યા જ કરે છે. પ્રથમ તો હાલ જ્યાં રણ છે ત્યાં પાણી જ હતું. ક્રમે ક્રમે તે જળમળથી પુરાઈ, કે બીજી રીતે જ્યાં અનુકૂળતા મળી ત્યાં ભૂસ્તર ઊંચું થાય છે. આ ધરાતલમાંથી ક્ષારોની અસર ઓછી થાય છે અને ક્રમેક્રમે વિકટમાં વિકટ પરિસ્થિતિનો સામનો કરી ઊગી શકે તેવી જોરાતી વનસ્પતિ ત્યાં કુદરત ઉગાડે છે. કાલક્રમે એ ક્ષારો ઘટી જમીન મીઠી સરી બનતાં ત્યાં સારી જાતનું ઘાસ ઊગે છે અને ખારી જમીનમાંથી 'બન્ની' બને છે. 'બન્ની' એટલે આ રીતે મીઠી બનીને ઘાસ ઉગાડતી જમીનવાળો પ્રદેશ. કુદરતની આ ક્રિયાને જ્યાં સાનુકૂળતા કરી દેવાય ત્યાં તે ઝડપી બને ખરી. બાકી રણ કાંઈ 'વધતું' નથી. "રણ વધી રહ્યું છે" એ તો એક વહેતો મુકાએલો ભ્રામિક બચાવ છે. રણકંઠારે રહેતી વસતિ પોતાની જ ધરતીને ઉજ્જડ કરીને પછી કહે કે રણ વધે છે એ બરાબર નથી. જમીનનો અને તે પર ઊગતી વનસ્પતિનો હદ વગરનો વપરાશ કરી, તેનું નખ્ખોદ કાઢી નાખીએ અને કહીએ કે વેરાન વધે છે એ કુદરત ઉપરનું ખોટું દોષારોપણ છે. કુદરત નવરચના માટે જ છે, પણ તેના કાર્યમાં અવરોધ મૂકો તો તેનો પરચો પણ પ્રત્યક્ષ છે. કચ્છના આ રણનો પ્રત્યક્ષ અનુભવ લેવાનું તો હવે બહુ સહેલું છે. કંડલા-ડીસા રેલવેનાં લખપત પીપરાલા સ્ટેશનો વચ્ચેના ૯૨ થી ૯૫ માઈલના પ્રદેશમાં ૪૦,૦૦૦ રૂપિયાના ખર્ચે તૈયાર કરાએલા ત્રણ માઈલ લાંબા બંધ ઉપરથી પસાર થતી રેલવેમાં બેઠાંબેઠાં રણનો ચિતાર અનુભવી શકાય છે; તેવી જ રીતે હવે સુરબારી-માળીઆ વચ્ચે રણના ૬ માઈલ જેટલા થવાના રાષ્ટ્રીય ધોરીમાર્ગના પસાર થવાના ભાગ ઉપરથી પણ રણ જોઇ શકાશે.

રણ વિષે આપણા લેખકોના ખોટા ખયાલ

બાકી હજુ આપણામાંના ઘણાને કચ્છના રણના ભૂસ્તર કે તેના સ્થિતિસંજોગોના લેશ માત્ર સાચો ખયાલ નથી. જો તેમ હોત તો ઘણા લેખકો રણના નિર્દેશ તથા ચિતારવાળી તેમની વાતો અને ચિત્રો વિશેષ વાસ્તવિક અને રંગદર્શી બનાવી શકત. ગુજરાતના મહારાજ્યની જાહોજલાલી જ્યારે ઉન્નતિની ટોચે હતી એ સોલંકીકાળનું આલેખન કરતાં કચ્છ અને તેના રણપ્રદેશને તેમાંથી બાકાત રાખી શકાય નહિ. પણ અત્યાર સુધી રચાએલી આપણી એ કાળની કેટલીક નવલો કે વાતોમાં જ્યારે કચ્છના રણનું બયાન વાંચીએ છીએ ત્યારે આપણે જાણે સહરા કે અરબસ્તાનના 'રેતી ભરેલા' રણમાંથી પસાર થતા હોઈએ એવો ભાસ થાય છે! વસ્તુતઃ કચ્છનું રણ એ પ્રકારનું છે જ નહિ. આપણે આંગણે પડેલા કચ્છના રણનો જો 'ખરો' ચિતાર આપી તેમાં તેના નાયકોને પરાક્રમ દેખાડતા આલેખવામાં આવે તો ભીમદેવ જેવા નાયકનું ખમીર તો છે તેથી વિશેષ ઓજસવંતું બની રહે અને સ્થળ તથા કાળની ઐતિહાસિક વાસ્તવિકતા સચવાય તે વધારામાં.

એક વખતે વૈદિક સરસ્વતીનો સાગર-સંગમ આ 'ઋણ'માં થતો. કચ્છના એ 'ઋણ સાગરે' તેની અંદર ઘણીઘણી મહા નદીઓના જળમળને સમાવી હાલનું સપાટ 'રણ' સ્વરૂપ ધર્યું છે. એવા સમરેખ દેખાતા રણના વિસ્તૃત ખારા પાટની સપાટી ઉપરથી 'બે' (ક્ષારમિશ્રિત માટીની અતિ બારીક રજ) ઊડે, ઘોખડ ઊડે, કલર ઊડે, પણ રેતી તો ન જ ઊડે, કચ્છના રણમાં રેતી નથી જ. માત્ર કચ્છના રણ-વિસ્તારને ઉત્તર કાંઠે થરમાં (હવે પાકિસ્તાનમાં) રેતીના થરો છે ખરા. આવા આ કચ્છના રણની મુસાફરીની વિકટતાઓ વિષમ છે. તેના વિષે ઘણા ભ્રમો સેવાય છે. તેની આફતો વિચિત્ર છે અને વિશિષ્ટતાઓ અનોખી છે. એનું બયાન કોઈ સમર્થ વાર્તાનવેશને સાંપડે તો તેના વર્ણન પાસે ઝાન્ત્વાને દ સૅંત એકઝુપેરીની 'વિન્ડ, સૅન્ડ ઍન્ડ સ્ટાર્સ' જેવી રણઉદ્યાનની વિખ્યાત વાર્તા પણ ઝાંખી પડે. શાસ્ત્રજ્ઞો ને વૈજ્ઞાનિક લેખકોએ, અને ખાસ કરીને બારાતુ ભૂસ્તરવેત્તાઓએ પણ કચ્છના રણને તેની ખાસ વિશિષ્ટતાઓ ધ્યાનમાં લઈ હમેશાં ચોકસાઈપૂર્વક 'રણ' તરીકે જ ઓળખાવ્યો છે. અંગ્રેજી કે અન્ય બીજી ભાષાઓમાં પણ તેને Runn of Kutch કહ્યો છે ક્યારે ય પણ તેને માટે desert શબ્દ વાપરવાની ભૂલ નથી કરી.

પચ્છમાઈ માથેથી જેમ રણનાં વાસ્તવિક સ્વરૂપોનું દર્શન થાય છે, તેમ તેના વિષે અનેકવિધ કલ્પનાઓના ખયાલ પણ મનમાં ઊઠે છે. રણમાં કાયમી પાણી રોકી તેને ખારા સરોવરમાં ફેરવી દઇએ તો? કાંઠે મીઠાના અગર પણ બનાવી દેવાય. અથવા રણવિસ્તારમાં નાળો ખોદી તેમાં સમુદ્રનું પાણી લાવી તેને કાંઠે ચેરિયાં વાવી શકાય? અને જો ૫૫,૫૧,૨૯૬ એકરનો કચ્છનો રણવિસ્તાર બન્નીમાં ફેરવાઈ ઘાસિયું મેદાન બને અને તે ૫,૨૯,૯૨૦ એકરના બન્ની વિસ્તારમાં ઉમેરાઈ જાય તો? તો ૧,૦૮,૬૩,૬૧૮ એકર જેટલો કચ્છના ક્ષેત્રફળનો એકંદર તમામ વિસ્તાર કસવાળો બની રહે. રણ વિસ્તારની એ સુધારેલી ધરતીમાં પછી, ભલે વિજયશમીની તો વિજયશમીની, પણ એક લીલી ઝાડી ઊગી જાય તો? આવું કાંઈક થાય તો જ તેમાંથી મીઠાના રજકણો ન ઊડે અને ભારતના ઉત્તર ભાગને રણની પરિસ્થિતિથી નુકસાન પહોંચતું અટકે. જ્યારે સૂર્યશક્તિ કે વાયુશક્તિનો સીધો ઉપયોગ કરવાનાં યંત્રો કામ કરતાં થઈ જશે, ત્યારે કે અણુયંત્રો વપરાતાં થયે કચ્છના રણ જેવું મેદાન ખરા ઉપયોગનું બની ન રહે? એમ થાય તો આ રણ-વિસ્તારનું મહત્વ ખરેખર વધી જાય. પચ્છમથી ખડીર અને ખડીરથી બેલા એમ રસ્તો બાંધ્યો હોય તો ત્યાં હરેક મોસમમાં અવરજવરની સુગમતા થવા સાથે એ ઊંચો બાંધો થવાથી ખડીરનું રણ ઝડપથી ઘાસ ઉગાડતી 'બન્ની'માં ન ફેરવાઈ જાય? ને પચ્છમ, ખડીર તથા બેલા સંપૂર્ણતયા કચ્છની ભૂમિ સાથે એકાકાર ન બની રહે? (ચાલુ)


કલાવાર્તા

અમદાવાદની 'આણંદજી કલ્યાણજીની પેઢી'એ આ મહિને એક સ્તુત્ય કાર્ય કર્યું. જૈન સમાજનાં ધર્મસ્થાનોના વહીવટ આદિની પ્રવૃત્તિ માટે નિર્મિત એ ટ્રસ્ટના મુખ્ય વહીવટકર્તા શેઠ કસ્તૂરભાઈ લાલભાઈના પ્રગતિમાન વિચારો અને સાંસ્કારિક દૃષ્ટિના સુભગ મિલનથી રાણપુર, આબુ-દેલવાડા અને પાલીતાણાનાં જૈન મંદિરોનો જે જીર્ણોદ્ધાર જૂની સ્થાપત્યપ્રણાલી સાચવીને નવી દૃષ્ટિ વડે લાખોના ખર્ચે હમણાં થયો છે ને થાય છે તેનો સવિસ્તર પરિચય ભવિષ્યમાં કરવા જેવો છે. પણ તે પહેલાં, પાલીતાણાના ધર્મગિરિ પર આવેલા પુંડરિક સ્વામીના દેરાસરનાં ભીંતચિત્રોનો જીર્ણોદ્ધાર કરવાના પ્રયત્નોમાંથી નીપજેલી કલાસેવાની નોંધ લઈએ.

હવે તો કદાચ ઘણા જાણતા હશે કે પ્રાચીન જૈન ધર્મગ્રંથોની પોથીઓનાં ચિત્રોમાં ગુજરાતની સૌથી જૂની અને તળપદી ચિત્રકળા સચવાએલી છે; અને ગૌરવની વાત તો એ છે કે ભારતીય ચિત્રકળાના ઇતિહાસમાં અજંતા પછી મળી આવતો પહેલો અંકોડો એ છે. આપણી એ પ્રાચીન ચિત્રણાની પ્રણાલી ઉપર જ ઉપર્યુક્ત ભીંતચિત્રો કરાવવાનું એ પેઢીએ ઠરાવ્યું એ અભિનંદનીય છે. તે માટે તૈયાર થએલાં ભગવાન ઋષભદેવના જીવન-પ્રસંગોનાં છ મોટાં (૬×૪ ફૂટનાં) ચિત્રોનું પ્રદર્શન આ મહિને અમદાવાદમાં યોજાયું હતું. શેઠ શ્રી કસ્તૂરભાઈના એક આપ્તજન શ્રીમતીબહેન ટાગોરે બંગાળી કલાકાર શ્રી ગોપેન રાયના સહકારથી કરેલાં એ ચિત્રો પૈકી થોડી ચૂંટેલી કૃતિઓ સાથે આપી છે. એ પ્રસંગે શ્રી રવિશંકર રાવળે તેની ઐતિહાસિક ભૂમિકા બાંધતો લખેલો આ નીચેનો લેખ તો ખાસ મનનીય છે.

ભારતના બૌદ્ધ અને જૈન સાહિત્ય તેમજ કથાઓ ચિત્રયુક્ત વર્ણનોથી ભરપૂર છે. તેથી જ મધ્ય યુગમાં જૈન ગ્રંથોમાં ચિત્રોની પ્રચૂરતા વ્યાપી છે એટલી બીજે ક્યાંયે જડતી નથી. આ ચિત્રપ્રકાર પર ઈ. ૧૯૧૩માં જર્મનીના વિદ્વાન ડૉ. હરમનનું પ્રથમ ધ્યાન ખેંચાયું અને પછી ૧૯૧૪માં ડૉ. આનંદ કુમારસ્વામીએ તેને વ્યાપક પ્રસિદ્ધિ આપી.

આ ચિત્રશૈલીના પ્રથમ નમૂના જૈન કલ્પસૂત્રો અને કાલકકથામાં તેમણે જોયા એટલે તેને પ્રથમ 'જૈન કલા' તરીકે ઓળખાવી; પરંતુ ઈ. ૧૯૨૫માં સ્વ. શ્રી કેશવલાલ ધ્રુવ સંપાદિત રસિક કાવ્ય 'વસંતવિલાસ'ના ચિત્રપટમાંનાં એ જ શૈલીનાં પંદરમા સૈકાનાં ચિત્રો ઉપરથી શ્રી નાનાલાલ મહેતાએ પ્રતિપાદન કર્યું કે એ શૈલી કેવળ સાંપ્રદાયિક નહોતી, પણ જનસાધારણમાં જાણીતી થએલી ગુજરાતની અનોખી શૈલી હતી. તે પૂર્વે ઈ. ૧૯૨૩માં આ લેખકે પણ તે ચિત્રોને ગુજરાતની તળપદી શૈલી તરીકે 'હાજી-સ્મારક ગ્રંથ'ની એક નોંધમાં ઓળખાવેલાં હતાં. તે પછી તો 'બાળગોપાળ સ્તુતિ', 'ચંડીપાઠ' આદિ અનેક ચિત્રયુક્ત ગ્રંથો મળી આવતાં એ વાતને પૂરો ટેકો મળી ગયો.



ભગવાન ઋષભદેવજીના જીવનપ્રસંગોની ઉપર્યુક્ત ચિત્રમાળાનું પ્રથમ ચિત્ર. જેમાં વચ્ચે ડાબી બાજુ ઋષભદેવનાં માતાને તેમના ગર્ભધારણ પહેલાં શુભ સૂચક ચૌદ સ્વપ્નોનું દર્શન થાય છે તે, તથા જમણી બાજુ તેમના પતિ એ મંગલ ચિહ્નોનો અર્થ તેમને સમજાવે છે એ પ્રસંગનું આલેખન છે. આ ચિત્રનું સંયોજન બીજી એક એ રીતે મહત્વનું છે કે તેની ડાબી તથા જમણી બે કિનારો ઉપર નાની બાર તકતીઓમાં ઋષભદેવના પૂર્વજન્મોની કથાનાં આલેખન છે, જેમાંનાં થોડાં ચિત્રો સામેના પાને આપ્યાં છે.



શ્રીમતીબહેન ટાગોર તથા ગોપેન રાય ચિત્રિત ભગવાન ઋષભદેવનાં જીવનપ્રસંગનાં ચિત્રો પૈકી એક: નગર બહારના ઉદ્યાનમાં ભગવાનનું કેશલુંચન

તે સાથે બંગાળ, નેપાળ ને દક્ષિણમાંથી અગિયારમાથી તેરમા સૈકાની જે ચિત્રપ્રતો મળીતેમાં પણએજ શૈલીનો વિસ્તાર દેખાયો; અને હવે સર્વમાન્ય હકીકત રૂપે એ શૈલી મુઘલ કળાના ઉદય પહેલાંની પશ્ચિમ ભારતમાં ખૂબ જ પ્રચલિત લોકકળા તરીકે ઓળખાય છે.

આ કળાનું સ્વરૂપ મૂળ ક્યાંથી ઉદ્‌ભવ્યું તે વિષે અનેક તર્ક થયા છે. ગુજરાતમાં તેના જૂનામાં જૂના નમૂના તેરમા સૈકાનાં જૈન તાલપત્રો પર છે, પરંતુ 'નિશીથચૂર્ણી' વગેરે ગ્રંથોના ઉલ્લેખ પ્રમાણે છેક નવમા સૈકામાં યે એવા ગ્રંથો હતા, અને નકલો ઉતારનારાઓએ પરિપાટી સાચવી રાખવા ખાતર તેમાં કશો પણ સુધારો કે ફેરફાર કર્યો નહોતો. તેરમા સૈકાની પ્રતો અને પંદરમા સૈકાની પ્રતોનાં ચિત્રો વચ્ચે ચિત્ર-સંકલના, ચિત્ર-વિધાન કે આલેખન–પ્રકારમાં કશો પણ ફરક પડતો નથી તેથી એ પ્રથાની સાબિતી મળે છે.

એટલે આપણે માની લઈએ કે સિદ્ધરાજ જયસિંહ અગર તેના પહેલાંના સમયમાં એ ચિત્રકળાના મૂળ સંસ્કાર ખીલ્યા હશે અને રૂઢિપરંપરાએ તેમાં અપભ્રંશ પ્રકાર આવ્યો હશે. છતાં કેટલીક પ્રતોમાંની સંસ્કારી કલમ અને રેખાના લલિત વ્યવહારથી જાણી શકાય છે કે એક વખત ઘણા નિષ્ણાત હાથોએ તેને જન્મ આપ્યો હશે. મળી આવતી પ્રતોમાં મોટે ભાગે દોઢ ચક્ષુવાળાં પાત્રો અને કથાપ્રસંગનેજ લક્ષીને રજૂ કરેલી ઇતર ચિત્રસામગ્રી બધાંમાં એકસરખી લાગે છે, છતાં તેમાં કથનશક્તિ મોળી પડતી નથી.

આ ચિત્રકળાને અજંતાની પ્રૌઢ ચિત્રશૈલી સાથે સરખાવી શકાય નહિ, પણ આઠમા સૈકામાં અજંતાનો પ્રભાવ લોપ થયા પછી ભારતમાં એ ચિત્રકળાની સાંકળ રૂપે જો કોઇ શૈલી હોય તો આ જ પ્રકાર મળે છે. અજંતા ઘણો વખત ઉજ્જયિનીના ગુપ્તોના અધિકાર નીચે હતી. એ જ અરસામાં માળવામાં વાઘ ગુફાનાં ચિત્રો પણ થયાં છે; એટલે માળવા, ગુજરાત અને લાટ ચિત્રકળાના સંપર્કથી વંચિત હોઈ ન શકે. અજંતાના છેવટના કાળનાં ચિત્રોમાં પણ ઊતરી ગએલી રૂઢ શૈલી અને રુક્ષ આલેખન જોવા મળે છે. તે સાથે ઇલોરાના કૈલાસ મંદિરની એક છતમાં દોઢ ચક્ષુવાળાં પાત્રોનું ચિત્ર છે. જેની નજીક **ભોજ પ્રમાર** લખેલું છે. આ 'ભોજ પરમાર' અગિયારમા સૈકાનો સિદ્ધરાજનો પુરોગામી સંસ્કારસ્વામી ભોજ હોય તો તેની સ્પર્ધા કરનારા સિદ્ધરાજે ગ્રંથો ને ચિત્રોનો પણ પૂર્ણ સમાદર કર્યો જ હોય.


જૈન ગ્રંથાગારોમાંથી મળેલી કેટલીક જૂનામાં જૂની ચિત્રપાટલીઓમાં અજંતાના મરોડ દેખાય છે. તેના નવા સ્વરૂપમાં અજંતાના અંગભંગો કે લાલિત્ય નથી, પણ અક્ષરલેખનની પેઠે ઝડપથી આકાર લેતી કડક અને એકસરખી રેખાઓથી બનતી અર્થવાહી રૂઢિબદ્ધતા છે. એ રૂપો અને આકારોનાં ખોખાં કોઈ કુસ્તાદ હાથે તૈયાર થયાં હોય અને પછીના ચિત્રકારોએ તેની પ્રાચીનતા અને સાંપ્રદાયિકતા સાચવવા તે પ્રમાણે જ હાથ ઘૂંટી લીધો હોય એમ સ્પષ્ટ લાગે છે. વખત જતાં ચિત્રોનાં પાનાં પર હાંસિયામાં નાનાવિધ વેલબુટ્ટી, જનાવરો અને પંખીઓ વગેરેનાં સુશોભનોથી અનેક જાતના વિવિધતાવાળા ગ્રંથો થયા છે, છતાં પાત્રો કે પ્રસંગોનાં ચિત્રો બદલાયાં નથી. રંગોની સંખ્યા પરિમિત હોય છે, પણ તે બધાનો સરસ મેળ કરવામાં આવ્યો છે. પાછળના સમયમાં જો કે સુવર્ણથી તેનું અલંકરણ વધ્યું છે, પણ પહેલાંનાં ચિત્રોની સ્વસ્થતા અને લય તેમાંથી ઓસર્યા છે. છતાં આ ચિત્રોની ખૂબી એ છે કે સામાન્ય માણસ તે જોઇ તેનું વસ્તુ ગ્રહણ કરી શકે છે. વાસ્તવિક દર્શન કરતાં લાક્ષણિક દર્શન આ ચિત્રણાના નિયમોમાં પ્રધાનપદે છે.

ભારતીય ચિત્રકળાના ઇતિહાસમાં ગુજરાતનો નામોલ્લેખ નહોતો, પરંતુ મધ્ય યુગની આ ચિત્રકળાના નમૂના બહુ પ્રમાણમાં ગુજરાતમાંથી જ મળ્યા હોવાથી ગુજરાતને તેનું ગૌરવ પ્રાપ્ત થયું છે. એની સર્જક અને પ્રેરક શક્તિ દ્વારા ગુજરાતની કળામાં નવસર્જનના પાયા મંડાતા જોઈ કોઈ પણ ગુજરાતપ્રેમીને આનંદ થશે. શ્રીમતીબહેન ટાગોર તથા શ્રી ગોપેન રાયે આ કળાનું હાર્દ અપનાવી ભગવાન ઋષભદેવના જીવનપ્રસંગો પર પોતાની કલમ વિકસાવીને જે ચિત્રપટો કર્યા છે તેની પાછળ જૈન ચિત્રકળાના સૈકાઓના વૈભવ અને સંસ્કારની બિછાત પ્રત્યક્ષ દેખાય છે. એમાંની ચિત્રસંકલના, પ્રતીકો, વેશભૂષા, અભિનયો અને રંગાવટ પ્રાચીન ગ્રંથચિત્રોના નવા અવતાર લાગે છે. પરંપરા કે પરિપાટીનો જરા પણ ભંગ કર્યા વિના તેમણે તેમાં સજીવતા અને ભાવસંનિવેશ આણીને કલાના મૂળ આચાર્યોના સંકલ્પો પ્રત્યક્ષ કરી બતાવ્યા છે. આધુનિકતાનો પડછાયો પણ નથી, છતાં આધુનિક કલાભિરુચિને પૂર્ણ સંતોષે એવી રીતે પટવિસ્તારમાં પ્રસંગોનું નિરૂપણ કર્યું છે તેમજ કથાનું અપૂર્વ નાટ્ય તત્ત્વ અને પવિત્ર ઉન્મેષ સાદ્યંત સાચવી રાખ્યાં છે. જૈન સંસારમાં જ નહિ પણ ભારતીય કલાના ઇતિહાસમાં તેમની આ કૃતિઓ પ્રગતિશાળી પ્રદાન ગણાશે. **(ર. મ. ર.)**

સામેના પાનાના ચિત્રનો પરિચય

ડાબીબાજુ પહેલા ચિત્રમાં ઋષભદેવજીના પ્રથમભવનો એક પ્રસંગ છે, જેમાં પોતે શ્રમણોની ઉપેક્ષા કર્યા બાદ પશ્ચાત્તાપથી તેમને ઘીનું દાન કરે છે તેનું આલેખન છે; બીજા ચિત્રમાં તેઓ પાંચમા ભવે લલિતાંગ દેવ તરીકે જન્મેલા ત્યારનું શ્રીપ્રભ વિમાનમાં તેમનું, તથા પત્ની સ્વયંપ્રભાદેવીનું આલેખન છે. તેમના પછીના જન્મે એ દેવી રાજકુમારી શ્રીમતી રૂપે જન્મે છે, જેણે પોતાના પતિ ક્યાં જન્મ્યા હશે એની ચિંતામાં પૂર્વભવનું કરેલું આલેખન લઈને તેની ધાવમાતા રાજમાર્ગ પર બેસે છે, જ્યાં રાજકુમાર વજ્રજંઘ રૂપે જન્મેલા ભગવાન આવીને તે જુએ છે તેનું ચિત્ર છેલ્લે છે. સુખમય લગ્નજીવન ગાળ્યા પછી પતિપત્ની પ્રવ્રજ્યા લેવાનો વિચાર કરે છે તેનું ચિત્ર જમણે મથાળે છે; અને તેની નીચે ભગવાન નવમા ભવે રાજવૈદ્ય તરીકે જન્મે છે ત્યારે પોતાના પૂર્વજન્મના પાંચ મિત્રો સાથે એક જૈન મુનિની સેવા કરી તેમનો કુષ્ઠરોગ મટાડે છે તેનું ચિત્ર છે.











પહેલા પાના ઉપરના ચિત્રને બે પડખે બાર તકતીઓમાં આપેલા ભગવાન ઋષભદેવના પૂર્વજન્મનાં પ્રસંગચિત્રો પૈકીનાં પાંચ ચૂંટીને અહીં આપ્યાં છે. પ્રાચીન ગુજરાતી ચિત્રશૈલીની મૂળ પ્રણાલી જાળવીને, સ્વચ્છ મુલાયમ રેખાઓ વડે તેને સંસ્કારીને કરેલાં આ ચિત્રોમાં એ સમયની વેશભૂષા, પાત્રો, સ્થાપત્ય આદિનો બોધ થાય છે. એમાંનાં પાત્રોના ભાવસંનિવેશ ઉપરાંત પાંચ-છ પ્રકારનાં વૃક્ષાલેખન; તથા વિમાન, વાદળ, બેઠકો, વાસણોના ઘાટ, સ્થાપત્ય-રચના, કાપડની ભાતો વગેરે કલાના અભ્યાસી ઉપરાંત સૌને રસદાયક થશે.

ટિકિટસંગ્રહ

આ યુગના એ સંસારવ્યાપી શૉખ વિષેની માહિતી આપતો વિભાગ

ભારતની પંચવર્ષી યોજનાના કાર્યને ચિત્રિત કરતી નવી ટિકિટો

દેશની પ્રાચીન સંસ્કૃતિનાં પ્રતીક રૂપ શિલ્પ-સ્થાપત્યની કૃતિઓનાં ચિત્રો દ્વારા આપણા પ્રાચીન ગૌરવની યાદ આપતી હાલ વપરાતી આપણી ટિકિટોની જગ્યાએ હવે આ આવતા ગણરાજ્ય દિન ૨૬મી જાન્યુઆરીથી જે નવી અઢાર ટિકિટો બહાર પડવાની છે તેના પરનાં સ્વતંત્ર ભારતના નવનિર્માણ માટેના પ્રજાના પ્રયત્નરૂપ આપણી પંચવર્ષી યોજનાના કાર્યક્ષેત્રને અંકિત કરતાં ચિત્રો ખરેખર સમયોચિત છે. ભારતના સિક્યોરેટી પ્રેસના કલાકારોએ ચિત્રિત કરેલી આ નવી ટિકિટો, પંચકોણતારકના વૉટર માર્કની ભાતવાળા કાગળ પર ફોટો ગ્રેવ્યોર પદ્ધતિથી છપાઈ છે. આમાં ૩ પાઇની ફાલસારંગની ટિકિટ પર ટ્રૅક્ટર, ૬ પાઇની જાંબલી ટિકિટ પર યાંત્રિક શાળ, ૯ પાઈની આછી તપખીરી ટિકિટ પર કોસ, ૧ આનાની નીલરંગી ટિકિટ પર બંધ ને ૨ આનાની બ્લ્યુ ટિકિટ પર રેંટિયા પર કાંતતી સ્ત્રીનું આલેખન છે. ૩ આનાની લીલી ટિકિટ પર હાથશાળ ચલાવતી નાગ જાતિની સ્ત્રી, ૪ આનાની લાલ ટિકિટ પર બળદની જોડ, ૬ આનાની આછી તપખીરી ટિકિટ પર મૅલેરિયા સામેની ઝુંબેશનું સાંકેતિક આલેખન, આઠ આનાની ઘેરી આસમાની ટિકિટ પર ચિત્તરંજન લોકોમોટિવ વર્કસ, ૧૦ આનાની લીલી ટિકિટ પર મુંબઈનું દૃશ્ય, ૧૨ આનાની વાદળી ટિકિટ પર બૅંગલોરની હિંદુસ્તાન એરક્રાફ્ટ ફૅક્ટરીનું ચિત્ર ને ૧૪ આનાની આછી લીલી ટિકિટ પર કાશ્મીરની રમણીય ખીણનું દૃશ્ય છે. ૧ રૂપિયાની ઘેરી લીલી ટિકિટ પર બૅંગલોરના ટેલિફોનના કામદારનું તથા ૧ રૂ. ૨ આનાની રાખોડી ટિકિટ પર કન્યાકુમારીની ભૂશિરનું ચિત્ર છે. ૧ા રૂપિયાની રતાશ પડતી જાંબલી ટિકિટ પર કાંચન જંઘા, ૨ રૂપિયાની કીરમજી ટિકિટ પર એલવાયેની ટેર અર્થ ફૅક્ટરી, ૫ રૂ. ની ઘેરી તપખીરી ટિકિટ પર સિંદરીનું રાસાયણિક ખાતરનું કારખાનું ને ૧૦ રૂપિયાની નારંગી ટિકિટ પર લોખંડ ને પોલાદના ઉદ્યોગનું ચિત્ર છે. *નીચે ગયા મહિને-દહેરાદૂનમાં મળેલી વિશ્વ વનવિજ્ઞાન કૉંગ્રેસ પ્રસંગે બહાર પડેલી ૨ આનાની ટિકિટ.





માંદગીનાં મૂળ

એ નામથી નવી શરૂ થતી લેખમાળાનો પહેલો હપતો

આરોગ્ય

લેખક

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



જીવનની જ્યોત


આયુર્વેદમાં શરીર, મન અને આત્માના સંયોગને જીવન કહેલું છે. (માણસના મગજમાં આવેલું) મન શરીરને વશ રાખે છે, જ્યારે આત્મા, એ મન તથા શરીર બંનેને વશ રાખે.

આપણી સર્વ કોઈ પ્રવૃત્તિનો આધાર આરોગ્ય ઉપર છે. એના વિના પ્રવૃત્તિ શક્ય નથી કે જીવનના આનંદનો આસ્વાદ માણી શકાતો નથી.

ત્યારે આરોગ્ય એટલે શું? આરોગ્ય એટલે માંદગી કે અશક્તિ વગરનું નરવું શરીર, એવી અભિપ્રેત માન્યતા છે. પણ આ અધૂરો અર્થ છે. આયુર્વેદમાં શરીર, મન અને આત્માના સંયોગને જીવન કહેલું છે. મન શરીરને વશ રાખે છે, જ્યારે આત્મા મન અને શરીર બન્નેને આધીન રાખે છે. (જુઓ બાજુનું ચિત્ર) આમ, મન અને શરીરનો ઘનિષ્ઠ સંબંધ છે. શરીરના આરોગ્ય સાથે મનનું આરોગ્ય પણ સંકળાએલું છે, સાથે આધ્યાત્મિક આરોગ્ય પણ. આયુર્વેદમાં આરોગ્ય માટે સ્વસ્થ શબ્દ યોજાયો છે. એટલે આરોગ્ય વ્યક્તિગત બાબત બને છે. કોઈ પણ બે વ્યક્તિઓની પ્રકૃતિ અને આરોગ્ય એક ના હોઈ શકે. 'સ્વ-સ્થ' સદ્વૃત્તથી પુષ્ટ થવાનો આલેખ છે. ઇન્દ્રિયો ને મનનો નિગ્રહ તથા તપ-સંયમાદિયુક્ત નૈતિક જીવન, એ સદ્વૃત્તનાં અંગો છે. સદાચારના પાલનથી મનની શાંતિ મળે છે. મનની શાંતિ વિના પૂર્ણ આરોગ્ય શક્ય નથી. આરોગ્ય એટલે અ-રોગતા એટલુંજ નહિ, પણ **પ્રસન્નાત્મેન્દ્રિયમનાઃ** ઇન્દ્રિયો આત્મા અને મનની પ્રસન્નતા પણ છે. પૂર્ણ આરોગ્ય એટલે શારીરિક, માનસિક અને સામાજિક આબાદાની—કલ્યાણ—(well-being)—ની અવસ્થા.



↑લગભગ બે અબજ વર્ષ પર માત્ર તપ્ત વાયુઓના ગોળા રૂપે ઉત્પન્ન થએલી પૃથ્વી પર માનવી સર્જાયાને તો હજી માત્ર પાંચ લાખ વર્ષ જ વીત્યાં છે. એટલે કે ઉપલી આકૃતિમાં બતાવ્યા મુજબ જો પૃથ્વીને જન્મ્યે હજી એક જ કલાક થયો હોય તો માનવીની ઉત્પત્તિનો તો હજી માત્ર ૫૬ સેકંડ જ વીતી છે.



પૃથ્વી પર જીવસૃષ્ટિનો વસવાટ મર્યાદિત છે. વિશ્વભરમાં વાતાવરણના થોડા માઈલોથી માંડી જલધિની થોડી ઊંડાઈ સિવાય એનું જીવન સંભવિત નથી (જુઓ ઉપર). સ્થળની જેમ કાળગણનામાં પણ એની મર્યાદા છે. જડસૃષ્ટિની ઉમરની તુલનામાં પ્રાણીસૃષ્ટિ 'બાળક' સમાન છે, અને એમાં યે માનવીનો જન્મ તો 'તાજેતર'નો છે.

આમ સ્થળ, અને કાળમાં મર્યાદિત અસ્તિત્વવાળી જીવસૃષ્ટિનું જીવન પરિસ્થિતિની મર્યાદિત હદમાં જ વિસ્તરી શકે છે. તેમાં યે વળી જુદીજુદી જાતનાં પ્રાણીઓ માટે જીવનની 'સુયોગ્ય સ્થિતિઓ' (optimum conditions) પણ જુદીજુદી હોય છે. માનવ સિવાયનાં બીજાં આંચળવાળાં પ્રાણીઓનો વસવાટ જુદીજુદી ભૌગોલિક સ્થિતિ અને ઠંડી કે ગરમ આબોહવાનાં કારણોસર અમુક વિસ્તાર પૂરતો જ સંભવી શકે છે, તો કપડાં અને બીજાં સાધનોના પ્રતાપે માનવી તો પૃથ્વીની સપાટીના કોઈ પણ ભાગ ઉપર જીવી શકે છે.

પણ વાત એમ છે કે દરેક જીવના જીવન માટે એવી 'સુયોગ્ય સ્થિતિઓ' અમુક પ્રમાણમાં જ પ્રવર્તે છે. જો આમ ના હોય તો માછલીઓ અને જીવાણુઓના જણતરથી સમુદ્ર અને હવા ખીચોખીચ ભરાઈ સંગીન બની જાય. દરેક પ્રાણીને જીવનવિગ્રહમાં અન્ય પ્રાણીથી રક્ષણ મેળવવા ઉપરાંત બીજી આવશ્યક બાબતો, સાનુકૂળ હવામાન, ખોરાકની પ્રાપ્તિ અને અપરંપાર અકસ્માતોમાંથી મુક્તિ મળેલી છે.

સતત પરિવર્તનશીલ જગતમાં 'સુયોગ્ય સ્થિતિઓ' ઓછી કાયમની રહે છે. વિજ્ઞાન તો કહે છે કે 'સુયોગ્ય સ્થિતિઓના ફેરફારોની પ્રાણીઓ ઉપરની અસરને લીધે જ જીવસૃષ્ટિની ઉત્ક્રાંતિ સધાઇ છે.' આ બધી વિગતો વિચારતાં એમ નક્કી થાય છે કે આરોગ્ય એ પ્રાણીની કુદરતી (inherited) અવસ્થા નથી, પણ એ એવી અવસ્થા છે કે જેમાં અપરંપાર વ્યવસ્થાપના અને પુનર્વ્યવસ્થાપના થઈ આપણા શરીરના અંદરની (આંતરિક) અને બહારની દુનિયાના સંબંધમાં સમતુલા જળવાઈ રહે છે.

શરીરની એ આંતરિક સમતુલા એટલે શું? આપણું શરીર અબજો કોષોનું બનેલું છે. કોષો સમૂહમાં ગોઠવાઈ અવયવો બને છે. અવયવો આપમેળે અને બીજાં અવયવોની સાથે સમતાલ રહી અટપટાં કામ ઉપાડી શરીર નભાવે છે. કોષોમાં અપૂર્વ જીવનશક્તિ છે. સ્થિર, સુયોગ્ય સ્થિતિમાં કોષ અનિયત કાલ સુધી જીવી શકે છે. એ તો જાણીતી બીના છે કે ડૉ. ઍલેક્સિસ કૅરેલ મુરધીના ગર્ભના હૃદયના ટુકડાને યોગ્ય પોષણ-માધ્યમમાં ઝીણવટભરી સંભાળ રાખી પચ્ચીસ વર્ષ પર્યંત વૃદ્ધિ પામતો જીવતો રાખી શક્યા છે. આમ, કોષ અમર તો છે, પણ પ્રતિકૂળ સંજોગોમાં એના પર તત્ક્ષણ વિપરીત અસરો ઊપજે છે. કોષની જેમ જ અવયવોનું છે.

કોષના જીવન-નિભાવ માટે તાત્કાલિક જરૂરિયાતો આટલી છે:

એકધારું ઉષ્મામાન, લોહીની અલ્કતા, અસ્ખલિત પોષણ અને વ્યય દ્રવ્યોનો અવિરત નિકાલ. વળી અસાધારણ સંજોગોમાં યોગ્ય કામગીરી માટે કોષ સંઘરામાંથી શક્તિ ખેંચવા શક્તિમાન હોવો જોઇએ. સમસ્તશરીરમાં કોષોનું એકબીજાસાથે જે સહનિયમનભર્યુંકાર્ય અટપટી ક્રિયાવિધિથી ચાલી રહ્યું છે તે આ બધી આવશ્યકતાઓ પૂરી પાડે છે. કોષોના એ સહનિયમનમાં જેટલી ઊણપ એટલું આરોગ્ય જોખમાય છે.

શરીરમાં એકધારું ઉષ્મામાન જાળવવા માટે તેમાં ગરમીનું ઉત્પાદન અંકુશિત–માપસર થવું જોઈએ અને એનો નાશ પણ એના યથેષ્ટ પ્રમાણથી થવો જોઈએ. ગરમી માંસપેશીઓની કામગીરીથી ઉત્પન્ન થાય છે. અને ફેફસાં તથા ચામડી (પરસેવો) દ્વારા ગરમીનો નાશ સધાય છે. શરીરની ગરમીનું આ નિયંત્રણ કરનાર કેન્દ્ર મગજમાં આવેલું છે. વળી થાઇરૉઇડ અને સુપ્રારિનલ ગ્રંથિઓ પણ આ કામ જાળવે છે. સામાન્ય કરતાં જુદા ઉષ્મામાનવાળું લોહી જો મગજના કેન્દ્રમાં જાય તો તરત જ જ્ઞાનતંતુઓ દ્વારા શરીરની લોહીની નળીઓ પહોળી થાય છે કે સંકોચ પામે છે, અને આ રીતે ગરમીનો આંક જળવાય છે. શરીર ટાઢું પડતાં થાઇરૉઈડ અને સુપ્રારિનલ ગ્રંથિઓના સ્રાવથી પેશીઓમાં રાસાયણિક ક્રિયાઓ થઈને ગરમી વધે છે. જોયું? ગરમી જેવા બહારના ઉત્પાતને પહોંચી વળવા શરીરમાં કેટકેટલી અટપટી ક્રિયાઓ કામે મચી પડે છે!

શરીરના કોષો લોહી અને લસીમાં તરબોળ રહે છે, જેમાંથી એમને પોષણ મળે છે. જીવન ટકાવવા આ પ્રવાહી 'અલ્કલી' રહેવું જોઇએ. લોહીમાં આવેલાં પોષણ દ્રવ્યો પણ દેહને જરૂરી પ્રમાણમાં મળતાં રહેવાં જોઇએ. પેશીઓની કામગીરી માટે કૅલ્શ્યમ, લોહ, ફૉસ્ફરસ ને બીજાં તત્ત્વો પૂરતા પ્રમાણમાં જોઇએ; પરંતુ જો તે વધુ પ્રમાણમાં થઈ જાય તો પાછા નુકસાનકારી નીવડે. લોહીનું અલ્કલીપણું, પોષણનો સ્વીકાર અને વ્યયદ્રવ્યોનો નિકાલ આ ત્રણ બાબતોની સમતુલા શરીરમાં ઘણી જ નાજુકાઇથી જળવાય છે.

ડૉ. આર્નોલ્ડ સોર્સબી લખે છે: 'આરોગ્ય એ કાંઈ ઈશ્વરી બક્ષિસ નથી કે જે મળ્યા પછી સદા કાયમ રહે. એ તો વિવિધ બળોની અસર નીચેસદા રૂપાંતરપામતીસમતુલા છે. માનવી એને ટકાવી કે ખલેલ પહોંચાડી શકે છે. જે ખલેલ પહોંચાડે છે એના જીવનનો હ્રાસ થાય જ છે.'

આપણું શરીર એ કાંઈ માત્ર લોહી, હાડકાં કે માંસપેશીઓ નથી. એમાં તો હૃદય, ફેફસાં, પાચનતંત્ર, ઉત્સર્ગતંત્ર, પ્રજનન-અવયવો વગેરે વગેરે છે, જેની માંસપેશીઓ વળી હાથપગની માંસપેશીઓ કરતાં જુદા પ્રકારની છે. એને કામ કરવા ઉત્તેજનાર જ્ઞાનતંત્ર પણ જુદી જાતનું છે, જે આપણી બુદ્ધિ કે ઇચ્છાને આધીન નથી એટલે કે અનિચ્છાવર્તી છે. એના ઉપર નિયંત્રણ કરનાર અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર અને અંતઃસ્રાવી ગ્રંથિઓ છે.

હાથપગની માંસપેશીઓ આપણી ઇચ્છાને આધીન રહી વર્તે છે, તો અનિચ્છાવર્તી માંસપેશીઓ અહેતુક પ્રતિક્રિયા અને ઊર્મિને આધીન છે. ઊર્મિ આપણી માનસિક શક્તિનો એક ભાગ છે.

સર્વ માનસિક શક્તિઓનો સંભાર 'મન' કહેવાય છે. મનના બે ભાગ છે: જાગ્રત અને અજાગ્રત. આ બંનેમાંથી કે એકમાંથી આવતી ઉત્તેજનાઓને લીધે માનવીમાં પ્રત્યાઘાત જાગે છે. આમાંથી આપણાં સુખ અને દુઃખની ભાવના પ્રગટે છે.

ઊર્મિનું સ્થાન ઊર્મિમગજ(Shalamus)માં છે, જે મગજના તળભાગમાં આવેલું છે. આના પ્રતાપે આપણે વિચાર ને તર્ક કરી શકીએ છીએ. મગજના આ ભાગમાં ક્રોધ, ભય, ધિક્કાર, પ્રેમ, કજિયો અને બીજી સંવેદનાઓ ઉદ્‌ભવે છે. આ પ્રબળ સંવેદનાઓ ઉપર વિચાર નો થોડો કે બિલકુલ સંબંધ નથી, પણ સંયમભર્યાં જીવનથી એના ઉપર થોડો અંકુશ આણી શકાય છે.

ઊર્મિ કેવી રીતે અસરો ઉપજાવે છે એ અંગે હારવર્ડના પ્રો. વૉલ્ટર બી. કેનનનો સિદ્ધાંત જાણવા જેવો છે. એમનું કહેવું છે કે છ જ્ઞાનેન્દ્રિયો (પાંચ જ્ઞાનેન્દ્રિયો ને છઠ્ઠું મન) દ્વારા વાતાવરણની છાપો મગજમાં જાય છે. ત્યાં એમની તારવણી ને નોંધણી થયા બાદ સંઘરાવા માટે તે ઊર્મિમગજમાં જાય છે અગર તો મગજમાં જતાં અગાઉ અહીં ઝડપાઈ જાય છે. આ છાપ કેવળ ભૌતિક અનુભવોની નહિ પણ અમુક પ્રકારની સંવેદનાઓ સાથે ગાઢ રીતે લપેટાઈ આવે છે. ધારો કે આપણને કોક પગમાં મારે, તો તે વખતે મારની વેદના સાથે ત્વરિત ક્રોધ અને બદલો લેવાની વૃત્તિ પણ પેદા થાય છે. અરે, અંધારામાં ખુરશી સાથે પગ અથડાય તો પણ એ જડ વસ્તુ પ્રત્યે આવી લાગણી પ્રગટે છે. બાળકના કોક ગુના માટે માતા સજા તરીકે જો ડામ દે તો એને અગ્નિની લાહ્ય તો બળે જ છે, પણ સાથેસાથે તેના ઊર્મિમગજમાં ગુનો, તિરસ્કાર અને દ્વેષની લાગણીઓ પણ સાંકેતિકરૂપે અંકિત થાય છે. અને મોટપણે જ્યારેજ્યારે લાહ્યનો સ્પર્શ કે દેખાવ નજરે પડે ત્યારેત્યારે એને બાળપણનો આખો બનાવ એકદમ તાજો થઈ આવે છે. આમ જીવનના દરેકેદરેક બનાવ તેમ જ અનુભવની વાસ્તવિક અને સાંકેતિક છાપ ઘડાઇને સંઘરાય છે, જે દરેક જણના અંતરમાં ચાલતા વિચાર-વિગ્રહના કારણરૂપ છે.

હવે જ્યારે તર્ક, બુદ્ધિ કે વિચારની પ્રેરણાઓ સંવેદનાઓ સાથે અફળાય છે ત્યારે મનમાં વિગ્રહ જામે છે. આમાં સમતુલા ના જળવાતાં પરિણામે દુઃખ આવી પડે છે. આમાં જ શારીરિક રોગોનાં મૂળ નંખાએલાં છે. એટલે જ્ઞાનતંત્ર સાથે દેહના બીજા ભાગોનો સમતુલાવાળો સંબંધ જળવાય તો આરોગ્ય કદી જોખમાતું નથી.

મહર્ષિ સુશ્રુત પૂર્ણ આરોગ્યની વ્યાખ્યા આપતાં લખે છે: '**समदोष: समाग्निश्च समधातुमलक्रिय: प्रसन्नात्मेन्द्रियमना: स्वस्थ इत्यवधीयते ॥** (સુ.સૂત્રસ્થાન ૧૫: ૪૧) જે વ્યક્તિમાં વાત, પિત્ત ને કફની સમતુલા જળવાય છે, જઠરાગ્નિની સમતુલા સાથે પાચન શોષણ અને મળવિસર્જનની સમતાલ ક્રિયાઓ થાય છે, અને જેનાં ઇન્દ્રિયો આત્મા ને મન પ્રસન્ન રહે છે એ સંપૂર્ણ આરોગ્યવાળો ગણાય છે.


ડૉ. જ્યૉર્જ ડ્રેપર કહે છે: 'આપણે જ આપણા રોગના પુરસ્કર્તા છીએ. આપણા દેહનાં તત્ત્વોનું સૂક્ષ્મ સમતોલપણું જાળવવાથી આરોગ્ય પ્રાપ્ત થાય છે. આરોગ્યમંદિરનો ઉંબરો 'સંવેદના'નો છે, તો એના ઉપર ટેકવાએલા બે થાંભલાઓ 'અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર' અને 'અંતઃસ્રાવી ગ્રંથિઓનાં છે. આના ઉપરનો ઓતરંગ 'અનિચ્છાવર્તી માંસપેશીઓ'નો છે. આ બધાની ઉપર મગજ છે, જેની જ્ઞાનશક્તિના પ્રતાપે બધો ભય નિવારી શકાય છે. આ બને છે આરોગ્યનો દરવાજો.'

આદર્શ શારીરિક અને માનસિક આરોગ્ય ભોગવતા માનવીનું શબ્દચિત્ર દોરતાં મહર્ષિ ચરક લખે છે: 'બધાં પ્રાણીઓનું ભલું ઇચ્છનાર, બીજાના સુખની ઇચ્છા ના કરનાર, સત્યવાદી, શાંતિપ્રિય, વિચારપૂર્વક વર્તન કરનાર, લોભ, ક્રોધ ઈર્ષ્યા, અભિમાન આદિ મિજાજની વૃત્તિઓને સંયમમાં રાખનાર, વૈરાગ્ય, જ્ઞાન અને શાંતિને વરેલા, આધ્યાત્મિક દૃષ્ટિ ને એક વિચારવાળા અને આ તેમજ પરલોકમાં શુભનું ચિંતન કરનારા માનવીનું જીવન સારું ગણાય છે.' (ચરક સૂત્રસ્થાન ૩૦-૨૪)

(હવે પછી 'માંદગી')



ચન્દ્રવદન મહેતાની આત્મકથા [૬]



તાજેતરનાં વર્ષોમાં પાડેલી લેખકની એક લાક્ષણિક તસ્વીર

પાછાં બેર્ન—બર્ન. ધીરુભાઈ અહીં છે એટલે આ ભૂમિ ગમે છે, કોણ જાણે! બીજા જ દિવસે એલ્સી મળી. એલ્સી તો યાદ છે ને? કે ભૂલી ગયા? રિલ્કેની ભગતાણી. એ કહે, તમે સ્વિટ્ઝરલાન્ડમાં બધે ફર્યા, પણ રિલ્કેની આરામગાહની યાત્રા ન કરી.

લઇ ગઈ: બેર્ન લોઝાં થઈ, જીનીવાના તળાવની અરધી કુદરડી ફરી, વીલાસ પાસેના નાનકડા પહાડ પર લઈ ગઈ. રસ્તે રિલ્કે; પહાડ ચડતાં પણ રિલ્કે! પાછા આવતાં પણ એણે રિલ્કે વિષે જ વાતો કર્યા કરી. એની કબર આગળ એણે મોનબરી ફૂલ મૂકયાં, ઊભી રહી, કંઈક ગણગણી અને આભો બની હું ચકિત નયને ત્યાંનું સુંદર દૃશ્ય જોતો હતો ત્યાંથી હાથ પકડી પાછી ગિરિતળેટી પર ઉતારી ગઈ.

અહીં કંઈ હવે મારે બહુ રહેવાનું નહોતું. વેરવિખેર પડેલો બિસ્તર બાંધવાનો હતો. ખોટું! બિસ્તરાની તો અહીં જરૂર પડતી જ નથી. પણ એમ કહેવાય જાણે! આંખ બતાવી ચૂકયો હતો. કોઈ ડાક્ટર કશું જ કરવા તૈયાર નહોતા; નુસખો પણ અજમાવવા સૂચવતા નહોતા. તો ફિર ચલો, માદરે વતન. સાંજે અમે બેર્નના સેલરમાં એકઠા થવાના હતા. અચાનક મુંબાઇથી સૉલી વીમાદલાલ એના કુટુંબ સાથે ફરતાં ફરતાં બેર્ન આવી પહોંચ્યો હતો. જૂનો જોગી: '૨૦-'૨૪નો એલ્ફિન્સ્ટોનિયન. સાંજના સૉલી બાટલીવાળા, સૉલી વીમાદલાલ, ધીરુભાઈ ને હું, મ્યુનિકમાં હિટલરે ખાસ બંધાવેલા એના સેલર જેવા અહીં બેર્નમાં એની નકલરૂપ પણ એવા જ ઘાટના બંધાએલા સેલરમાં જમવાના હતા. અહીં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનું જીવંત થાણું હતું, એટલે ખાવાપીવાની ગમ્મત આવશે માની અહીં એકઠા થયા હતા. બહુ બેઠા; બહુ ગપ્પાં હાંકયાં; તાજગીભર્યા પીણાં પી વિધવિધ વાનીઓ જમ્યા. અધીરી સાંજ તો પસાર થઈ ગઈ, ને રાત જામવા માંડી. જમી, જૂના દિવસોને ઘોળીવાગોળી યાદ કરી રસ્તા ઉપર આવ્યા. સૌસૌને મથકે ચાલતાં જ જવાનું નક્કી કર્યું. થોડું ચાલ્યા, એક વળાંક આવ્યો, રસ્તો કાતરતી એક ટ્રામ પસાર થઈ ગઈ, ચારે નદીનો પુલ ઓળંગી નજીકમાં આવેલા સૌસૌના મથકે હવે પહોંચી જવાનું હતું. ચારે ઊભા રહ્યા. ફરી એક વાર છૂટા પડવા અગાઉની હાહાહીહી કરી છૂટા જ પડતા હતા, ત્યાં સૉલી બાટલીવાળાએ ગજવામાંથી તાર કાઢયો: 'બપોરનો આવ્યો છે, પણ મેં રાખી મૂકયો: બધાની સાંજ બગડતે જાણી ન આપ્યો.' એમ કહી મૌન ધર્યું.

બધાએ ત્યાંની બત્તીમાં વારાફરતી વાંચ્યો. મારાથી વંચાતું નહોતું, પણ કોઈ કશું બોલ્યું નહિ. બે-ત્રણ નિસાસા સંભળાયા. ચૂપચાપ બધા છૂટા પડતા હતા. ના, એકે અક્ષર કોઈ ન બોલ્યું. સૉલીએ મારો હાથ પકડી ચાલવા માંડયું. ધીમે રહી કાનમાં મને કહ્યું: 'યુસુફ મહેરઅલી!'

જૂનો, જાણીતો, પરગજુ, મુલાયમ દિલનો એક સાથી ગયો. ખૂબ રિબાઇ રિબાઇને છૂટયો. કોકે મને યુસુફનો અર્થ સમજાવ્યો હતો. સ્વપ્નાં જુએ તે યુસુફ. કૉલેજમાંથી જ એણે સ્પેન અને ચીનમાં તડતડતી ચિનગારીઓ હાથ ધરવા માંડી હતી. યૂથ-લીગ અને વાનગાર્ડ, મુંબાઈ મ્યુનિસિપાલિટી અને કૅાંગ્રેસ: ધીમેધીમે ભારે કામના બોજા લેવા માંડ્યા હતા. પણ શરીર જેલમાં જકડાઇ ખખડતું જતું હતું તે લાંબે ગાળે પડયું. એક ગયો. ચાલો; રાત અંધારી હતી, અને ઈશ્વર અમને કયાંથી અજવાળાં બતાવે! બેર્નની એ ગોઝારી રાત હજી ભુલાતી નથી.

ત્રીજે કે ચોથે દિવસે ત્યાં પંડિતજી આવવાના હતા અને તે માટે સાંજે મિનિસ્ટર ધીરુભાઇને ત્યાં મેળાવડો ગોઠવવાનો હતો, એની ધમાલમાં અમે પડયા. પણ જીવ ગોઠતો નહોતો. હિન્દના પ્રાઈમ મિનિસ્ટર આવ્યા, એમણે પણ મહેરઅલીને ભારોભાર અંજલિ આપી, વાતે બેસી ખૂબ યાદો તાજી કરી. બેર્નમાં જવાહરલાલનો સારો સત્કાર થયો અને જ્યાં જ્યાં જમ્યા તે હોટેલવાળાએ એમના ફોટો બહાર લટકાવ્યા. અને...આ બધામાં સ્વિટ્ઝરલાન્ડથી નીકળવાનો દિવસ ઢૂંકડે આવી ગયો એની તો ખબર પણ પડી નહિ.

ધીરુભાઈના બંગલા પાછળના બાગમાં—લૉનમાં ઠીક જેવી ઠઠ એકઠી થઇ હતી. સાંજ નમી ગઇ હતી. લીગાશીઓ-લીગેશનના તો લગભગ બધા જ; ઉપરાંત બહારના, જેમની સાથે સારી જેવી ઓળખાણ થઈ હતી તે બધા રાતે જમવામાં હતા. જમી પરવાર્યા. આખરે



બર્ન(સ્વિટ્ઝર્લૅંડ)માં જવાહરલાલ; જમણી બાજુ: સ્વિટ્ઝર્લૅંડમાં ત્યારના ભારતના એલચી: ધીરુભાઈ મૂલાભાઈ દેસાઈ

મધુરીબેન, ધીરુભાઈ, સોલી અને હું રહ્યાં. અને પછી તો અમે ત્રણ ભેરુ જ થોડી વાતો કરતાં, મોટે ભાગે મૌન પાળતાં મધરાત સુધી બેસી રહ્યાં. પાછાં ક્યારે ય મળીએ! ઘણે વર્ષે એક શાંત ખૂણામાં બેઠાં છીએ. રાત ગઇ, સવારના જીનીવા પહોંચ્યાં. પ્લેન પકડવાનું હતું. પહેલા મિનિસ્ટર ધીરુભાઈ ભેટ્યા. મારાથી તો રડી પડાયું. 'ચલો, એમ રડો નહિ, સંભાળજો.' પણ તે ઘડીએ એ મિનિસ્ટર ક્યાં હતા? અમારો ભણતરકાળનો ધીરુ હતો. 'ધીરુભાઇ! તમે તો મારાથી દાયકે નાના. આ વર્ષે વનમાં પેઠો છું. નીકળ્યા ત્યારે ખરા. એટલે મળ્યા ત્યારે માનવું, નહિ તો રામરામ.' પણ એમ વાતોનાં ટાયલાં ગૂંથવા બેસો ત્યાં સમય કંઈ ઓછો જ રાહ જોઈ થોભી રહે છે? સૅાલી બાટલીવાળાએ કમર કસી, હિંમત ધરી અમને છૂટા પાડ્યા, ને મને વળાવ્યો.

'ના ચન્દ્રવદન, એવું કંઈ થવાનું? તું તો હજી બહુ જીવશે, અને આપણે મળીશું. ચાલો બેસી જાઓ, આવજો.' એટલા ધીરુભાઇના શબ્દો સાંભળ્યા અને અમે છૂટા પડ્યા. હાથો હલાવાયા. અંદર ગયા, બારણાં બંધ થયાં, પંખા ફર્યા, પ્લેન ચાલ્યું, થોડે દૂર જરા સ્થિર થયું. હવા ફેલાવી, પાંખ વિસ્તારી, ઊપડ્યું, થોડી જ વારમાં આલ્પ્સનાં શિખરો પર ઝઝૂમવા લાગ્યું. બે હિમકઠેરા વચ્ચે થઇ અલકતું મલકતું પરીલોકમાં સપનાં ભેગાં કરવા નીકળ્યું હોય એમ માહાલવા લાગ્યું.

આ યુરોપ! ફ્રાન્સ, જર્મની, સ્વિટ્ઝરલાન્ડ, ઇટાલી. પોઇંકારે, બિસ્માર્ક, રીશેલ્યુ, ગોલ્ડોની—અનેકાનેક રાજકાજ ધુરંધરો અહીં પારીસ, બર્લિન, મૉસ્કો ને લંડનનાં આલિશાશાં હૉટેલોમાં શતરંજના દાવ ખેલી ગયા છે. કોઈ રાજાનો તો કોઇ રાણીનો દાવ નાખે છે, કોઈ લડાઈની ભૂમિકા તૈયાર કરે છે, તો કોઈ શેહ આપી એને પીછેહઠ કરાવે છે. કોઇ પાછળથી શીંગડાં ભેરવવા મથે છે, તો કોઈ સામો ઘા મારી આખી બાજી ઉથલાવી પાડે છે. કુનેહભરી, મેલી-ગંદી, ચાલાકીભરી, જાતજાતની રાજરમતો અહીં ખેલાઈ છે...

આલ્પ્સની એક હારમાળા ઓળંગી ગયા. આ ચાંદી ચોડેલી બીજી ખીણમાં સરકતા જઇએ છીએ. કેટલો સુંદર, ભવ્ય ને સ્વચ્છ છે આ ગિરિપ્રદેશ! કૉલેજમાં ભણતા ત્યારે યુરોપનાં બહુ મોટાં ચિત્રો મનમા ઊપસતાં. એ આ યુરોપ. અહીં અમારામાંના બે-ધીરુભાઈ ને સૅાલી પણે પ્રાગથી અહીં પારીસ સુધી શતરંજ ખેલી રહ્યા છે. બે-ત્રણ પ્રસંગોમાં પ્રખ્યાત હૉટેલોમાં પાંચસાત ઍમ્બૅસડરો સાથેના જમણમાં હું પણ હાજર હતો. આ જ જીનીવા. ત્યાંના 'રીચમંડ'માં ત્યારના મજૂરપ્રધાન જગજીવનરામ સાથે જમણ પ્રસંગે ફ્રાન્સના અમુક ઍમ્બૅસેડરને વાતે વળગેલો રાખવાનું કામ ધીરુભાઇએ કેટલા વિશ્વાસથી મને સોંપ્યું હતું. ભારત—ભારતના ભાવિ માટે, એની યુરોપમાં કીર્તિ વધે, દિગંતમાં એનો સ્વતંત્ર અને નીડર નેજો ફરકતો રહે, એનાં સ્વમાન અને ગૌરવ નિરંતર વધતાં રહે એ માટે તાલાવેલી રાખનાર, એને માટે સતત દોડધામ કરનાર ધીરુભાઈ યાદ આવ્યા જ કરે. સ્વિટ્ઝરલાન્ડમાં તો એમણે ભારે આબરૂ જમાવેલી, એથી યે વધારે ભારતની—આલ્પ્સનાં શ્વેત શુભ્ર શિખરો જેટલી સ્વચ્છ અને ઉજ્જવળ. તે ત્યાં હિમાચલનાં ઉત્તુંગ શિખરો જેટલી ભવ્ય થાય એ માટે એમણે કાળજી કર્યા જ કરી, કર્યા જ કરી.

ડીપ્લોમસીની યે કળા છે. વિશાળ ચોગાનમાં ખેલતાં કુનેહ, અગમચેતી અને અનુભવની જરૂર છે. ધીરુભાઇને એવો કાંઈ અનુભવ નહોતો, છતાં માદરેવતન પ્રત્યેની અનન્ય એકનિષ્ઠા હતી.

રમવામાં આવતી તરેહતરેહની ચાલબાજીઓને કતરાવી કાતરી, સાદો અને સીધો ધોરી માર્ગ ગ્રહણ કરીને, પરિણામે દોઢસો વર્ષની ગુલામીમાંથી ઊગર્યા ઊભર્યા પછી તાજેતરમાં જ, કોઇ પણ હિન્દી ત્યાં જાય તો એના પ્રત્યે સૌ કોઈ માનથી અને અદબથી જુએ, મીઠાશથી એની બરદાસ થાય, એવું ભારેનું એ કામ, જહેમતથી શરૂ કરેલું એ કાર્ય. સૌ કોઇ એક અવાજે કહેતા કે ધીરુભાઈની જ એ મહેનત, એમની જ અથાગ ધીરજ, દોડધામ અને પરિશ્રમનું શુભ ફલ.

આલ્પ્સ લગભગ હવે અલોપ થઈ જશે, અને હમણાં આપણે વિશાળ મેડીટરેનિયનની ઝાલર ઝબોળાતી જોઈશું.

રોમ ઊતર્યા. વેનીસ, મિલાન, ફ્લૉરેન્સ, પૉમ્પી વગેરે શહેરોને હમણાં છોડી દઇએ. અહીં છેલ્લી વાર સરસ ચૉકલેટ અને સ્વાદિષ્ટ આઇસક્રીમ ખાઈ લઇએ. અહીંથી અમદાવાદના નવનીતભાઇ શોધન અને એમનાં ધર્મપત્ની ડૉલી બહેન પ્લેનમાં દાખલ થયાં, અને વાતો ડહોળતાં એમણે સાથે આણેલો જાતજાતની ચૉકલેટનો ડબ્બો અમે પ્લેનમાં જ પૂરો કર્યો. મેડીટરેનિયન ઓળંગી રાતે કેરો પહોંચ્યા.

આ આવે અરબી સમુદ્ર. જતાં પાંચ કલાક મોડા થયા. પાછા ફરતાં સૂરજ સામો આવે એટલે વખત કપાઈ જવાનો. ટૂંકમાં રાત કપાઇ ગઈ. હજી હમણાં તો સવારનો નાસ્તો કર્યો, અને એટલામાં મધ્યાહ્ન: બપોરનું જમવાનું! જતે દિવસે સૂરજની સાથેસાથે જ પ્લેન ચાલશે, એટલે ઘડિયાળ જ નહિ ચલાવવું પડે. ઘડીએ ઘડીએ સૂર્યોદય! અને સૂરજની જરી આગળ ઊડીએ તો પળેપળે ઉષા. ઉષાની ઉષા જ રહે: સૂર્યોદય થાય જ નહિ!

હમણાં અરબી સમુદ્ર ઉલ્લંઘ્યો કે મુંબાઈ! કોણ કોણ આવ્યા હશે? જતી વખતે તો હાથમાં કોઇએ ફૂલ તો કોઇએ સાથે લિફાફામાં નોટો પણ મૂકી હતી. મણિભાઈ ઝવેરીએ પાઉન્ડની નોટો મૂકી હતી, ચિમનલાલ ચિનાઇએ સોના ટુકડા સાથે વળી એક નવી એકની, એમ કવરમાં વળગાડી મૂકી હતી. મેં એ બધી યાદગીરી એમ જ અનામત રાખી હતી. બધાની યાદી ક્યાં બનાવીએ. ધડાધડ બધાં આવવા માંડયાં: બહેનો, ભાણેજો, મિત્રો......

જતી વખતે પદ્મા એનાં સાસરિયાં સાથે હતી. પદ્મા અને વસંત:

જેવી હસમુખી જોડી! એનું ગૌરવભર્યું હસતું મોં યાદ આવવા માંડ્યું, દોસ્તો, બિરાદરો...

ઊતર્યા. ચિમનલાલ ચિનાઇ એના મોટા દીકરાને લઈ સીધા સામા આવ્યા. 'પગે લાગ, પગે લાગ! કાકા અહીં હતા ત્યારે કેટલું કહેવા છતાં તારે માટે વહુ નહિ શોધી લાવ્યા. એની ગેરહાજરી દરમ્યાન જો તું શોધી લાવ્યો, એટલે એઈ મધુકર, ઇન્દુ, કાકાને પગે લાગો!'

'અરે, પણ છે શું?'

'આજે જ એના વિવાહ કર્યા! એટલે તો આખું કુટુંબ અહીં લઈ આવ્યો.' ચિનાઈએ ચલાવ્યું. એટલામાં ચન્દ્રકાન્ત ત્રિવેદી ઝળક્યા...

એમ ત્યારે! યુરોપ ફરી આવ્યા. ખૂબ જોયું, મિત્રોને મળ્યા. હજી આવ્યાને પૂરા છ મહિના તો થયા નથી. સવારના રેડિયોના સમાચાર સાંભળું છું, અને એકાએક ધીરુભાઈ ગુજરી જવાના ખબરે મને આભો બનાવી દીધો! અરે હજી હમણાં તો અમે છૂટા પડ્યા! હું મોટો અને વનમાં પેઠો તે કદાચ ખરી જાઉં, એમ હું કહેતો રહ્યો અને એ જ ચાલ્યા!

પૂરાં ચાર વર્ષ તો થયાં નથી અને લાલ કિલ્લામાં ભુલાભાઇ સાથે પેલી અદ્વિતીય એવી કોર્ટમાં ગુલામ પ્રજાના બળવો કરવાના હક્ક ઉપર હમણાં જ જાણે સાંભળ્યું હોય એમ ભુલાભાઈનાં ભાષણોનો ટંકારવ તો હજી તાજો જ છે. એ ચાલ્યા ગયા, ને એટલામાં ધીરુભાઇ? છે શું? મહેરઅલીનું તો ત્યાં સાંભળીને આવ્યા, અહીં સાંભળીએ છીએ ધીરુભાઈ ચાલ્યા! સાથીદારોએ ગઠરિયાં બાંધવા માંડી?

તાતા ઍર લાઈન્સનું એક પ્લેન આલ્પ્સના મોં બ્લાંના શિખર પર એક ઘુમ્મસિયા રાતે અફળાયું હતું. એમાં ભારોભાર હિન્દીઓ હતા. ત્રણ દિવસ સુધી એ પ્લેનનો પત્તો પણ મળતો નથી. આલ્પ્સના ચકોર અને કાબેલ શિખરિણીઓ એ શોધવા કામે લાગ્યા હતા. ધીરુભાઇએ પોતાનો પડાવ જીનીવામાં નાખી નબળે હૃદયે ત્રણ દિવસ સુધી પહાડોમાં રખડ્યા કર્યું. ડુંગરા ચઢ્યા-ઊતર્યા. ઠંડી, પવન, હિમ-પ્રપાત, વંટોળિયા, બધાં એકઠાં થઈ આલ્પ્સની ખીણોમાં મોતની ગરબી ગાતાં હતાં. તાજી માંદગીમાંથી ઊઠેલા, પણ હિન્દી ભાઇઓનાં શબની શોધમાં ધીરુભાઇએ સૌ કોઈ સાથે જહેમત કરી. એની મથામણમાં કથળેલા હૃદયના તંતુઓ પર અસર થઈ, અને એને અંગે આવેલી પથારીમાં એક સાંજે, હોળીને દિવસે ડાક્ટર સાથે વાત કરતાં, હસતાં હસતાં લીલા સંકેલી લીધી.

આ એકાવનની વાત, હવે ચાલો '૪૧માં. ૧૯૩૮થી '૫૪નો સરકારી નોકરીનો તબક્કો આપણે ઉડાવી દીધો છે: જાણી જોઇને જ. હવે નિવૃત્ત થયા એટલે નિરાંતથી, સ્વસ્થતાથી, ગભરાટ વિના, પંદર વર્ષના રેડિયોરંજનના એ કડવામીઠા અનુભવો લખીશું. મૂળ તો '૩૮માં જ પૂરું કરી એક '૪૧ની સાલનું આખરનું પ્રકરણ લખી, આ લખાણ પૂરું કરવું હતું, પણ વાત વધી ગઈ. વચ્ચે યુરોપનો ભુસ્કો ચીતરી દીધો.

ત્યારે અમે ખારમાં રહેતા. મારી માને એક વાર હરદ્વાર જવાની હોંસ થયા કરતી હતી, એટલે '૪૧ના માર્ચમાં એ માટે મેં ખાસ્સી રજા લીધી. મેં યે હરદ્વાર તો જોયું જ નહોતું, અને એ હરિદ્વાર છે કે હરદ્વાર છે, એનો ઝગડો વારંવાર અસલ સુરતમાં સાંભળતો, તે જાણવાની જિજ્ઞાસા પણ હતી; એટલે હરદ્વારની તૈયારીમાં અમે પડ્યા. જાત્રા તો નહિ પણ જેને સાથ આપવો હોય તે આવે એમ ગણી ઘણાંને વાત પણ કરી અને નીકળવાનો દિવસ ઢૂંકડે આવી ગયો.

બધું બરાબર હતું, તૈયારી પૂરેપૂરી હતી, ચાર દિવસની જ વાર હતી. સવારે દસ વાગ્યે હું રેડિયોમાં નોકરી પર. અગિયાર થયા. બેત્રણ જણા સ્નેહી મળી પણ ગયા. સાડા અગિયાર થયા અને ટેલિફોન આવ્યો, કે નાહીધોઈ બિસ્તરમાં મુસાફરીમાં લેવાનાં લૂગડાં બાંધી, થોડુંક સીવીને જમી લેવાનો વિચાર કરતાં હતાં, તે પહેલાં જરા આરામ લેવા બા સૂતાં, તે સૂતાં! બિસ્તર તૈયાર કરી લીધો હતો! ગઠરિયાં બાંધી લીધી! હું તો હરદ્વાર હવે જઇશ ત્યારે, પણ મા તો મૃત્યુના દ્વારમાંથી ત્યાં પહોંચી ગઈ! જે દીકરાએ માની કદી એવી નામ ગણાવવા ચાકરી કરી નથી, એવા દીકરાને માથે હરદ્વાર લઈ જવા જેટલી યે જવાબદારી નાખી બીચારાને તકલીફ આપવી, એના કરતાં આપમેળે એ રસ્તો લઇ લીધો! '૩૧માં બાપ ગયા, '૪૧માં મા ગઈ.

મા જીવતી હોય છે ત્યારે ઘણાંને એની કશી કિંમત જણાતી નથી. એ જાય છે પછી એની અનેક મમતા યાદ આવ્યા જ કરે છે, ભારેનો પશ્ચાત્તાપ થાય છે, અને એમાં મારા જેવા રખડુને, એની સાથે બહુ રહેનારને ખૂબ લાગે એ દેખીતું છે. લાગ્યું, રડ્યા, આજે યે યાદ કર્યા કરું છું, પણ હવે તો ક્યાં એ માનો ખોળો છે કે ત્યાં જઈ આંસુ ઢાળું?

હાસ્તો, હવે તો અસ્થિ લઇને હરદ્વાર પહોંચવાનું રહ્યું. બધી મન મનાવવાની વાત. પણ એવા સંતોષમાં માણસ થોડી આશ્વાસનની રાહત અનુભવે છે, એટલે અમારા જૂના સાથીદાર પરાગજી, એનું કુટુંબ, મારી એક બહેન દમયંતી અને હું હરદ્વાર ઊપડ્યાં. (ચાલુ)

ચાર દિલોજાન દોસ્ત. બધા ખૂબ જ પૈસાવાળા. તેમાંથી એકને જ્યારે લાગ્યું કે હવે મરણકાળ પાસે આવે છે ત્યારે તેણે ત્રણે મિત્રોને બોલાવી પોતાનું આયુષ્ય ખૂબ જ ટૂંકું છે એમ જાણ કરી અને પછી પૂછ્યું, 'મિત્રો, બોલો, મારા મરણ બાદ મારી એક ઇચ્છા પૂરી કરશો?' દરેક મિત્ર ગળગળો બની ગયો અને પોતે જરૂર પોતાના મિત્રની અંતકાળની ઇચ્છા પૂરી કરશે એવું વચન આપ્યું. એટલે તેણે કહ્યું, 'ભાઇઓ, મારી શબપેટી (coffin) જમીનમાં દાટવા માટે જ્યારે ખાડામાં ઉતારે, ત્યારે તેની ઉપર તમે દરેક જણ, એકએક ગીની મૂકશો?' મિત્રો તો આ વિચિત્ર માગણી સાંભળી આભા જ બન્યા. સૌએ સંમતિ દર્શાવી.

થોડે દિવસે મિત્ર મરણ પામ્યો. બધા સ્મશાનયાત્રામાં ગયા અને જ્યાં શબપેટી નીચે ઉતારવામાં આવી ત્યાં પહેલે વચન પ્રમાણે પોતાનું પાકીટ ખોલી તેમાંથી એક સોનામહોર કાઢી અને શબપેટી ઉપર મૂકી. બધા ડાઘુઓ તો આશ્ચર્યચકિત થઇ ગયા અને તેનું કારણ પૂછવા લાગ્યા. સૌને તેણે મિત્રની અંતિમ ઇચ્છાની વાત કરી અને કહ્યું કે આ બે મિત્રો પણ તે મૂકવાના છે. બધા આ સાંભળીને વિસ્મયથી બાકીના મિત્રો સામે જોવા લાગ્યા. બીજા મિત્રને લાગ્યું કે ગીની મૂકવામાં તો વાંધો જ નથી; આપણે બોલ્યા પણ છીએ; પરંતુ કૉફિન પર મૂકેલી ગીની તો આ ખાડામાં દટાઇ જવાની છે. એમાં લાભ કોને? એટલે તેણે ખિસ્સામાંથી ચેકબુક કાઢીને મરનારના નામનો એક ગીનીનો 'બેરર'નો ચેક લખી શબપેટી ઉપર ગોઠવ્યો અને મનમાં સંતોષ અનુભવ્યો કે મિત્રનું વચન પણ પળાયું અને ગીની પણ બચી. આ ચેક કોઈ વટાવવા જવાનું નથી.

ત્રીજો મિત્ર આ બધું જોતો હતો. તે મોટો વેપારી હતો, એટલે તેણે વિચાર ગોઠવ્યો કે અહીં પણ વેપાર જ કરીએ. તેણે પણ ચેકબુક કાઢી અને મરનારના નામનો ત્રણ ગીનીનો 'ઑર્ડર'નો ચેક લખીને તે શબપેટી ઉપર મૂકી ત્યાં પડેલી એક સોનામહોર અને 'બેરર'નો ચેક બંને પોતે ઉપાડી લીધાં! એટલે કે એણે ત્રણ ગીનીનો ચેક મૂકી બે પાછી લીધી. બેરરનો ચેક તો કોઇ પણ વટાવી શકે, પરંતુ ઑર્ડરનો ચેક તો મરનારની સહી વિના વટાવાનો જ નહિ. આમ પોતે આપેલું વચન પણ રાખ્યું અને નિરાંતે બે ગીની કમાઇને પોતાને રસ્તે પડ્યો.

ફોટોગ્રાફિક નેગેટિવ અને તેની સામાન્ય ખામીઓ

લેખક
ગોવિંદ એસ. મેવાડા
(કેમિસ્ટ્રી ડીપાર્ટમેન્ટ · ગુજરાત કૉલેજ)

ફોટોગ્રાફીનું વ્યવહારુ અને વૈજ્ઞાનિક જ્ઞાન આપતી લેખમાળા : ૯

ફિલ્મ તથા પેપરની જાત અને ગ્રેડ, તેમની ખાસિયતો, ફિલ્મ ધોવાની વિવિધ રીતો વગેરે બાબતોને લગતી માહિતી આગળના અંકોમાં આવી ગઈ છે. હવે નેગેટિવ તથા તે પરથી 'પ્રિન્ટ' (ચિત્રની છાપ) કેવી રીતે કાઢવી તે જોઇએ.

પ્લેટ, ફિલ્મ અથવા પેપર પર લીધેલી કોઈ પણ વસ્તુની પહેલી છબિને ધોયા બાદ તેમાં તેજ-છાયાની અસર ઊલટી જણાય છે, તેથી તેને 'નેગેટિવ' કહે છે. તેના પરથી ફોટોગ્રાફિક પેપર અથવા લૅન્ટર્ન-સ્લાઇડ અથવા તો ફિલ્મ પર બીજી નેગેટિવ કાઢવાના પરિણામે 'પૉઝિટિવ'—એટલે કે વાસ્તવિક સવળી છબિ તૈયાર થાય છે. આ રીતને 'ફોટોગ્રાફિક પ્રિન્ટિંગ' અને તેને પરિણામે નીકળતી છબિને 'પ્રિન્ટ' કહે છે. આ ઉપરથી સમજી શકાશે કે નેગેટિવ, એ મૂળ વસ્તુ તથા તેની પ્રિન્ટના વચગાળાની સ્થિતિ છે; એટલે તે જેટલી સમતોલ અને સંપૂર્ણ તેટલી તેની પ્રિન્ટ સારી આવે તે દેખીતું છે. તેથી પહેલાં નેગેટિવ અને તેની સામાન્ય ખામીઓ વિષે ટૂંકમાં જોઇએ.

નેગેટિવની પારદર્શકતા પ્રમાણે તેનું સ્થૂળ રીતે ત્રણ ભાગમાં વર્ગીકરણ કર્યું છે : (૧) સૉફ્ટ, (૨) નૉર્મલ અને (૩) હાર્ડ. સૉફ્ટ અને હાર્ડ નેગેટિવ માટે અનુક્રમે (એથી ઊલટા પ્રકારના) હાર્ડ અને સૉફ્ટ ગ્રેડના પેપર વાપરી સપ્રમાણ (નૉર્મલ) છબિ મેળવી શકાય. પણ ઘણી વખત નેગેટિવ અત્યંત સૉફ્ટ અથવા અત્યંત હાર્ડ થઈ જાય છે. નેગેટિવ સૉફ્ટ થવાનાં કારણોમાં (૧) અપૂરતું એક્સપોઝર અથવા ડેવેલપમેન્ટ (૨) વપરાઇ ગએલું ડેવેલપર ફરી વાપરવું તે અથવા (૩) ઘણા ઠંડા ડેવેલપરમાં ધોવું વગેરે છે; જ્યારે ઘણી હાર્ડ નેગેટિવ નીચેની બાબતોનું પરિણામ છે : (૧) વધારેપડતું એક્સપોઝર યા ડેવેલપમેન્ટ (૨) જલદ કે વધારે આલ્કલીવાળા ડેવેલપરનો વપરાશ (૩) તદ્દન બ્રોમાઇડ વિનાના કે અપૂરતા બ્રોમાઈડવાળા ડેવેલપરનો વપરાશ (૪) વધારે એક્સપોઝર આપેલી ફિલ્મને લાંબો વખત ધોવી તે; વગેરે.

આવી અત્યંત સૉફ્ટ અથવા હાર્ડ નેગેટિવ પરથી પ્રિન્ટ કાઢવી મુશ્કેલ હોવાથી કંઈક સંતોષકારક પ્રિન્ટ મેળવવા માટે પહેલાં તેના પર રાસાયનિક ક્રિયા કરીને, સૉફ્ટ નેગેટિવ હોય તો તેને 'ઈન્ટેન્સીફાઇ' કરવી જોઇએ અને હાર્ડ નેગેટિવ હોય તો તેને 'રિડ્યૂસ' કરવી જોઇએ. પણ આ બન્ને રીતો અજમાવતાં પહેલાં નેગેટિવમાં હાઇપો(સોડિયમ થાયોસલ્ફેટ)નો અંશમાત્ર રહેલો હોવો ન જોઇએ, નહિ તો નેગેટિવ પર પીળા ડાઘ પડી જશે.

ઈન્ટેન્સીફિકેશન Intensification :

આ ક્રિયામાં નેગેટિવ પરના સિલ્વર ઉપર કોઇ અનુકૂળ ધાતુ અથવા તેનો ક્ષાર પૂરતા પ્રમાણમાં ચડાવીને છબિની કાળાશ વધારવામાં આવે છે. મર્ક્યુરિક ક્લોરાઈડ(કોરોસીવ સબ્લીમેટ)ના ઉપયોગથી આ ક્રિયા કરી શકાય છે પણ એ કાતિલ ઝેર હોવાથી ખૂબ સાવચેતીથી વાપરવું. તેને બદલે પોટાશ ડાયક્રોમેટ પણ વાપરી શકાય છે. તેની રીત નીચે મુજબ છે :

(૧) પાણીમાં પાંચેક મિનિટ રાખી ભિંજાવેલી નેગેટિવને પહેલાં ૧૦૦ સી. સી. પાણીમાં બે ગ્રામ મર્ક્યુરિક ક્લોરાઈડ તથા બે ગ્રામ નવસાર ઓગાળેલા દ્રાવણમાં મૂકીને તેની કાળાશવાળો ભાગ રાખોડી રંગનો થાય ત્યાં સુધી ધોવી. પછી પાણીથી બરાબર સાફ કરી કોઇ પણ સાદા ડેવેલપર—કોડૅક ડી. ૧૬૩ અથવા ફોકલ યુનિવર્સલ (જુઓ કુમાર અંક ૩૭૧, પાન ૪૫૨)—માં ધોઈ નાખવી.

(૨) ઉપરની રીત કરતાં ડાયક્રોમેટવાળી નીચેની રીત વધુ વપરાશમાં આવી છે : પહેલાં આશરે ૫૦ સી. સી. પાણીમાં એક ગ્રામ પો. ડાયક્રોમેટ ઓગાળવું. પછી તેમાં અર્ધો સી. સી. મીઠાનો જલદ તેજાબ ઉમેરીને ખૂટતું પાણી ઉમેરી, બરાબર ૧૦૦ સી. સી. બનાવવું. આ પછી ઠંડા પાણીમાં પાંચેક મિનિટ રાખી ભિંજાવેલી નેગેટિવને આ દ્રાવણમાં થોડો સમય રાખવાથી તેની છાપ અદૃશ્ય (bleach) થશે. ત્યાર બાદ તેને પાણીથી ધોઈ, કોડૅક ડી. ૧૬૩ અથવા ફોકલ યુનિવર્સલ ડેવેલપરમાં, છબિ બરાબર વિકસે ત્યાં સુધી વીજળીના અથવા દિવસના પ્રકાશમાં (તડકામાં નહિ) ધોઇ નાખવી. પાણીથી સારી રીતે સાફ કર્યા બાદ ઍસિડ ફિક્સિંગ બાથમાં ફિક્સ કરી ધોઇને સૂકવી દેવી. આ રીતમાં

સૉફ્ટ નૉર્મલ અને હાર્ડ એ ત્રણ પ્રકારની નેગેટિવોનો ખયાલ આપતાં ચિત્રો



આવી સૉફ્ટ નેગેટિવ માટે હાર્ડ પેપર જોઇએ



નૉર્મલ નેગેટિવ : આને માટે નૉર્મલ પેપર



આવી હાર્ડ નેગેટિવ માટે સૉફ્ટ પેપર જોઇએ

એક ફાયદો એ છે કે એક વખતના પ્રયત્નથી છબિ બરાબર ન વિકસે તો આ રીત ફરીથી અજમાવી યોગ્ય છબિ મેળવી શકાય છે.

રિડક્શન (Reduction):

રાસાયણિક રીતે જે રિડક્શન થાય છે તેને આ સાથે કંઈ સંબંધ નથી. અહીં, રિડક્શન એટલે નેગેટિવની ઘેરાશ(કાળાશ)માં ઘટાડો. રાસાયણિક રીતે થતી આ ક્રિયામાં ખરી રીતે તો ઑક્સીડેશન થાય છે. નેગેટિવના સિલ્વરને સામાન્ય રીતે હાઇપોના દ્રાવણમાં ઓગળે તેવા ક્ષાર(સલ્ફેટ, ક્લોરાઈડ અથવા ફૅરોસાયેનાઈડ—Sulphate, chloride, ferrocyanide)માં જરૂર લાગે ત્યાં સુધી ધોઈ નૉર્મલ નેગેટિવ મેળવી શકાય છે.

રિડ્યૂસ કરવાની નેગેટિવની સ્થિતિ તથા કામના પ્રકાર પ્રમાણે રિડકશન કરવાની જે મુખ્ય ત્રણ રીતો છે તે જોઇએ:

(૧) વધારે એક્સપોઝર પડી જવાથી કાળી થઈ ગઈ હોય તેવી, તથા છાયાવાળા ભાગમાં પણ ફૉગની અસર થઈ ગઈ હોય તેવી નેગેટિવોને રિડ્યૂસ કરવા માટે પો. ફેરીસાયેનાઈડ અને હાઇપોના મિશ્રણવાળું દ્રાવણ વપરાય છે. હાવૅર્ડ ફાર્મરના નામથી પ્રસિદ્ધ થએલું આ રિડ્યૂસર નેગેટિવની સપાટી પરની એકસરખી જાડાઈનું પાતળું પડ જાણે ઉખાડી લેવાતું હોય તેવી રીતે આખી સપાટી પરથી સિલ્વર દૂર કરે છે; એટલે, પ્રમાણમાં જોતાં છાયાવાળા ભાગમાંથી ઓછું અને પ્રકાશવાળા ભાગમાંથી વધારે સિલ્વર દૂર થઈ કાળાશ ઓછી થાય છે: પરિણામે નેગેટિવનો પડછો વધે છે. આવી નેગેટિવને રિડ્યૂસ કર્યા બાદ સૉફ્ટ પેપર પર પ્રિન્ટ કાઢવી. રીત: ૧૦ ગ્રામ પોટાસ ફેરીસાયેનાઈડને આશરે પોણોસો સી. સી. જેટલા પાણીમાં ઓગાળી, પછી ખૂટતું પાણી ઉમેરી બરાબર ૧૦૦ સી.સી. બનાવી લેવું. (૧૦૦ સી.સી.-માં ૧૦ ગ્રામવાળું આ દ્રાવણ એ ૧૦ ટકા દ્રાવણ કહેવાય. તે જ પ્રમાણે જોઈતી ટકાવારીવાળાં દ્રાવણો બની શકે). પછી નેગેટિવને રિડ્યૂસ કરવા માટે ૫ સી. સી. જેટલા આ દ્રાવણમાં ૧૦૦ સી. સી. પાણી ઉમેરી, તેમાં એક ગ્રામ હાઇપો ઓગાળવાથી રિડ્યૂસર બનશે. આ તાજા રિડ્યૂસરમાં, પહેલેથી પાણીમાં પાંચેક મિનિટ સુધી ભિંજવેલી નેગેટિવને સંતોષકારક છબિ દેખાય ત્યાં સુધી ધોવી. તે કરતાં વધુ સમય સુધી રહેશે તો છબિ કાયમને માટે અદૃશ્ય થઈ જશે. છેવટે પાણીમાં બરાબર સાફ કરી લેવી.

(૨) ડેવેલપરમાં વધુ સમય સુધી રહેવાથી, અથવા ગરમ ડેવેલપરમાં ધોવાથી, કે જલદ ડેવેલપર વાપરવાથી કાળી પડી ગએલી નેગેટિવો માટે પો. પરમૅંગનેટ potash permanganate એકલું અથવા તેની સાથે

આ લેખમાળામાં ઉપયોગી કોષ્ટકો

૧ પાઉન્ડ=૧૬ ઔંસ=૪૫૩·૬ ગ્રામ

૪૩૭·૫ ગ્રેઈન=૧ ઔંસ=૨૮·૩૫ ગ્રામ

૧૫·૪૩ ગ્રેઈન=૦·૦૩૫૨૭ ઔંસ=૧ ગ્રામ

૧ ઔંસ=૨૮·૪૧ સી. સી.

૩૫·૨ ઔંસ=૧૦૦૦ સી. સી.=૧ લીટર

૧ ગૅલન=૧૬૦ ઔંસ=૪૫૪૬ સી. સી.=૪·૫૪૬ લીટર

૧૬·૯ મિનિમ્સ (ટીપાં)=૦·૨૮૧૬ ડ્રામ=૦·૦૩૫૨ ઔંસ=૧ સી.સી.

ફેરનહાઈટ	સેન્ટીગ્રેડ	ફેરન હાઈટ	સેન્ટીગ્રેડ
૬૦	૧૫·૬	૭૦	૨૧·૧
૬૫	૧૮·૩	૭૫	૨૩·૯
૬૬	૧૮·૯	૮૦	૨૬·૭
૬૭	૧૯·૫	૮૫	૨૯·૫
૬૮	૨૦	૯૦	૩૨·૨

એમોનિયમ પરસલ્ફેટ ammonium persulphateવાળું રિડ્યૂસર વપરાય છે. આ રિડ્યૂસર નેગેટિવના તેજ-છાયાવાળા ભાગમાંથી તેજ અને છાયાના સિલ્વરને દૂર કરે છે, એટલે કે છાયાવાળા ભાગમાંથી ઓછું અને પ્રકાશવાળા ભાગમાંથી વધારે.

રીત: ૧૦૦ સી. સી. પાણી લો. તેમાં પરમૅંગનેટનું એક ટકાવાળું દ્રાવણ અઢી સી. સી. અને એક ટકાવાળું દ્રાવણ એક સી. સી. ઉમેરો. આ રિડ્યૂસરમાં ઉપર જણાવ્યા પ્રમાણે નેગેટિવ રિડ્યૂસ કરી લેવી.

અથવા પો૦ પરમૅંગનેટના દ્રાવણમાં અઢી ગ્રામ મોનિઍયા પરસલ્ફેટ ઉમેરી, તેમાં નેગેટિવ રિડ્યૂસ કરી, છેવટે પાણીથી સાફ કરી લેવી. આ બન્ને રીતોમાં નેગેટિવ પર પીળા ડાઘ પડવા એ સામાન્ય બીના છે. તે દૂર કરવા તેને સો. સલ્ફાઈટના દસ ટકાવાળા દ્રાવણમાં ધોવી.

(૩) ઓછું એક્સપોઝર આપી લાંબા સમય સુધી ડેવેલપરમાં ધોઈ હોય તેવી, તથા સામા પ્રકાશમાં ફોટા પાડવાથી કાળી પડી ગઈ હોય તેવી નેગેટિવો સુધારવા માટે ઍ૦ પરસલ્ફેટમાં ઍસિડ ઉમેરીને બનાવેલા દ્રાવણમાં ધોવામાં આવે છે. તેનાથી નેગેટિવના પ્રકાશવાળા ભાગ ઉપર પ્રમાણમાં વધારે અને છાયાવાળા ભાગ ઉપર નહિ જેવી અસર થઈ પડછો ઓછો થાય છે. રીત: ૧૦૦ સી. સી. પાણીમાં અઢી ગ્રામ ઍ૦ પરસલ્ફેટ અને ૧ સી. સી. ગંધકના તેજાબ ઉમેરી ઉપર (૨) મુજબ ધોઈ લેવી.



લવંગ

પાન ખાવાથી મોઢું આવી ગયું હોય તો લવંગ મોઢામાં રાખવાથી જલદી આરામ થશે.
વારંઘડીએ તરસ લાગતી હોય તો લવંગ મોઢામાં રાખી મૂકવાથી તરસ છીપશે.
લવંગને ખિસ્સામાં રાખી મૂકશો તો કપડાંને ખાતાં જંતુઓ દૂર રહેશે.
દાઢમાં ચસકા નાખતા હોય તો તેમાં લવંગ દબાવી મૂકવાથી રાહત રહેશે.
ખૂબ ઉધરસ આવતી હોય તો લવંગના રસ ચૂસવાથી ઉધરસ અટકી જશે.
શરદીને કારણે બેઠેલો અવાજ મોઢામાં લવંગ રાખી મૂકવાથી ધીમેધીમે ખૂલી જશે.
કોઈ ચેપી દરદવાળા માનવી પાસે જવાનું હોય તો મોઢામાં લવંગ રાખી મૂકશો અને બહાર નીકળીને લવંગ અને થૂંક થૂંકી નાખશો તો જંતુઓથી બચશો.
ભૂખ અને તાકાત માટે લવંગ અનોખા ઔષધ સમાન છે.

સામે છાપેલી ત્રણ પ્રકારની નેગેટિવ પૈકી સૉફ્ટ માટે હાર્ડ પેપર, નૉર્મલ માટે નૉર્મલ પેપર ને હાર્ડ માટે સૉફ્ટ પેપર વાપરીને સપ્રમાણ લીધેલી પ્રિન્ટ.

નામ-સ્મરણ

બકુલ ત્રિપાઠી

મને બીજું ઘણું યાદ રહી જાય છે, કેટલુંક ન યાદ રહેવું જોઈએ તે ય યાદ રહી જાય છે, પણ કોણ જાણે કેમ લોકોનાં નામ જ યાદ નથી રહેતાં. ઘણી વાર તો એકના એક ઓળખીતા ત્રણ વાર મળે તો ય મારે એમને નામ પૂછવું પડે છે. એક વાર એક નાટકમાં ઊતરેલાં આઠેક ભાઈબહેનોનાં ખરાં નામ અને પાત્રો તરીકેનાં એમનાં નામ એ સેળમાં એવો ગોટાળો થઈ ગયો કે હજી એમાંનાં કોઈ મળે છે ત્યારે મારે મુસીબત ઊભી થઈ જાય છે. દમયંતીના હાથમાં અમૃત હતું. જેને એનો સ્પર્શ થતો એ જીવંત બની જતું, અને નળે લાવી આપેલાં મૃત માછલાં ય એના સ્પર્શે જીવંત થઈ સરી ગએલાં. તેમ, અથવા તો અરીસા પરથી પારો સરી જાય એમ, મારા કાને પડેલાં નામ પણ હમેશને માટે વિસ્મૃતિની દુનિયામાં ખોવાઈ જાય છે!

મને લોકો ગમે છે, ટોળાં ગમે છે, મિત્રો ગમે છે, ઓળખીતા ગમે છે. ધરતીના આંગણે મળેલા માનવીના મેળાથી–માણસોથી–મને કદી કંટાળો નથી આવતો. મને વાતોના તડાકા મારવા ગમે છે, માર્ગમાં મળી ગએલા મિત્ર જોડે રસ્તા વચ્ચે ઊભા રહી અરધો કલાક ગપ્પાં મારી લેવાં ગમે છે, બસ-સ્ટૅન્ડ પર મળેલા ઓળખીતા જોડે વાતો કરવા માટે એકાદ બે બસ ગુમાવવાનું ગમે છે, દોસ્તો મળી ગયા હોય તો ઇન્ટરની ટિકિટે થર્ડમાં ચડી જવું (ને વાઇસે વર્સા) ગમે છે, ચાલુ નાટકે મૂંગા રહેવા કરતાં બહાર કૅન્ટીનમાં બેસી વાતો કરવામાં મજા પડે છે, બસમાં જવું ગમે છે, 'લાયબ્રેરીમાં જાઉં છું' એમ કહી ઘેરથી નીકળ્યા પછી રસ્તે સ્ટેશન કરતાં કરતાં લાયબ્રેરી આગળ પહોંચી, એના પગથિયે કો'કની જોડે અડધો કલાક ગપ્પાં મારી, 'ચાલો, હવે સાંજ પડી ગઇ' કરી પાછા નિરાંતે વગર લાયબ્રેરીમાં ગયે ઘેર આવવામાં મને દુઃખ નથી લાગતું, તંત્રીઓ પાસે જઈ એ ઘડિયાળ જોયા કરતા હોય ત્યારે ય વાતો કરાવી મઝાનો દોઢ કલાક ગાળવો ગમે છે, બહાર જતા મિત્ર જોડે ઊઠતાં, પછી દાદર આગળ, દાદરો ઊતરીને, ઓટલે, તથા ઓટલાનાં પગથિયાં ઊતરીને-એમ પાંચ વિસામે પાંચ પાંચ મિનિટ વાતો કરીને પચ્ચીસ મિનિટની 'આવજો' વિધિ ઊજવવી ગમે છે, પણ—પણ આ બધાંમાં ય એક મુસીબત મને સદાય નડે છે–નામ યાદ નથી રહેતાં!

'કેમ છો?' કરતા એક દોસ્ત રસ્તે મળે.

'કેમ છો?' તરત મારા મોં પર સ્મિત આવે, પણ મગજમાં ધમાધમ થઈ ગઈ હોય! 'કોણ હશે આ ભાઇ?' ગભરાએલે અવાજે મગજમાં ટેલિફોન કરી તપાસ ચલાવું. પણ મારા મગજના રેકોર્ડ ડીપાર્ટમેન્ટની ફાઈલ્સ નામોની બાબત પૂરતી કોઈ અદ્‌ભુત સરકારી ઑફિસની જેમ ગોઠવાએલી છે. મારો પ્રશ્ન પહોંચતાં જ ત્યાં ચાલે શોધાશોધ! પહેલાં તો રસ્તે જતાં જતાં જે વિચાર મનમાં રમી રહ્યો હોય એને પકડી એના ખાનામાં પૂરી દેવો પડે. પછી મળેલા મિત્રની ઓળખાણ યાદ કરવા બીજાં ખાનાંની ઉઘાડવાસ શરૂ થાય. 'નામ શું? નામ શું આ ભાઇનું? ક્યાં મળેલા? કોણ છે?' મગજ આગળ ઉઘરાણી શરૂ થાય.

જોકે 'શું ચાલે છે?' એમ બહારથી હું મિત્રને સવાલ પૂછું જ, કારણ દેખીતો તો વાર્તાલાપ ચાલુ રાખવો જ જોઇએ ને? પણ મનમાં મારા ફાઇલિંગ સ્ટાફને હું દબડાવતો હોઉં, 'કમ ઑન, જલદી શોધી કાઢો, આમનું નામ શું?'

'આનંદ છે.' પેલા મિત્ર જવાબ આપે.

હવે શું વાત કરવી? ધંધો કેમ ચાલે છે એમ પૂછવું? પણ તે કોઈ વિદ્યાર્થી જ નીકળે તો? 'કેમ દેખાતા નથી?' એમ પૂછું? પણ તો વારંવાર મળવાનો સંબંધ ન હોય એવા કોઈ અલ્પપરિચિત ભાઈ જ હશે તો? એટલે હું મારો પુરાણો પ્રિય સવાલ પૂછું: 'ક્યાં છો હમણાં?'

ઈશ્વરની કૃપા હોય તો આના ઉત્તર પરથી એમને વિષે કંઇક ખયાલ આવે. પણ ઘણી વાર તો જવાબ મળે છે, 'બસ, ત્યાં જ છું હમણાં તો!'

હવે?

'અરે ભાઈ, શોધો, શોધો! ફાઇલિંગ ડીપાર્ટમેન્ટનો સ્ટાફ દોડાદોડ કરતો હોય. રંગભૂમિની દુનિયાના કોઇ દોસ્ત છે? કે પછી કો'ક વાર પિકનિકમાં સાથે આવેલા ભાઇ છે? સાહિત્ય જગતના કોઇ સંબંધી છે? વતનના પડોશી છે? ક્યારેક બસમાં મળી ગએલા કોઈ આછા ઓળખીતા છે? નાતીલા–સગામાંથી તો નથી ને?–જુદાં જુદાં વર્તુલો, જુદા જુદા પ્રસંગો, સ્થળો, પ્રવૃત્તિઓ, સંબંધો, યાદ આવી જાય. 'કોણ હશે આ મિત્ર? વાત તો ખૂબ નિકટતાપૂર્વક કરે છે. કૉલેજમાં સાથે તો નહિ ભણતા હોય ને?' છેક ઊંડાણમાં જઇ ખાંખાખોળા કરી બહાર આવીને મન જવાબ આપે, 'ના.'

'તો પછી કોણ?'

'ખબર નથી પડતી.' છેવટે થાકીને મન જવાબ આપે. હું એને ધમકાવું, દબડાવું, ધાંટાધાટ કરી મૂકું, પણ મગજે ય બિચારું શું કરે? ફાઈલ જડતી જ ના હોય ત્યાં?

બહાર વાર્તાલાપ ચાલતો હોય: 'હમણાં ક્યાં છો?'

'બસ, હતો ત્યાં જ!'

આમ તો ખબર ના પડી. કો'ક બીજી યુક્તિ અજમાવીએ.

'રહેવાનું પણ ત્યાં જ કેમ?' હું પૂછું. ખુદાકા હરામ 'ત્યાં જ' એટલે ક્યાં એનો મને જરાયે ખયાલ હોય તો! પણ એના ઉત્તર પરથી કદાચ કંઈ નિશાન પડે એ આશાએ હું પૂછું; ને જવાબ મળે: 'હો, ત્યાં જ!'

'બીજા શા ખબર, કહો!'

'આનંદ છે, બીજું શું?' એ કહે: 'કેમ ઘરેબરે નથી આવતા? બોલો, ક્યારે આવશો?'

તું કોણ ભાઈ, તારું ઘર ક્યાં, આવવું ક્યાં? પણ પુછાય કેમ? આવા નિકટના મિત્રને 'તું કોણ છું ભાઈ?' કરીને પુછાય ખરું કે?!

'આવીશ, આવીશ. એક વાર આવવું તો છે જ.'

'દર વખતે વચન આપો છો પણ આવતા નથી. નહિ, હવે તો જરૂર આવજો હોં. આવજો ત્યારે.' કહીને એ જાય.

'એ...આવજો...' હું ઉત્તર આપી પંથે પળું!

આવી પરિસ્થિતિ વારંવાર ઊભી થાય છે. બેચાર જુદાજુદા પ્રસંગે નામ ન કહેવામાં આવે ત્યાં સુધી મને નામ ભાગ્યે જ યાદ રહે છે. નામો યાદ રાખવા હું ઘણા પ્રયત્નો કરું છું, કેટલાક સફળ પણ થાય છે, પણ તે કેટલાક જ. બાકીના માટે કેટલીક યુક્તિઓ શોધી કાઢવી પડી છે. રેડિયો પરથી આવતા 'ચતુરના ચોતરા' જેવા થોડાક યુક્તિપૂર્વકના પ્રશ્નોદ્વારા ઘણીવાર આવા કોયડાનો ઉકેલ શોધી શકાય છે. એક સરસમાં સરસ રસ્તો સરનામું લેવાનો. ડાયરી ધરીને સરનામું માગવું. પેલા ભાઈ વિગતવાર સરનામા જોડે પોતાનું નામ લખે અને આપણને તરત ઓળખાણ પડી જાય! એ ન બને તો, 'હમણાં ક્યાં છો?'ના ઉત્તરમાં 'સેન્ટ્રલ બૅંકમાં જ છું.' અથવા તો 'ત્યાં જ કલેક્ટરની ઑફિસમાં' વગેરે પરથી થોડો ખયાલ આવી જાય. પણ 'હતો ત્યાં જ છું.' અથવા 'હમણાં તો ક્યાં ય નહિ'ના જવાબ મળે છે ત્યારે મુસીબત ઊભી થાય છે. ક્યારેક તો આવા પ્રશ્નના ઉત્તરમાં સાંભળવું પડે છે: 'કેમ? હું તો હજી

ભણું છું!' ભાઈ નીકળે ફર્સ્ટ ઈયરમાં અભ્યાસ કરતો કોઇ વિદ્યાર્થી!

સીધી રીતે તો નામ પુછાય નહિ. વારંવાર મળતા મિત્ર હોય તો આવા પ્રશ્નથી એમને ખોટું લાગી જાય છે: 'કેમ? એટલામાં ભૂલી ગયા? આપણે વિનુભાઇને ત્યાં મળેલા! હા, ભઈ, હા, તમે તો મોટા માણસ ને, એટલે અમારું નામ શાનું યાદ રાખો?' મને નાના શું, મોટા શું-બધાનાં નામો યાદ નથી રહેતાં એ મારે એમને કેમ સમજાવવું?

કેટલીક વાર તો હું વાતવાતમાં ચોખ્ખું જ પૂછી લઉં છું: 'હા, રે હા, સરકારી તંત્રમાં બહુ લાંચ-રુશવત ઘૂસી ગઈ છે... પણ એક વાત પૂછું?... મેં તમને બરાબર ઓળખ્યા નહિ હોં!'

'હેં? મને? મને ના ઓળખ્યો? ખરા છો તમે હોં.'

'આમ તો ઓળખાણ પડે છે, પણ તમારું નામ..... હું અચકાતે અચકાતે કહું.

'નવાઇ કહેવાય! મારું નામ તમે ભૂલી ગયા! ખરું કહેવાય આ તો!'

'હા, કો'ક વાર ઓળખીતાનાં ય નામ ભૂલી જવાય છે... તમારુ નામ તો...' હું ફરીથી પૂછું.

'ખરેખર નવાઇ કહેવાય' એ એમની જ રામધૂન ચલાવ્યે રાખે: 'હા, ભઈ, હા, મોટા માણસ થયા, લેખક થયા; અમારી શી ગણતરી હોય તમને?'

'માફ કરજો, પણ મને નામ યાદ જ નથી રહેતાં...'

'બહુ મોટી મોટી વાતો યાદ રાખવાની ને, એટલે અમારા જેવા સામાન્ય માણસોનાં નામ શેનાં યાદ રહે?... પણ કંઇ નહિ. ચાલો, તમે ભૂલી ગયા એથી મને ખોટું નથી લાગ્યું-જો કે નવાઈ તો લાગે છે જ.'

મને થાય, ભલા માણસ, નવાઈ ને ભવાઈ કરતો હવે મહેરબાની કરીને નામ કહી દે ને! પણ તેનું પોતાનું નામ કહેવાનું પેલા દોસ્તને સૂઝે જ નહિ ને!

'પણ કશો વાંધો નહિ, મને ખોટું નથી લાગ્યું. ચાલો, બીજા શા ખબર છે? હવે કયું પુસ્તક બહાર પાડો છો?'

આમ એ મને ઉદારભાવે ક્ષમા આપી બીજી વાતે વળગે, પણ ભાઈસાહેબ છેક સુધી નામ ન કહે-પછી છેવટે મારે એમનું સરનામું લેવાની મારી પુરાણી યુક્તિ અજમાવી નામ જાણવું પડે!

એક ડોશીમા વચ્ચે મળેલાં. મને ઊભો રાખી મારા બધા વડીલોની ઝીણામાં ઝીણી વિગતો એમણે પૂછી નાખેલી. અંતે મેં પૂછ્યું, 'માજી, મેં તમને ઓળખ્યાં નહિ.'

'અરે ભઈલા, તું મને ક્યાંથી ઓળખે? તે વખતે તો તું... એં... એં... આવડો હતો.' જમીનથી અઢી ફૂટના અંતરે હાથ રાખીને કહે, 'હશે માંડ પાંચેકનો, તને તો શું યાદ હોય?' એમણે ચલાવ્યે રાખ્યું ને બધાં ઘરનાંની ખબર પૂછી. અંતે 'ઠીક ત્યારે, ઘેર બધાંને કહેજે હું સંભારતી 'તી.' એમ કહી તેમણે વિદાય લીધી. ઘેર જઈ મેં બધાંને કહ્યું, 'આજે એક માજી મળેલાં તે તમારા ખબર પૂછતાં હતાં.'

'કયાં માજી?'

'હું પાંચેકનો હતો ત્યારે મને જેમણે રમાડેલો તે!' મેં કહ્યું.

અને પછી તો એ કોણ હશે એ શોધવામાં જ અમારો પોણો કલાક નીકળી ગયો, અને હું પાંચેકનો હોઇશ ત્યારે મને જોએલો એ બધી જ ડોશીમાઓનું નામસ્મરણ થઈ ગયું, પણ પેલાં ડોશીમા કોણ હતાં એ પ્રશ્નનો તો જવાબ ન જ જડયો.

કેટલીય ભાભીઓનાં નામ યાદ ન હોવાથી હું ભાઇઓ મળે ત્યારે એમનાં પત્નીઓના ખબર નથી પૂછી શકતો, નથી પત્રમાં સ્મરણ લખી શકતો અને અંતે, 'કાગળમાં અમને તો સંભાર્યાં ય નહિ ને?' એવો ઠપકો પ્રાપ્ત કરું છું. કેટલીય વાર મોં પરના સ્મિત સાથે વિવેકપૂર્વક વાતો કરતો હોઉં છું ત્યારે ય 'હું કોની સાથે વાત કરી રહ્યો છું' એની મને ખબર નથી હોતી અને એવે વખતે મારી મૂંઝવણ પારખી જઈ ઘણા ઓળખીતાઓએ 'મને ઓળખ્યો નથી લાગતો ખરુંને?' કહીને આનંદ મેળવ્યો છે. ઘણાં ખોટું પણ લગાડે છે. પણ શું થાય? મને લાગે છે કે ગયા ભવે હું કો'ક દેવદૂત હોઈશ. એકાદ વાર અણીની પળે હું ભગવાનનું નામ જ ભૂલી ગયો હોઈશ. ભગવાન રિસાયા હશે. 'અલ્યા, તારા જેવા ભૂલકણા માટે તો મેં મારાં હજાર-હજાર નામ રાખ્યાં છે, તો ય ભૂલી જાય છે? જા, સો વર્ષ સુધી પૃથ્વી પર જઈ મિત્રોનાં નામ ભૂલી મૂંઝાયા કરવાનું દુ:ખ ભોગવ.' એવો શાપ આપ્યો હશે.

પણ હવે મને એની અકળામણ નથી. હશે, ઈશ્વર કો'ક વાર કોઈ સાઈકૉલૉજિસ્ટ મિત્રસ્વરૂપે અવતાર ધારણ કરી મારો ઉદ્ધાર કરશે જ. શાપિત આત્માઓનો ઉદ્ધાર કરવાની ઈશ્વરની ટેવ તો પુરાણી છે!

[તાજેતરમાં બહાર પડનાર લેખકના સંગ્રહમાંની એક નવી નિબંધિકા]

સુભાષિત

ऊर्ध्वबाहुर्विरौम्येष न च कश्चिच्छृणोति मे।
धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते॥

· અનુવાદ ·

ઊંચા હાથ કરી રોઉં, ન કો સાંભળતા મને,
કેમ ધર્મ ન સેવાતો અર્થ-કામી-જનો વડે.

[વિવરણ: મહાભારતનો આ પ્રસિદ્ધ શ્લોક ભગવાન વેદવ્યાસ બોલેલા એમ કહે છે. આ તથા તેની સાથેના બીજા પાંચ શ્લોકોને મહાભારતમાં 'ભારત સાવિત્રી' નામ આપ્યું છે અને એમાં સદાચારની ઘોષણા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ દરેક માણસે સાધવાનું આપણા શાસ્ત્રકારો બોધે છે. મોક્ષ એ તો છેવટનું ધ્યેય છે, પણ ધર્મ અર્થ ને કામ તો નિત્ય જીવનમાં આચરવાનાં છે છતાં સંસારમાં શું દેખાય છે? અર્થ ને કામ પાછળ જ લોકો દોડે છે, ધર્મને યથાર્થ અર્થમાં કોઇ વિરલ જ સેવે છે. ધર્મનો દેખાવ માત્ર યોજનારા પણ અંદરખાનેથી તો અર્થ ને કામના સાધનરૂપ જ ધર્મને ગણતા હોય છે. વેદવ્યાસ એમના જમાનામાં પણ સમાજની આ જાતની પ્રવૃત્તિઓ માટે શોક કરતા હતા. 'ઊંચા હાથ કરીને રોઉં છું,' એ શબ્દો એમની આંતરવેદના વ્યક્ત કરે છે. દરેક દેશમાં ને દરેક ધર્મમાં સંત પુરુષોને આ દુ:ખ થયું છે. પ્લેટોએ પણ એના જમાનામાં આવું જ કથન કહેલું. વેદવારાથી આજ સુધી જનસમાજ માટે આ કથન લાગુ પડે છે. **ર. ભી.**]

પ્રેમ એ સ્વર્ગ અને નરક વચ્ચેની શટલ-ટ્રેઈનનો સીઝન-પાસ છે.

'બારાખડી' એ એક જ એવો શબ્દ છે કે જેમાં બધા અક્ષરો આવી જાય છે.

દરેક માણસ પોતાની પીઠ પાછળ બોલનારાંને ધિક્કારે છે,—ખાસ કરીને સિનેમાઘરમાં.

છૂટાછેડાનું મુખ્ય કારણ લગ્ન છે. છતાં, માણસે પરણવું એટલા માટે જરૂરી છે કે છૂટાછેડા લેતી વખતે તેણે સાબિત કરવું પડે છે કે તે પરણેલો છે.

OUR FRIENDS ABROAD

જગત્‌સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

જાપાની દાકતર પત્રમિત્ર માગે છે

Mr. Shun-ichi Sugino, 235 Oshimacho 7-dhome, Koto-Ku, Tokya-2 (Japan), Age 30: તેઓ દાકતર છે અને હિંદી દાક્તરો જોડે જુદાજુદા વિષયો પર વિચારોની આપલે કરવાની ઇચ્છા ધરાવે છે. પત્રવ્યવહાર કરતી વખતે શ્રી નવનીતલાલ વી. ગાંધી (અમદાવાદ) અને 'કુમાર'નો ઉલ્લેખ કરવો.

એક બહેનની ફરિયાદ

"મેં આપની પાસે ગયે વર્ષે પત્રમિત્રોનાં (પરદેશનાં) નામો મંગાવ્યાં હતાં, પરંતુ આપે તો તેને બદલે મારું નામ છાપી નાખ્યું અને તે દિવસથી મને ઢગલાબંધ પત્રો આવે છે. મેં તેમાંથી મારાથી બની શકે એટલાને તો ઉત્તર પણ આપ્યા છે અને બધાને ઉત્તર નથી આપી શકાયો એ પણ હું કબૂલ કરું છું. પણ મને કેટલાક તો અસભ્ય અને હલકી ભાષાવાળા, દમદાટીથી ભર્યા પત્રો મળ્યા છે. મારે પણ, છોકરીની જાત રહી એટલે, સમજી વિચારીને કોઈ પત્રમિત્રતા કરવી જોઇએ. તેમાં યે ઘણા તો ખાસ છોકરીઓ સાથે જ પત્રવ્યવહાર કરવા માગે છે તેથી જ મારા પર જે એવાના પત્રો આવ્યા છે તેમને ઉત્તર આપ્યા નથી. તેથી એ લોકો એમ લખે છે કે અમે 'કુમાર'ના તંત્રીને પત્ર લખશું વગેરે. આ બાબતમાં જો આપ કંઈ નિવેડો લાવશો તો આભાર.

***આ શરમજનક છે, અને 'કુમાર'ના વાચકો માટે તો ખાસ. અગાઉ આવી ફરિયાદ અમારી પાસે આવી હતી અને તેવાઓની સામે અમારે સખત થવું પડ્યું હતું. આવું કરનારા આપણી યુવાનીને કલંક લગાડી રહ્યા છે. અમે ઇચ્છીએ છીએ કે આ વિષયમાં અમારે આગળ કશું નહિ કરવું પડે.

પરદેશી પત્રમિત્રો

(1) Sven I. Jansson, Jarneksvagen, 9 F. D. 82, Spanga, Stockholm, Sweedon, Boy, Age 14, Stamps; (2) J. P. Parekh, P. O. Box No. 97, Mwanga (T. T.), British E. Africa—17, Stamps, First Day Covers; (3) Ranchhod V. Patel, P. O. Box No. 729. Lusaka (North Rhodesia)—25, Photography, Reading, Penpals: (4) Miss Josephine Wallisch, Attamunster am Traunsee 77, Upper Austria, Austria, Age 33, Knowledge about Mahatma Gandhi, General Correspondence; (5) Robert Haussermann, Neuhassen a-rhein-Fall, Switzerland, Age 19, Sports, Camping, Occupation, Watch-Making; *Nos. 6 to 16 German Penfriends Add 'Germany' to each Address*: (6) Miss Helga Molder, Ostateinbek-b. Hamburg, Mollnerslandstr. 53, Age 17, Theatre, Reading, Music, Swimming, pref. Male; (7) Miss Briggitte Schultz, Kurhaus-Reutei, Bad-Dribury-Westfalen, Age 16, Stamps, Picture Post Cards, Sports, Swimming; (8) Gerhard Wiegmann, Vordem Cellar Tor, Burgdorf-Hannover, Age 17, Picture Post Cards, Swimming, Sailing; (9) Heinz Witzig, Cellarstr. 76, Braunschweig (20 B), Age 17, Picture Post Cards, Photoes, journey, Sports, Catholic Religion; (10) Ludwig Gollner Ottostr. 19, Fuerth-Bayern, Age 17, Sports, Films, Books, News Papers, Travel Abroad, Photography; (11) Herbert Erdenbercger, Ottostr. 10-2, Fuerth, Bayern, Age 17, Sports, Foreign Languages, Films, Books, News papers, Travel Abroad, Photography; (12) Miss Mariane Schlichtherle, Markische-Str. 14, Dortmund, Age 25, Picture Post Cards, Indian Life; (13) Siegfried Keuper, Luisenstreet 90/7a, Sieburg-Collogne, Age 19, Sports, Stamps, Reading, Correspondence; (14) Dr. Franz Kieslinger, Pretfelder Street 40, Munchen-Aubing, Bavaria, Age 30, Western Music, Movies, Stamps, Sight Seeing Cards; (15) Joseph Holtgen, Am Grossen Dern 32 A, Du seldorf-Gerradheim, Age 20, Penfriendship with Indian Youths; (16) Franz Luttner. Schmetzerstrase 9, Regensberg, Art, Music, Literature, Philosophical Problems, Statue Collection (Ardent Collector), Stamps, Coins, Travelling, Photography (અનુક્રમ ૪ થી ૧૬, ઉલ્લેખ : Farhad R. Khambatta, 11 Manekwadi, Bhavnagar & Illustrated Woeche, Austria).

હિંદી પત્રમિત્રો

(107) Dhirajlal Jagshibhai Shah, Vokra Falia, Mandvi (Kutch)—21, Coins, Stamps, Travelling, Photoes of Big Buildings; (108) Kishorkumar H. Barot, Bholod, Via Ankleshwar (Dist. Broach)—18, Stamps, Photography, Cricket, Badminton, Languages; (109) Kapoor Shyamsundar, C/o V. N. Kapoor, Talia's Street, H. N. 1304/1, Sarangpur, Ahmedabad—17, Stamps, View Cards; (110) Shrikant R. Vaidya, Panchal Street, Ladol, Dist. Vijaypur (N. G.)—18 Photography, Stamps, Travelling; (111) Vasantkumar Manubhai Jodhani, Seven Brothers' Mention, Zaveriwad, Ahmedabad—21, Science, Stamps, Coins, Playing Cards, Nature; (112) Kishore G. Dalal, 883/A Deccan Gymkhana, Poona-4—19, Cricket, Travelling, Leaf Collecting, Commerce; (113) Dineshchandra Maganbhai Patel, Sunav (Dist. Kaira)—18, Stamps, Literature; (114) Prabudas Chakubhai Gandhi, Nagardas Park, 56, Nagardas Road, Andheri—East Bombay—23, Poiltics, Sociology, Psychology, Tennis, Cricket; (115) Upendra C. Doshi, 45-46 Pankaj Society, Ahmedabad-7—19, Stamps, Match-Lables, Economics, Politics, Photography, Games, Literature; (116) M. G. Hasoti, Bazar Rd., Chhota Udepur (Mewad)—22, Nature, Short Story Writing, Travelling; (117) Arvind C. Desai, Vegam, Via Vedchhi (Surat Dist)—19, Swimming, Cycling, Cinema, Novels; (118) Jayant A. Rachh, Kharawala Nivas, 520 Carter Road, Mulund, Thana (C. Rly.)—18, Stamps, Photography, Autographs, Cricket, Table-Tennis.

પચ્ચીસ વર્ષ પહેલાં



પોષ '૮૭
અંક ૭૩

ભારતના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નેહરુ કુમાર કાર્યાલયમાં આવ્યા હતા, એમ કહીએ તો વાચકોને સાનંદ આશ્ચર્ય થાય. પણ એ હકીકતની સુભગ સાક્ષીરૂપ કુમાર કાર્યાલયમાં જ પાડેલો એમનો ફોટોગ્રાફ, આજથી બરોબર પચ્ચીસ વર્ષ પહેલાં, તેઓએ લાહોર કોંગ્રેસના પ્રમુખસ્થાનેથી સંપૂર્ણ સ્વાતંત્ર્યની ઘોષણા કરી એ પ્રસંગે અમે એમના ચરિત્ર સાથે 'કુમાર'માં છાપ્યો હતો, તે સામે પ્રકટ કરી છીએ. એમની જીવનરેખાની હકીકતો તો આજે સર્વને સુવિદિત હોઇ તેનું પુનરાવર્તન કરવું જરૂરી નથી.

તરુણ પ્રજાને પ્રેરક વાણીમાં માર્ગદર્શન આપતી એ વખતની તંત્રીની 'મિજલસ'માં ઊગતી પ્રજાના જીવનને સ્પર્શતા પ્રશ્નો પર કાર્ટૂનો અવારનવાર પ્રકટ થતાં. પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંનું 'જીવનનાં મૃગજળ' નામનું આ નીચે આપેલું કાર્ટૂન વિશેષ સમજાવવું પડે એમ નથી.

કરોળિયાનો પરિચય આપણને સૌને છે, છતાં આપણી નિકટ વસતા એ જંતુની અજબ શક્તિની અદ્‌ભુત વાતો આપણે કંઈ જ જાણતા નથી. ૧૯૩૦ના જાન્યુઆરીના અંકમાં અમે 'સૌરાષ્ટ્ર'માંથી અવતારેલા લેખમાંનો, માત્ર તેની જાળ વિષેનો આ ફકરો આજે ન માની







શકાય તેટલો અદ્‌ભુત લાગે છે. એમાંના આંકડાની સચ્ચાઈ પુરવાર કરવાનું કોઇ સાધન અમારી પાસે ન હોવા છતાં, સ્વ. મેઘાણી જેવાના સંપાદન તળે નીકળતા પ્રતિષ્ઠિત પત્ર તથા બીજાં અંગ્રેજી લખાણો પરથી તૈયાર કરેલા એ લેખમાંની હકીકતોમાં તથ્યાંશ તો હશે જ એવી પ્રતીતિ સાથે આ નીચે તે આપીએ છીએ:

"કરોળિયાની જાળગૂંથણી તેની અક્કલ ને શક્તિનું અદ્‌ભુત દર્શન કરાવે છે. ઘણી જ બુદ્ધિ ને યુક્તિપૂર્વક તે જાળાં બનાવે છે. અમુક અંતરે બરાબર સમચોરસ ખાનાં એવી સુંદર રીતે પાડે છે કે કુદરતમાં મધમાખી સિવાય બીજા જંતુઓમાં જવલ્લે એ શક્તિ જોવા મળે છે.

અને જાળ ગૂંથવાનો તેનો ઇજનેરી અસબાબ તેના શરીરમાં સાથે લઇને જ એ ફરે છે. એ ઇજનેરી અસબાબમાં શું શું હોય છે? લાળ, જે હવા લાગવાથી રેશમ જેવી જામી જાય છે તે. એ લાળને કાંતવા માટે તેના પેટને છેડે છ મસા હોય છે. તે છ ચરખા જ સમજો. આ ષટપંખામાંથી લાળ નીકળવા લાગે છે. દરેક પંખે એકસો ને ત્રીસ ત્રીસ તકલીઓ હોય છે, જેના ઉપર એ નીકળતી લાળ કંતાતી અને વીંટળાતી જાય છે. એટલે એક સાથે ૭૮૦ જેટલી તકલીઓ કામે લાગે છે અને જેવો જાડોપાતળો તાર કાઢવો હોય, તે પ્રમાણે જોઈતી તકલીના તારો એકઠા કરીને ઠરડી લે છે. એનો અર્થ એ થયો કે કરોળિયાની તકલીનો મૂળ તાર તો, જણાય છે તેથી આઠસો ગણો બારીક ઠર્યો. આ આઠસો તારને ઠરડવાનું કામ તેનો એકાદ પગ કરે છે।

કરોળિયાએ આવી રીતે ઠરડેલો ઝીણામાં ઝીણો તાર ·૦૦૬૮ (અડસઠ દસ સહસ્રાંશ) મિલિમીટર ઝીણો હોય છે. એટલે કે આવા

ઠરડેલા (મૂળ તાર નહિ) ૩,૭૩૨ તાર ભેગા થાય ત્યારે એક ઇંચ જેટલા થાય! ત્યારે મૂળ તાર તો એક ઇંચ જગ્યામાં ૩૦ લાખ જેટલા થાય! આવી લલિતલાલિત કળા બીજા કયા પ્રાણીમાં હશે? ખૂબીની વાત તો એ છે કે આ જાળ ગૂંથતાં તેને કલાક પણ લાગતો નથી. તમને આ બધો અટપટો હિસાબ યાદ ન રહે, તો પણ એ તાર માણસના વાળના સોમા ભાગનો હોય છે એટલું તો યાદ રહેશે ને?

માણસ કે મિલ એકીસાથે એક કે બહુબહુ તો દસ પૂણી કાંતી શકે; અને એકસાથે એક કે ૨૫ તાર ઠરડી શકે. બારીકમાં બારીક સોથી પાંચસો અને વિરલ અપવાદ રૂપે હજારથી ઉપર નંબરનું સૂતર ભાગ્યે જ કાંતી શકે. ત્યારે કળાધર કરોળિયા એકસાથે છ લોઢવાના ચરખા ચલાવી, ચરખે ચરખે ૧૩૦ તકલી ગોઠવી, તકલીએ તકલીએ ઇંચના ત્રીસ લાખમા ભાગ જેટલો સૂક્ષ્માતિસૂક્ષ્મ તાર ખેંચી, એક પગ વડે જ એ તાર ઠરડી, ૧૧ હજાર નંબરનો તાર બનાવે છે!

રૂપાનો જે બારીકમાં બારીક તાર માણસ યંત્ર વડે કાઢી શકે છે તે કરતાં યે આઠમા ભાગનો ઝીણો એ તાર હોય છે. વળી એ રૂપાના તાર કરતાં ક્યાંયે મજબૂત હોય છે. તે પાંચથી દસ ગ્રામ જેટલું વજન ઉચકી શકે છે!''

'**મા**ધુકરી'ના એક અવતરણમાંની વાનગી:

''આ જમાનામાં દૂથબ્રશનો ઉપયોગ ખૂબ વધ્યો છે. કેટલાક તો તેને ફૅશન માનીને ખાસ વાપરે છે, પણ તેનાથી દાંતને કેટલું નુકસાન થાય છે તેનો કોઈ વિચાર કરતું નથી. જર્મનીના એક દાંતના ડૉક્ટરે કહ્યું છે કે 'તમે ગમે તેવી ભારે કિંમતનું દાંતનું બ્રશ વાપરશો તો- પણ તેમાં જંતુઓ તો ભરાઈ રહેવાનાં જ. એ જંતુઓનો નાશ કરવા માટે તેને હમેશાં કારબોલિક ઍસિડમાં પલાળી રાખવું જોઇએ. પણ આમ કરવાથી બ્રશની આવરદા થોડા જ દહાડામાં આવી રહે છે.

હિંદુસ્તાન જેવા ખેતીપ્રધાન દેશમાં માણસે બ્રશ વાપરવું જ શા માટે જોઇએ? વનસ્પતિથી ઊભરાતા આ દેશમાં જોઇએ તેટલી જાતનાં ઝાડ થાય છે. બાવળ, આવળ, લીમડો, વડ વગેરે અનેક ઝાડનાં દાતણ થઈ શકે છે. તેમાં બાવળનું દાતણ આપણા દેશમાં ઉત્તમ મનાય છે. જેને કડવાશનો વાંધો ન હોય તેવા માટે લીમડાનું દાતણ પણ ઉત્તમ છે. આ દાતણની ટેવ પાડવામાં આવે તો મોઢાને તેની કડવાશ નથી લાગતી. વૈદ્યરાજો દાંતના દરદીઓને વડલાની વડવાઈનું દાતણ કરવાની ભલામણ કરે છે. બ્રશ કરતાં દાતણમાં બીજો એક

ગુણ એ છે કે તેની અંદર ટૅનિક ઍસિડ હોવાથી તે સાથોસાથ દંતમંજનની પણ ગરજ સારે છે, અને કૂચો પણ મનમાન્યો થતો હોવાથી દાંત બહુ જ સાફ રહી શકે છે.

દાતણનો ઝીણો બ્રશ જેવો કૂચો કરીને ઊભા ઘસવાની દાંત બરોબર સાફ થાય છે. બ્રશ વાપરનારાઓ પણ આવી રીતે બ્રશ ઘસી શકતા નથી. વળી બ્રશ વાપરનારાઓને ઊળ ઉતારવાને માટે જુદું સાધન રાખવું પડે છે; અને કેટલાક આળસુ તો ઊળ ઉતાર્યા વગર જ ચલાવી લે છે! દાંતને બુઢ્ઢાપણા સુધી સાચવી રાખવા હોય તેણે દાંત ઉપરાંત પેઢાંને ખૂબ ઘસવાં જોઇએ. પેઢાં ઉપર બ્રશ ઘસવા જાય તો લોહી જ નીકળે. જ્યારે દાતણના સુંવાળા કૂચાથી દાંત તથા પેઢાં બંને સારી પેડે ઘસી શકાય છે. વળી દાતણનો કૂચો સુંવાળો હોવાથી દાંત વચ્ચે પોલ પડતી નથી.

દાતણ ન મળે ત્યારે આંગળીથી દંતમંજન ઘસી લેવાથી બ્રશના કરતાં વધારે લાભ થાય છે. દૂથ બ્રશમાં ઉત્પન્ન થતાં જંતુઓથી ઘણાના દાંત ગયાના દાખલા છે. પશ્ચિમના દેશોમાં તો હલકાં દૂથબ્રશ સરકાર બાળી નંખાવે છે. આવું જોખમ વહોરવા કરતાં જ્યાં કુદરતે કૃપા કરી છે ને પુષ્કળ ઝાડ દાતણ માટે આપ્યાં છે એવા આ દેશમાં શા માટે બ્રશ વાપરી દુ:ખના કૂવામાં ઝંપલાવવું?''

આને છેલ્લે એક અજબ યોગાનુયોગ જુઓ! આજથી પચ્ચીસ વર્ષ પર શરૂ થએલા આપણી ભાષાના જે મહાકોષ વિષે અમે ત્યારના અંકમાં નોંધ આપી હતી તે 'ભગવદ્ગોમંડળ' કોષ બરાબર આ જ માસમાં પૂરો થાય છે. નવ ભાગમાં પૂરો થતો, કુલ ૨,૮૫,૦૪૧ શબ્દો સમાવતો ગુજરાતી ભાષાસેવાના અનુપમ દષ્ટાંત રૂપ એ ૯૨૪૪ પાનાંનો કોષ કેવળ 'શબ્દસાગર' જ નહિ પણ 'જ્ઞાનસાગર' છે; કેમકે એમાં આપેલા શબ્દોના મુલાયમમાં મુલાયમ અર્થપલટા સાથે તેને લગતી ઉપલબ્ધ તેટલી સામગ્રી ટૂંકામાં ખીચોખીચ હકીકતો ભરીને આપી છે. આજથી પચ્ચીસ વર્ષ પર અમે આપેલી એ આખી નોંધ અમે અક્ષરશ: અહીં ઉતારીએ છીએ. કેમકે એ પ્રશસ્તિમાંથી કશું જ કમી કરવા જેવું નથી; બલ્કે સમય હોય તો ઘણું ઘણું ઉમેરવા જેવું આ પચ્ચીસ વર્ષમાં બન્યું છે:

ગોંડલ કોષ

''એક કરોડ માણસોને મુખે બોલાતી ગુજરાતી ભાષામાં એક લાખ ને ત્રેપન હજાર શબ્દો છે એ હકીકતની જાણ, કોઈ પણ આત્મભાનવાળા ગુજરાતીને ગર્વ ને હર્ષ ઉપજાવનારી છે. પોતાની ભાષાની એ સમૃદ્ધિનું ભાન ગુજરાતી જનતાને કરાવવાનો યશ 'ગોંડળ-કોષ'ને વરશે.

આજ સુધી થએલા બધા કોષોની એમાં સહાય લેવાઈ છે એ હકીકત સ્વીકારવા છતાં પણ એના પ્રયત્નનો યશ ઓછો થતો નથી. નર્મદાશંકર, લલ્લુભાઇ, ગુ. વ. સોસાએટી ને ભરતરામના કોષોના શબ્દોની સંખ્યા બેતાળીસેક હજારની હતી; તેમાંથી દોઢ લાખ સંખ્યાએ પહોંચવા માટે જે ખંત, ચોકસાઇ ને નિષ્ઠા જોઇએ તે બધાં ગોંડળ કોષની પાછળ એક દેશી રાજ્યને ખૂણે ખરચાઈ રહ્યાં છે તેની જાણ બહારની દુનિયાને ઓછી છે.

શબ્દસંખ્યાની દૃષ્ટિએ તેની સમૃદ્ધિ ગણીએ તો તો આ કોષ પ્રથમ સ્થાન ભોગવશે એ નિર્વિવાદ વાત છે; પરંતુ ગુણની દૃષ્ટિએ નાણી જોનારને પણ કસોટીમાં એ ઓછો ઊતરતો ન લાગે એવા પ્રયત્નો થાય છે. જેમ એની સંખ્યાની બાબતમાં, ગુજરાતી ભાષામાં વપરાતો એક પણ શબ્દ ખૂણેખાંચરે પણ ન રહી જવા પામે તેની કાળજી કેળવણીખાતાના ગામડેગામડાના છસ્સો મહેતાજીઓના સૈન્યની સહાયથી લેવાય છે, તેમ જ એની શુદ્ધિ ને શાસ્ત્રીયતા જાળવવા માટે ગુજરાતી ભાષાના બની શકે તેટલા સાક્ષરો ને માન્ય વિદ્વાનોની નજર તળે એને કાઢવાનો પ્રયત્ન થાય છે, અને એની સર્વદેશીયતા સચવાય તે માટે કોમેકોમ ને ધંધેધંધાના ખાસ શબ્દો, સોની કંસારા વગેરેના સંજ્ઞાશબ્દો (ફારસીઓ) આદિ પણ તેનાં સાચાં મૂળ પકડીપકડીને એકઠા થાય છે. આમ ગુજરાતી ભાષાની તળિયાઝાટક શબ્દશુમારીનો આ પ્રયત્ન ખરેખર સમર્થ લાગે છે.

એક આવા મહાભારતના પ્રયત્નના પ્રયોજક તરીકે એક દેશી રાજ્યના નરેશનું નામ મુકાએલું જણાય ત્યારે સ્વાભાવિક રીતે સૌને એમાં દુન્યવી શિષ્ટાચાર જ લાગે. જેમ પુસ્તકોની અર્પણપત્રિકાઓ માત્ર તેનું મુદ્રણખર્ચ (આખું અથવા હિસ્સાથી) આપનાર રાજાસાહેબોને એમનાં અસંખ્ય ગુણકીર્તન સહિત લખાય છે, તેવું આ કોષના પ્રયોજક મહારાજાને વિષે નથી એ વસ્તુસ્થિતિની ખરી જાણ થનારને આશ્ચર્ય થાય છે. કોષ જેવા દુર્ઘટ કાર્યના સંપાદનને માટે જે આગ્રહભરી ચોકસાઇ, નિષ્ઠા ને જહેમત જોઇએ તે બધી અબાધિત નાણાંખર્ચ સાથે એ જાતમહેનતથી પૂરતો રસ લઇને ખર્ચે છે. ગુજરાતી વાઙ્મય ઉપરનું એમનું એ ઋણ સદા યાદગાર રહેશે.'



દેશ તો આઝાદ થાતાં થૈ ગયો; તેં શું કર્યું?
'લાંચ-રુશવત, ઢીલ, સત્તાદોર, મામા-માશીના,
કાળાં બજારો, મોંઘવારીઃ ના સીમા!'
–રોષથી સૌ દોષ ગોખ્યા, ગાળથી બીજાને પોંખ્યા,
આળ પોતાને ય શિર આવે ન, જો! તેં શું કર્યું?
આપ બળ ખર્ચ્યું પૂરણ? જો દેશના આ ભાગ્યમાં તેં શું ભર્યું?
(વસંતવર્ષા) —ઉમાશંકર જોષી

માનવીના મુક્ત મનનો શાયરઃ સ્ટીફન સ્પેન્ડર

"ઊંચો, ઋજુ ને વીર્યવાન તે આવે છે—મુક્ત દેખાવડા ચહેરા સાથે, સ્વપ્નઆંજી છતાં પારદર્શી નજર સાથે... અને તરત સામેની વ્યક્તિને, (જેમ એક વાર મેં અનુભવ્યું હતું તેમ) એકાએક હૃદય નજીક કોઈ સુખદ, પોતાને પોતામાં વિશ્વાસ પ્રેરે એવો હૂંફાળો અનુભવ થવા માંડે છે કે 'કવિ' આવ્યો છે,—એક સાચો કવિ—સત્યનો અને સાથોસાથ સ્નેહનો."

તેના મિત્ર નિકૉલસ નૅબોકોવે આ શબ્દોમાં જેને પ્રત્યક્ષ કરાવ્યો છે એ, આજની અંગ્રેજી કવિતાના અગ્રણી સ્ટીફન સ્પેન્ડરમાં, વાચકને ભાવવશ કરી પોતાનું કથન તેના પર એક જાદુગરની અદાથી ઠસાવી દેવાની અનોખી ફાવટ છે. તેની કવિતામાં અસંદિગ્ધતા નથી. તેમાં સંગીત છે, વિચારશીલતા છે ને જેનો તેણે હર પળે વિચાર કર્યા કર્યો છે તે સામાજિકતા છે.

આંતર અને બાહ્ય જગતની સંવાદિતા શી રીતે સિદ્ધ થઈ શકે, આધુનિક સમાજના અટપટા સંઘર્ષો અને સમસ્યાઓ સાથે સર્જક પ્રતિભા કઈ રીતે મેળ બેસાડી શકે તેની શોધ પાછળ પોતાની કવિતા અને વિચારણા વડે, થાક્યા વિના નિરંતર પ્રયત્નમાન એવા બ્રિટનના આ ખ્યાતનામ કવિ ગયા નવેમ્બર માસમાં ભારતની ઊડતી મુલાકાતે આવી ગયા.

રાજકીય ક્ષેત્રે પણ એમણે વિસંવાદી તત્ત્વો વચ્ચે એકસૂત્ર સંવાદિતા સ્થાપવાની જ ખોજ કર્યા કરી છે. રાષ્ટ્રીય પક્ષો, રાજદ્વારી પુરુષો ને સરકારોએ જ્યારે પ્રત્યેક માનવીમાં રહેલા સ્વતંત્ર તત્ત્વોની ઉપેક્ષા કરીને વ્યક્તિસ્વાતંત્ર્યનું એક અથવા બીજી રીતે રુંધન કર્યું છે, ત્યારે સ્પેન્ડરે એની સામે અવાજ ઉઠાવ્યો છે. સ્પેન્ડરના આ પડકારનું છેલ્લું પ્રતીક છે બ્રિટનની સાંસ્કૃતિક સ્વાતંત્ર્ય માટેની સમિતિએ એના તંત્રીપદ નીચે શરૂ કરેલું 'એન્કાઉન્ટર' નામનું માસિક.

૧૯૦૯માં જન્મેલા આ અંગ્રેજ કવિને ઑક્સફર્ડ વિદ્યાપીઠના અભ્યાસકાળમાં જ ઑડેન અને ડે લૂઇસ જેવા કવિતાના ભેખધારી સાથીઓ મળી ગયા. ૧૯૩૩માં એનો પ્રથમ કાવ્યસંગ્રહ પ્રકટ થયો; અને પછી એના એક પછી એક પ્રકટેલા કાવ્યસંગ્રહોએ અતિ અલ્પ



કાળમાં એની પ્રતિષ્ઠા જમાવી દીધી. ૧૯૩૯માં પ્રકટ થએલા 'સ્ટીલ સેન્ટર' અને ૧૯૪૨માં પ્રકટ થએલા 'રૂઈન્સ ઍન્ડ વિઝન્સ' નામના એના કાવ્યસંગ્રહો કાવ્યસાહિત્યમાં નોંધપાત્ર ગણાય છે. ૧૯૩૫માં એનો પ્રથમ વિવેચનગ્રંથ 'ડિસ્ટ્રક્ટિવ એલીમેન્ટ' અને હમણાંહમણાં ૧૯૫૩માં છેલ્લો વિવેચનગ્રંથ 'ક્રીએટિવ એલીમેન્ટ' બહાર પડ્યો છે. આમ, એ વિનાશથી માંડી સર્જન સુધીનું સમગ્ર ક્ષેત્ર ખૂંદી વળેલા છે,—માત્ર સ્વૈરવિહાર કરીને જ નહિ પરંતુ તેનાં રહસ્ય-બીજોની પ્રાપ્તિ સાથે.

સ્પેન્ડર સ્વીકારે છે કે પોતાને રાજનીતિમાં ઊંડો રસ છે. શરૂઆતમાં એ ઉદાર મતવાદી (લિબરલ) વિચારસરણીના હતા. પછી રશિયાની નૂતન વિચારસરણીથી આકર્ષાઈ થોડો સમય સામ્યવાદી પક્ષમાં પણ ગયા. પરંતુ એ વિચારસરણી મનુષ્યની વ્યક્તિ તરીકેની, સ્વતંત્રતાની લોકશાહી

ગયણો

માસમાસનાં પંખી



ઑક્ટોબર આખરે અહીં આવી, આખો શિયાળો રહીને એપ્રિલ સુધીમાં તો સ્વદેશ પહોંચી જતું આ પંખી મૂળ તો યુરોપ ને ઉત્તર એશિયાનું વાસી. શિયાળામાં તે ઇજિપ્ત, આફ્રિકાના ઉષ્ણ કટિબંધના ભાગો અને ખાસ તો દક્ષિણ એશિયા, ચીન તેમજ છેક જાપાન સુધી જઇ વસે છે.

ગયણાની ચાંચ લાંબી, જાડી, ફૂલેલી અને પહોળી; જડબાની બાજુઓ નીચે સુધી વળેલી; નરનું માથું અને ગળાનો ઉપરનો ભાગ લીલો; પીઠ ભૂખરા રંગની કાળી; પીછાં બૂઠાં જેવાં અને લીલાં; બહારનાં પીછાં પહોળી સફેદ કિનારવાળાં. માદાને ઉપરનાં પીછાં ભૂરાં; દરેક પીછાને આછી રતાશપડતી કિનાર; પીછાંની બાજુઓ નીલી-રાખોડી; પાંખ અને પૂંછડીનાં પીછાં ધઉંવર્ણાં. બંનેના પગ નારંગીપડતા રાતા. લીલા રંગનું માથું, સફેદ છાતી અને ખૂલતા બદામી રંગના નીચેના ભાગ દ્વારા નરને ઓળખવો સહેલો થઈ પડે છે.

તે ખાસ કરીને એકલું કે એકબીની જોડીમાં દેખાય છે. કાદવ-કીચડમાં રહેનાર આ પંખીની ચાંચ કાદવ કે ડહોળા પાણીને ગાળી શકે એવી હોઇ આપણે ત્યાં તેનું પ્રચલિત નામ 'ગયણો' છે. ખોરાક પણ તે જગ્યામાંથી જ મળી રહેતો હોઈ તે બીજે ઓછું નજરે પડે છે. સ્વભાવે શાંત-સરળ અને ઊડવાની ઓછી શક્તિ ધરાવતું આ પંખી શિકારીઓને અપ્રિય છે, કેમકે તેનું માંસ બહુ રોચક નથી. પાણીમાં ડૂબકી મારવામાં કે તરવામાં તે બહુ પાવરધું નથી. આમ તો તે મૂંગું જ રહે છે, પણ ઊડતી વખતે 'ક્રૅક' કે 'ટૂક-ટૂક' જેવો અવાજ કરે છે.

તેનો પ્રજનનકાળ તેના વતનમાં એપ્રિલથી શરૂ થાય છે. નદીકાંઠે ભીની જગ્યાએ આજુબાજુના ઘાસપાલાને લીધે જલદી નજરે ન ચડે તેવા માળામાં, પીળાશપડતા રાખોડી રંગનાં આઠથી નવ ઈંડાં તે મૂકે છે.

પદ્ધતિની અને સર્જક પ્રતિભાની વિરોધી છે એમ લાગતાં તેમાંથી છૂટા થયા. ૧૯૩૭માં પ્રકાશિત થએલા 'ફૉરવડ ફ્રૉમ રીઆલીઝમ' નામના પોતાના પુસ્તકમાં સામ્યવાદનો સ્વીકાર કરવાની અનેક દલીલો પ્રસ્તુત કરે છે, તો વળી ૧૯૪૨માં બહાર પડેલું તેમનું 'લાઈફ ઍન્ડ ધ પોએટ' પુસ્તક સામ્યવાદ નહિ સ્વીકારવાની ઘણી સુંદર દલીલો રજૂ કરે છે. સ્પેન્ડરે જે સામ્યવાદની કલ્પના કરેલી તે હતી પરોપકાર વિષેની, ભૌતિકવાદ પરત્વેની નહિ. સ્પેન્ડરનો સામ્યવાદ ગરીબો અને પગ તળે કચડાએલા શોષિતો તરફની એક પ્રકારની કરુણામાંથી ઉત્પન્ન થયો હતો. માનવતા અને રાજનીતિ વિષેના પોતાના ખયાલોમાં બહારની દુનિયા માટે જરા પણ અસ્પષ્ટતા રહી જવા ન પામે તે માટે તેમણે 'લાઈફ ઍન્ડ ધ પોએટ'માં સ્પષ્ટતા કરી છે કે 'રાજનીતિનો ચરમ ઉદ્દેશ રાજનીતિ નથી. એ તો એક એવું સાધન છે કે જે વિજ્ઞાન, કલા અને ધર્મને અનુલક્ષતાં તેમજ સમસ્ત માનવતાને સ્પર્શતાં કાર્યોને શક્ય બનાવે. જે સમાજ રાજનીતિને જ સૌથી મોટી વસ્તુ સમજે છે તે માત્ર ચાલ્યા જ કરતા અને કોઇ પણ પ્રકારના ઉદ્દેશ વિનાના એક યંત્રની સ્થિતિ ધારણ કરે છે.' પોતાના એવા રાજકીય અનુભવો સવિસ્તર અને વિશદતાથી વર્ણવતું 'ગૉડ ધૅટ ફેઈલ્ડ' નામનું પુસ્તક તેમણે પ્રસિદ્ધ કર્યું છે. એ ચુસ્તપણે માને છે કે કવિતાએ રાજકરણ સાથે કદી છેડાછેડી બાંધવાની નથી; કવિઓ રાજકારણમાં પડેલાઓને પ્રેરણા આપી શકે, પણ પક્ષના સભ્ય બનતાં જ નકામા નીવડે.

૧૯૩૭માં સ્પેન જવા સરકારે તેમને વીસા ન આપ્યો, છતાં યે એની અવગણના કરીને ત્યાં મળેલી આંતરરાષ્ટ્રીય લેખક પરિષદમાં હાજર રહેનાર તેઓ એકમાત્ર બ્રિટિશ પ્રતિનિધિ હતા. સ્પેનના આંતરવિગ્રહ દરમિયાન થોડા મહિના એ દેશમાં રહીને એમણે સ્પૅનિશ કાવ્યોને અંગ્રેજીમાં ઉતાર્યાં. જર્મન સાહિત્યમાંથી એમણે કરેલા અનુવાદોમાં રેઇનર મારિયા રિલ્કેનાં કાવ્યો તેમજ અર્ન્સ્ટ ટૉલરના 'પેસ્ટર હૉલ' નામના છેલ્લા નાટકનો સમાવેશ થાય છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેઓ 'હોરાઈઝન' નામના સાહિત્યિક સામયિકના સંપાદક હતા.

૧૯૫૧માં એમણે 'વર્લ્ડ વિધિન વર્લ્ડ' નામની આત્મકથા પ્રકટ કરી. વાંચનારને લેખક પરત્વે માન ઊપજ્યા વિના ન જ રહે તેવી પ્રામાણિકતા, અને મુશ્કેલીઓની ચેતનવંતી સમજણ તેમાં વ્યક્ત થાય છે. એમના મિત્રોમાં સાહિત્યજગતનાં વિખ્યાત નામો સમાવિષ્ટ છે: ઑડેન, ક્રિસ્ટોફર ઇશરવૂડ, વૉલ્ટર દ લા મેર, વર્જિનિયા વુલ્ફ, ડબ્લ્યુ. બી. યીટ્સ, ટી. એસ. ઇલિયટ, આન્દ્રે માલો, અર્નેસ્ટ હેમિંગ્વે વગેરે. જીવનનો માર્ગ (એમના જ શબ્દોમાં કહીએ તો) એમણે આ રીતે અપનાવ્યો છે: 'દિશા—ગતિ એ જ સર્વસ્વ છે. આપણે સમયની અંદર રહીએ છીએ, એટલે કદી સંપૂર્ણ ન થઈ શકીએ. સંપૂર્ણતા એટલે તો કોઈ લક્ષ્યે પહોંચીને ત્યાં થંભી જવું તે. વાસ્તવમાં આપણે ક્યાં યે પહોંચતા નથી અને આપણે મૃત્યુ પામીએ ત્યાં સુધી ગતિહીન થતા નથી.'

હમણાં મુંબાઈમાં 'ઇન્ડિયન કમિટી ફૉર કલ્ચરલ ફ્રીડમ' (સાંસ્કૃતિક સ્વાતંત્ર્ય માટેની હિંદી સંસદ)ની નિશ્રામાં મળેલી સાહિત્યરસિકોની સભામાં 'લેખક અને સ્વતંત્ર સમાજ' વિષે બોલતાં તેમણે કહેલા આ શબ્દો જેટલા સીધાસાદા છે તેટલા જ મનનીય છે: 'લેખકે બીજાઓના મતના રેડિયો-સેટ નથી બની જવાનું. તેમ, સમાજજીવનથી છૂટા થઈ જઇને પોતાની જાત અને સમાજજીવન ઉભયને એકલવાયાં પણ નથી કરી નાખવાનાં.'

વાસણો: આરોગ્યની દૃષ્ટિએ

હાલ રસોઈ બનાવવાનાં વાસણ માટી, લોખંડ, સ્ટેઇનલેસ સ્ટીલ, ત્રાંબું, પિત્તળ, ઍલ્યુમીનિયમ, જર્મન સિલ્વર વગેરેનાં વપરાય છે, અને

ખાવા કે તૈયાર રસોઇ ભરવા માટે ઉપરના પદાર્થો ઉપરાંત પથ્થરનાં, ઇનેમલ ચડાવેલાં, લોહ કે ત્રાંબાનાં, કાંસાનાં, ચિનાઇ માટીનાં, વનસ્પતિનાં પાનનાં, કાચનાં, લાકડાનાં, કલાઈના ભરતનાં, સુવર્ણ અને ચાંદીનાં, વાંસ કે તાડના પાનને ગૂંથીને તૈયાર કરેલી ટોપલી વગેરે તેમજ ચામડાનાં કુલ્લાં, પ્લાસ્ટિકની રકાબીઓ, વાડકા, ચમચા એમ અનેકવિધ પ્રકાર વપરાય છે. આ બધાનો ઉપયોગ યોગ્ય સમયે ને યોગ્ય મર્યાદામાં થાય તો આરોગ્યને નુકસાન પહોંચતું નથી.

પથ્થર કે લાકડાનાં વાસણો પ્રાચીન યુગમાં વપરાતાં તથા વનસ્પતિનાં મોટાં પાનમાં જમતા. હજુ પણ પડિયા-પત્રાળાં, લાકડાની આડણી, કથરોટ, રવઈ તથા પથ્થરના વાટકા, ઓરસીઆ વગેરે વપરાય છે. (પથ્થરનું સ્થાન હવે ઇનૅમલ, ચિનાઈ માટી, કાચ કે પ્લાસ્ટિકનાં વાસણો લેતાં જાય છે.) ક્ષાર, મૃદુ, અમ્લ અને લવણવાળા પદાર્થો માટે આ સારાં છે, પણ અગ્નિ ઉપર એને ચડાવાય નહિ. આરોગ્યની દૃષ્ટિએ તે સારાં છે. તેલ કે ક્ષારના સંયોગથી તેમાં ઝેર પેદા થતાં નથી.

માટીનાં વાસણો ઉપર ક્ષારો, અમ્લો અને લવણોની અસર બિલકુલ થતી નથી. ધાતુના કાટ રૂપી ઝેર મનુષ્યના જીવંત કોષો પર અસર કરતું હોઇ આયુર્વેદે દવાની બનાવટોમાં 'મૃદભાંડ' (માટીનાં વાસણો)નો ઉપયોગ જ વિશેષ કહ્યો છે. નેચરોપથી પણ માટીનાં વાસણો પસંદ કરે છે ને ધાતુના પાત્રને નુકસાનકારક ગણે છે. માટીના વાસણમાં બનાવેલી રસોઈ મીઠાશવાળી લાગે છે. માત્ર આ વાસણ સ્વચ્છ રાખવા ચીવટ રાખવી જોઈએ, નહિ તો અનેક જંતુઓનું ઘર તે બને અને શરીરને હાનિકારક થાય. લોઢાની તાવડીમાં શેકાએલા રોટલારોટલી ગરમ પડતાં હોઇ ઉત્તર ગુજરાત અને મારવાડના ગરમ પ્રદેશના લોકો લોખંડની તાવડી નાપસંદ કરે છે.

ધાતુનાં વાસણોમાં સુવર્ણ અને ચાંદી ઉપર મૃદુ ક્ષાર, લવણ અને ફ્લામ્લોની અસર બહુ થતી નથી, એ દૃષ્ટિએ તે જમવા માટે સારાં ગણાય પણ ધનિક વર્ગ જ તેને વાપરી શકે. આયુર્વેદ સુવર્ણ કે તેની ભસ્મોને બલ, મેધા, સ્મૃતિ અને અગ્નિવર્ધક રસાયન ગણે છે તથા ઉન્માદ, વિષ અને ભ્રમ-નાશક માને છે. ચાંદી વિદ્યુતનું વાહક હોઈ તેમાં ભરેલું અન્ન બાહ્ય અવકાશમાંથી વિદ્યુતપ્રવાહ આકર્ષે છે અને અન્નમાં સત્ત્વબળ વધારે છે. (ઇલેક્ટ્રિક ચાર્જ આપેલું પાણી પાવાથી વનસ્પતિઓ પણ મોટા કદવાળી બને છે.) ત્રાંબું પણ આવું જ હોઈ તથા સસ્તું હોવાથી હિંદુ ગૃહોમાં ત્રાંબાનાં વાસણો વિશેષ વપરાય છે. વળી તે જંતુઘ્ન હોઈ હવામાં રહેલાં જંતુઓને પાસે આવવા દેતું નથી. પણ ત્રાંબા અને પિત્તળનાં વાસણમાં ખટાશ, ક્ષાર, લવણો કે તેલ ભરવાથી લીલો કાટ–જંગાલ પેદા થાય છે, જે કાતિલ ઝેર છે. આમ હોવાથી તેને કલાઈ ચડાવી ઉપયોગમાં લેવાય છે. આયુર્વેદે તામ્ર પિત્તકફહર તથા પાંડુ, ઉદરરોગ, મેદ, અર્શ, શ્વાસ, ક્ષય વગેરેને દૂર કરનાર ગણ્યું છે. પિત્તળ પાંડુ, કૃમિ અને કુષ્ઠને હરે છે.

કાંસાના વાસણને કાટ બિલકુલ લાગતો નથી, એટલે તેમાં જમવું આયુર્વેદે ઉત્તમ આરોગ્યપ્રદ કહ્યું છે. હિંદુ ધાર્મિક ક્રિયાઓમાં કાંસાને ત્રાંબા જેટલી જ અગત્ય આપી છે. કાંસું કુષ્ઠ, વાત અને પિત્તહર છે.

કલાઈ કે તેનો ઢોળ ચઢાવેલાં વાસણો આરોગ્યપ્રદ ખરાં, પણ એ સીસાના મિશ્રણવાળી હોવી ન જોઇએ, નહિ તો સીસાના ક્ષાર પેટમાં જઈ ચૂંક, કુષ્ઠ, વિબંધ, લકવો ઇત્યાદિ (lead poisoning) કરશે. જે કલાઇ કાળી પડી જાય તે ભેગવાળી જાણવી. કલાઇ ઉપર સામાન્ય જળવાયુ તથા ઉદ્ભિજ્જ અમ્લોની કંઈ અસર થતી નથી, પણ પારો, ખનિજ અમ્લો તથા વનસ્પતિના તીવ્ર અમ્લોથી કલાઈ ઊતરી જાય છે. કલાઈ અને જસત બંને પ્રમેહહર, બલ્ય, શુક્રપ્રદ તથા કફઘ્ન છે.

મુંડલોહ(એટલેકે પતરાં)નાં અને તીક્ષ્ણલોહ (એટલેકે પોલાદ)નાં વાસણો (કઢાઈ, કંદોઇનાં પાત્રો, તાવેથા, કડછા, લોઢી વગેરે) મોટે ભાગે રાંધવા-પીરસવા માટે વપરાય છે. અને હાલમાં જે સ્ટેઈનલેસ સ્ટીલ વપરાવા લાગ્યું છે તેના તો થાળી, વાડકા, તપેલી, ચમચા, ખુમચા બધું વપરાય છે. તેના ઉપર ખટાશ, લવણ કે ક્ષારોનો કાટ બિલકુલ લાગતો નથી તેથી તે વાપરવાં આરોગ્યપ્રદ છે. જ્યારે સામાન્ય લોખંડ ઉપર કાટ લાગે છે, ત્યારે રસોઇને કાળા, ભૂરા કે લાલ રંગના ડાઘ પડે છે. છતાં બંને લોખંડ નુકસાનકારક નથી અને રંગ પ્રત્યે ઘૃણા કે અણગમો ન હોય તો તે વાપરી શકાય. ઘી તો ખાસ લોહના વાસણથી પીરસવા શાસ્ત્રમાં જણાવ્યું છે. શેકવા અને તળવાનું કામ પણ લોખંડના વાસણમાં સારું થાય, પણ વનસ્પતિના ઉકાળા, અવલેહો, મુરબ્બા વગેરે બનાવતાં લોખંડનાં પણ કલાઈવાળાં કે સ્ટેઈનલેસ સ્ટીલનાં વાપરવાં અને તે હલાવવામાં માટી, લાકડા કે કલાઈ કરેલાં રાખવાં.

જર્મન સિલ્વર સામાન્ય ઉપયોગમાં ચાલે છે, પણ ખારા-ખાટા પદાર્થો લાંબા સમય સુધી ભરી રાખવાથી કાટ ચડે છે.

ઍલ્યુમીનિયમ અમ્લ અને લવણ પદાર્થો ભરવા માટે યોગ્ય નથી. તેનાં વાસણો હલકાં ને જલદી તપતાં હોવાથી વધુ વપરાય છે.

ચામડાનાં વાસણો તેલી અને ઠંડા પદાર્થો ભરવા માટે યોગ્ય ગણી શકાય. આપણે ત્યાં પહેલાં ઘી-તેલ ચામડાનાં કુલ્લાંમાં જ ભરતા. વળી માટીના વાસણમાં ઘી-તેલ ભરવાથી વાસણ ભાંગવાનો અને ધાતુનાં વાસણોમાં ભરવાથી કાટ લાગવાનો એ વખતે ભય હશે.

પ્લાસ્ટિકનાં વાસણો ઠંડા પદાર્થો ભરવા માટે સારાં, ગરમ અને અમ્લ પદાર્થો માટે નહિ.

સુશ્રુત સંહિતામાં કયા પદાર્થો કયા વાસણમાં પીરસવા એનો ઉલ્લેખ છે: તેમાં ઘૃત કાળલોખંડ કે કાન્તલોહના પાત્રમાં ભરવું (બીજા પાત્રમાં લીલું થાય છે), એમ કહ્યું છે. પેયો ચાંદીના પાત્રમાં-અને ફળો પાંદડાંની પાતળમાં ખાવાં, જેથી કોઈ પણ ખરાબ રાસાયનિક ઘટના થાય નહિ અને વનસ્પતિનાં રસાયન તથા મેધ્ય વગેરે ગુણો પ્રાપ્ત થાય.

પરિશુષ્ક એટલે સૂકાં, અને તળેલાં અથવા પ્રદિગ્ધ એટલે તળીને ગોરસમાં ભરેલાં, (જેમકે દહીંવડાં) સુવર્ણના પાત્રમાં ભરવાં. સુવર્ણ ગરવિષને દૂર કરે છે. પ્રદ્રવો-એટલેકે પ્રવાહી મંડો, દાળ, માંસરસો વગેરે ચાંદીના પાત્રમાં ભરવાં કે પીરસવાં.

કદ્વર (દહીંની તરના મિશ્રણથી બનાવેલા કદ્વર કહેવાય.) અને ખડો (લવણ સુરકો ઇત્યાદિ નાખેલો ખાટા યૂષો) પથ્થરના વાડકામાં આપવા. કલાઈ ચઢાવેલાં કે ઇનૅમલ, ચિનાઈ માટી, સ્ટેઈનલેસ સ્ટીલ કે કાચનાં વાસણો પણ ચાલે.

ઉકાળેલું પાણી ત્રાંબાના પાત્રમાં ભરવું અને ઠંડું પાણી પણ ત્રાંબાના વાસણમાં જ ભરવું અને પીવા આપવું.

(આયુર્વેદ વિજ્ઞાન) — ઓચ્છવલાલ ભટ્ટ

દિલ્હીની ગાદીએ આવેલો ગુજરાતી

અલાઉદ્દીને ગુજરાત પર આક્રમણ કર્યું ત્યારે તેને માર્ગ બતાવનાર પાટણના ખરોરા પરમારને તેણે લશ્કરમાં સાથે લઈ લીધો હતો. તેણે લીધેલા પરિશ્રમ તથા બજાવેલી સેવાને કારણે અલાઉદ્દીને તેની નિમણૂક પોતાના અંગત સેવકોમાં કરી. બાદશાહ એના પર એટલો ખુશ રહેતો કે એને મુસલમાન ધર્મ અંગીકાર કરવાની ફરજ પાડી ને તેનું નામ ખુશરોખાં રાખી તેને પોતાની અંગરક્ષકસેનાનો અફસર બનાવ્યો.

અલાઉદ્દીન ખિલજીના મૃત્યુ બાદ મલિક કાફૂરે ગાદી હાથ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે ખુશરોએ અલાઉદ્દીનના ત્રીજા પુત્ર મુબારકનો પ્રાણ બચાવી તેને ગાદી અપાવી અને પોતે પ્રધાન મંત્રી બન્યો. તેની સિફારશને માન્ય રાખી મુબારકે ગાદી ઉપર બેસતાં ૧૭ હજાર કેદીઓને છોડી મૂક્યા, ઘણા કરવેરા પાછા ખેંચી લીધા અને હિંદુઓના વ્યાપાર તથા સંપત્તિ પર લગાવેલા પ્રતિબંધ પણ ઉઠાવી લીધા.

દક્ષિણના વિજય બાદ મુબારક બધી સત્તા ખુશરોના હાથમાં સોંપી દઈ પોતે મોજશોખમાં ખૂંપી ગયો. મલબાર પ્રદેશ છતી દિલ્હી આવી પહોંચેલા ખુશરોએ તેની આ પતિતાવસ્થા જોઈને, પોતે છોડાવેલા ૧૭ હજાર કેદીઓ તથા કરમુક્ત કરેલા જમીનદારોની મદદથી એકહથ્થુ સત્તા હાથ કરવા માંડી. ધીમેધીમે સૈન્યમાં હિન્દુઓની ભરતી કરતા જઇ છેવટે તેણે દિલ્હીની ગાદી હાથ કરી. હરણ કરીને ઉપાડી આણવામાં આવેલી ગુજરાતના રાજા કરણ સોલંકીની પુત્રી દેવળદેવીનો વિવાહ અલાઉદ્દીનના પુત્ર ખીજરખાં જોડે કરવામાં આવ્યો હતો તેને ખુશરોએ પોતાની રાણી બનાવવાનું ઇચ્છ્યું. ખુશરો ફરી હિંદુ ધર્મ સ્વીકારે એ શરતે દેવળદેવી લગ્ન કરવા તૈયાર થઈ, પરંતુ પંડિતોએ તેને હિંદુ ધર્મમાં પાછો સ્વીકારવા ના કહી. આથી તેણે દેવળદેવીને મુસ્લિમ બનાવી તેની સાથે લગ્ન કર્યું અને પછી નાસિરૂદ્દીન નામ ધારણ કરીને તે દિલ્હીનો બાદશાહ બન્યો.

બાદશાહ બન્યા પછી હજારો હિન્દુઓને તેણે મારી નંખાવ્યા અને ગુલામ પરંતુ વીર મુસલમાનોને ઊંચી પદવીઓ આપી. છેવટે તે મુહમ્મદ તઘલખના હાથે મરાયો.

લસણ

લસણ જઠરાગ્નિને વધારી ખોરાકને પચાવવામાં ખૂબ મદદરૂપ થાય છે. તે તીખું, મધુર, કડવું, ગુરુ, સ્નિગ્ધ, ઉષ્ણ, દીપક, સારક તેમજ વાયુ ને કફનો નાશ કરનાર છે; અને ભાંગેલાં હાડકાંને સાંધવાના અને સોજા ઉતારવાના કામમાં પણ વપરાય છે. વિષમજ્વર (મૅલેરિયા) અને જીર્ણજ્વરમાં તે સરખું ઉપયોગી છે. તે ઉષ્ણ હોવાથી શરીરને આવશ્યક ગરમી પૂરી પાડવામાં ખૂબ મદદ કરે છે. લસણમાં રહેલું ફૉસ્ફરસનું તત્ત્વ જ્ઞાનતંતુઓને પણ મજબૂત બનાવે છે. શિયાળાની આ ઋતુમાં લીલા લસણનું મિત અને નિયમિત સેવન ગુણકારી છે. પણ રક્તપિત્તના રોગીઓએ, લોહીના દબાણવાળાઓએ અને પિત્તપ્રકૃતિવાળાઓ તે ખાવું નહિ. વળી લસણ સાથે ગોળ કે દૂધ જેવા પદાર્થો ખાવાથી ચામડીના રોગો થાય છે.

આજ અને કાલ

આજનો બેકાર એ કાલનો નેતા છે.
આજનું અખબાર એ કાલની પસ્તી છે.
આજનો ખારો ગોળ એ કાલનો દારૂ છે.
આજનાં હોટેલનાં ભજિયાં એ કાલની ચટણી છે.
આજનો નટીનો પ્રેમ એ કાલનું લગ્ન છે, અને—
આજનું તેનું લગ્ન એ કાલના છૂટાછેડા છે.
આજનો પ્રેમભંગ એ કાલનો આપઘાત છે.
આજનાં ઈંડાં એ કાલનાં આમ્લેટ છે.
આજની ખુમારી એ કાલની બીમારી છે.
આજનો લબાડ એ કાલનો મુત્સદ્દી છે.
આજની પ્રેમકથા એ કાલની પ્રેમવ્યથા છે.
આજનું પ્રચારવાક્ય એ કાલનું સુભાષિત છે.
આજની કન્યા એ કાલની માતા છે.
આજની અંગ્રેજી 'શૉર્ટ સ્ટોરી' આવતી કાલની મૌલિક નવલિકા છે!

(મરાઠી 'હંસ'માંથી)

આ માસ(જાન્યુઆરી)ઈતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : લૂઇ બ્રેઈલ



નેત્રવિહીન માનવીઓને દૃષ્ટિદાન કરવા જેવી, સ્પર્શેન્દ્રિયદ્વારા વાંચી શકાય તેવી ઊપસેલી લિપિની શોધ કરનાર લૂઇ બ્રેઇલનો જન્મ પારીસથી ત્રણ માઇલ પર આવેલા કૂપ્રે નામક ગામમાં ઈ. ૧૮૦૯ની ૪થી જાન્યુઆરીએ એક ઝીનગરને ત્યાં થએલો. ત્રણેક વર્ષની ઉમરે પિતાની દુકાનના એક ઓજાર સાથે રમતાંરમતાં તેની અણી લૂઈની આંખમાં પેસી ગઇ. એ વખતે ગરીબોને દાક્તરી સહાય અસંભવિત હોવાને કારણે લૂઈની આંખની સારવાર ન થઈ શકી અને આમ નાની વયથી જ એ અંધ બની ગયો.

દસ વર્ષની ઉમરે તેને પારીસની અંધકુમારશાળામાં મૂકવામાં આવ્યો જ્યાંથી ભાગ્યેગણી તે શિક્ષક તરીકે પણ ત્યાં જ રહ્યો. એના નામે ઓળખાતી અંધો માટેની સ્પર્શલિપિ 'બ્રેઇલ લિપિ' પણ એણે ત્યાંથી જ વિકસાવી. જોકે અંધજનો પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારી જુદીજુદી વ્યક્તિઓ એના પહેલાં સ્પર્શલિપિના પ્રયોગો કરી ચૂકેલી. પૂઠામાંથી કાપેલા, કાગળ કે કાપડની ગાદીમાં ટાંકણીઓ ગોઠવીને બનાવેલા, અને દોરડાં ગૂંથીને તૈયાર કરેલા અક્ષરો સુદ્ધાંનો એ પ્રયોગોમાં સમાવેશ થતો. ઉપસાવેલા અક્ષરોના પ્રયોગો પણ ૧૬મી સદીમાં સ્પેન તથા ઈટાલીમાં થઇ ચૂકેલા અને એ ઉપસાવેલી લિપિના મૂળ શોધક નાર્લ બાર્બિયે નામના એક ફ્રેન્ચ અધિકારીએ રાત્રિલેખનની આવી પદ્ધતિ અંધોને પણ ઉપયોગી લાગતાં તેણે પારીસની અંધ કુમારશાળા પર એ મોકલી આપી.

બાર્બિયેની ૧૨ ટપકાંવાળી અટપટી પદ્ધતિને ૬ જ ટપકાંમાં સમાવી લૂઇએ તેને સ્પર્શક્ષમ અને સરલ બનાવી. ઈ. ૧૮૨૯માં આ પદ્ધતિ બહાર પાડીને લૂઇએ ત્યાર બાદ પાંચ વરસ તેનું બંધારણ નક્કી કરવામાં ગાળેલાં.

લૂઇને જુવાનીથી જ ક્ષયરોગ લાગુ પડ્યો હતો. એ રોગના એક વારના હુમલા પર તો તેણે વિજય મેળવ્યો, પરંતુ તેના બીજા હુમલાએ તેને પરાસ્ત કર્યો; અને ૧૮૫૨ના જાન્યુઆરીની ૨૩મીએ, એ પરાજયના દુઃખને બદલે સમસ્ત અંધજગતને પ્રકાશ આપ્યાની કૃતકૃત્યતાના આનંદ–સંતોષ સાથે તેણે આ દુનિયાની વિદાય લીધી.

લૂઈના મૃત્યુ પછી એણે વિકસાવેલી લિપિનો જગદ્વ્યાપી પ્રચાર થવા પામ્યો. અંધો માટે બ્રેઈલ લિપિમાં પુસ્તકો બહાર પડવા માંડ્યાં અને આજે તો એ લિપિમાં વર્તમાનપત્રો સુદ્ધાં બહાર પડે છે! નેત્રવાળા મનુષ્યો માટે તો જ્ઞાન-પ્રકાશનો પૂરો અવકાશ છે, પરંતુ નેત્રવિહીન મનુષ્યોને પણ તે પ્રકાશ માટેની દૃષ્ટિ આપી પ્રકાશના સંપૂર્ણ વિકાસનું ક્ષેત્ર ખુલ્લું મૂકનાર લૂઈનું વિશ્વ સદા માટે ઋણી રહેશે.

દિનવિશેષ

તા. ૧ હિંદી સ્વાતંત્ર્ય-લડતમાં પ્રખ્યાત બનેલા સ્વરાજ્ય-પક્ષની સ્થાપના, ૧૯૨૩.
તા. ૩ ગુજરાતને ઘેરઘેર જ્ઞાનની પરબ માંડનાર ભિક્ષુ અખંડાનંદનું નિધન, ૧૯૪૨.
તા. ૫ વિજ્ઞાન-વૈદકને અત્યંત ઉપયોગી 'ક્ષ' કિરણો પ્રો. રૅાન્જને શોધ્યાં, ૧૮૯૬.
તા. ૭ બળવાના આરોપસર છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહની દેશનિકાલી, ૧૮૫૮.
તા. ૧૪ અકબરના વિદ્વાન ઇતિહાસકાર અબુલ ફજલનો જન્મ, ૧૫૫૧.
તા. ૧૮ હિંદના વાઈસરૅાય લૉર્ડ ઍર્વિનના હાથે નવું દિલ્હી ખુલ્લું મુકાયું, ૧૯૨૭.
તા. ૨૩ તાલિકોટના યુદ્ધમાં વિજયનગરના હિંદુ સામ્રાજ્યનો આમૂલ ધ્વંસ, ૧૫૬૫.
તા. ૨૬ મુઘલ સ્થાપત્યને ચરમ સીમાએ પહોંચાડનાર શાહજહાંનું રાજ્યારોહણ, ૧૬૨૮.
તા. ૨૮ કલકત્તા, મદ્રાસ તથા મુંબાઈમાં પ્રથમ વાર ટેલિફોન આવ્યો, ૧૮૮૨.
તા. ૨૯ હિંદુ-મુસ્લિમ ઐક્યના પુરસ્કર્તા દેશભક્ત હકીમ અજમલખાનનું મૃત્યુ, ૧૯૨૭.

પ્રસંગવિશેષ : ગુલામી નાબૂદ કરતું લિંકનનું જાહેરનામું · ૧ જાન્યુ. ૧૮૬૩

આરંભથી જ અમેરિકાનાં ઉદ્યોગપ્રધાન ઉત્તર અને ખેતીપ્રધાન દક્ષિણ રાજ્યો વચ્ચે ભારે તફાવત હતો. દક્ષિણમાં આફ્રિકાના હબસી ગુલામોની કાળી ને ભીષણ મજૂરીથી મોટા પાયા પર ખેતી કરવામાં આવતી. સ્વતંત્રતાની જાહેરાતમાં જણાવાએલો 'બધાં માણસો સમાન જન્મે છે.'નો સિદ્ધાંત ગોરાઓને જ લાગુ પડતો હતો, કાળાઓને નહિ. માનવતાને કલંક લગાડનારી ગુલામોના વેપારની એ પ્રથા ૧૭મી સદીના આરંભથી શરૂ થએલી. બહુ જ ફાયદાકારક ગણાતા તે વેપારને મુખ્યત્વે કરીને અંગ્રેજ, પોર્ટુગીઝ તથા સ્પેનિશ લોકોએ આર્થિક મદદ પણ આપી. ત્યારે લીવરપૂલ ગુલામોના વેપારનું એક મહાન શહેર હતું. વેપાર વધવાની સાથે ગુલામોની સંખ્યા પણ વધવા લાગી; એટલું જ નહિ પણ પશુઓની પેઠે હબસીઓની પેદાશ પણ કરવામાં આવી! ૧૭૯૦ની સાલમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં સાત લાખ ગુલામો હતા. ૧૮૬૧ની સાલમાં એ સંખ્યા વધીને ચાળીસ લાખની થઈ. ૧૯મી સદીના આરંભમાં બ્રિટિશ પાર્લમેન્ટે ગુલામી વિરુદ્ધ કડક કાયદા કર્યા. અમેરિકાએ પણ એનું અનુકરણ કર્યું, છતાં હબસીઓને આફ્રિકામાંથી અમેરિકા ઉપાડી જવાનું ચાલુ રહ્યું. ઊલટું, હવે વધુ છાની રીતે લઇ જવાના હોવાથી તેમને ખૂબ જ અસહ્ય રીતે ગોંધાઈ રહેવું પડતું. યુનાઈટેડ સ્ટેટ્સમાં કેટલાંક રાજ્યોએ ગુલામીની પ્રથા રદ કરી. આથી હબસી ગુલામ, ગુલામીવાળા રાજ્યમાંથી ગુલામી વગરના રાજ્યમાં ભાગી શકે એમ હતું. આ બાબતમાં એ રાજ્યો વચ્ચે ઝગડાઓ થતા. પરિણામે ગુલામીની પ્રથા સમસ્ત યુનાઇટેડ સ્ટેટ્સમાંથી સદંતર રદ કરવાની ચળવળ ઉત્તરમાં થઈ, પરંતુ તેમાં વિલિયમ લૉઇડ ગૅરીસન જેવા ઓછા હતા.

દરમ્યાન ગુલામીને લીધે નહિ, પણ ઉત્તર-દક્ષિણ વચ્ચેનાં ભિન્નભિન્ન આર્થિક હિતોને કારણે ત્યાંની તંગદિલી વધતી જ જતી હતી. સંયુક્ત રાજ્યમાંથી એકેકું રાજ્ય છૂટું પડવાની આવી કટોકટીની પળોમાં ઈ. ૧૮૬૦માં અબ્રહામ લિંકન પ્રમુખ ચૂંટાયો. પ્રથમ તો ગુલામીના પ્રકરણને નહિ છંછેડવાનું તેણે જાહેર કર્યું. સંયુક્ત રાજ્યમાંથી એકેકું રાજ્ય તો છૂટું પડતું જ જતું હતું. આથી અંતે ઉત્તર-દક્ષિણ વચ્ચેનો આંતરવિગ્રહ ૧૮૬૧ના એપ્રિલથી શરૂ થયો. જેમ વિગ્રહ વધતો ગયો તેમ લિંકન ગુલામીની નાબૂદીની બાબતમાં વધુ ને વધુ ચોક્કસ થતો ગયો. અંતે ૧૮૬૨ના સપ્ટેમ્બરમાં તેણે ગુલામોની મુક્તિનું જાહેરનામું બહાર પાડ્યું. તે મુજબ ૧૮૬૩ના જાન્યુઆરીની પહેલીથી અમેરિકામાંથી ગુલામગીરીની સદંતર નાબૂદીની જાહેરાત કરાઇ, હબસીઓને નાગરિક તરીકેના સંપૂર્ણ હક આપવામાં આવ્યા, ને અમેરિકાના રાજ્યબંધારણમાં એ સર્વનો સમાવેશ કરવામાં આવ્યો; આ જાહેરનામા પછી ૧૮૬૫ની સાલમાં આંતરવિગ્રહનો પણ અંત આવ્યો.

> સ્ખલનશીલ છે સૌ યે, સૌએ સહિષ્ણુ થવું ઘટે,
> પતન નથી રે કો'નું, જેને ઉરે કરુણા વસી.
>
> —હરિશ્ચન્દ્ર ભટ્ટ

મુંબાઈની એક વીમા કંપનીએ કામની અછતને લીધે સોળ માણસો કમી કર્યા ત્યારે, એ સોળમાં જેનું નામ ન હતું એવા એક યુવાને, એ સોળમાંના એક વૃદ્ધને બદલે પોતાને છૂટો કરવાની મૅનેજરને વિનતિ કરી, ને કહ્યું કે હું તો ગમે ત્યાં કામ શોધી લઈશ પણ એ વૃદ્ધને નહિ મળે. અને આમ છૂટા થએલા એ યુવાનને ચાર જ દિવસમાં નોકરી મળી પણ ગઈ.

કહેવતોના અર્થ : 'વળીને માથે એક ખીલો પણ મોભના માથામાં સો ખીલા.'– અનેક વળીઓ જેને આધારે રહી છે એ મોભમાં એક એક વળાએ તો એકએક જ ખીલો જડેલો હોય છે, પણ મોભને તો બધી વળીઓના ખીલા સહન કરવાના હોય છે. એ રૂપક ઉપર રચેલી આ કહેવતનો ભાવ સ્પષ્ટ છે કે નાનાની જવાબદારીઓ ઓછી હોય છે અને મોભી-અગ્રણી કે મોટાની જવાબદારીઓ જેટલી તેની ચિંતા હોય છે. એને મળતી બીજી કહેવતો : 'સંપત તેવી વિપત,' 'મોટાનાં દુ:ખ મોટાં' વગેરે.

અનેકાર્થી શબ્દ : **રાગ**=અવાજ, કંઠ; આસક્તિ; ગુસ્સો કે રીસ; તકલીફ; મેળ, કે અનુકૂળતા; ચંદ્ર; સૂર્ય; પરાગ; રાજા; વર્ણન; વાર્તા; સંધ્યાસમયનો આકાશનો રંગ; સુરકો, મધુર પ્રવાહી; એક છંદનું નામ.



જાણો છો?–માથાના સંપૂર્ણ તંદુરસ્ત વાળ ૨૦૦૦ રતલ વજન ઊંચકી શકે.

જૂના ચામડાને બાળીને કરેલી રાખ તેલમાં કાલવીને લગાડવાથી જોડાનાં આંટણ મટશે.

વીંટી ગયાનો શોક કરવા કરતાં આંગળી સલામત રહ્યાનો આનંદ માણો!

ગણિતગમ્મત

$૨^{૩}×(૦)$ … … … … $+૧=૧^{૨}$
$૨^{૩}×(૧)$ … … … … $+૧=૩^{૨}$
$૨^{૩}×(૧+૨)$ … … … $+૧=૫^{૨}$
$૨^{૩}×(૧+૨+૩)$ … … … $+૧=૭^{૨}$
$૨^{૩}×(૧+૨+૩+૪)$ … … $+૧=૯^{૨}$
$૨^{૩}×(૧+૨+૩+૪+૫)$ … … $+૧=૧૧^{૨}$
$૨^{૩}×(૧+૨+૩+૪+૫+૬)$ … $+૧=૧૩^{૨}$
$૨^{૩}×(૧+૨+૩+૪+૫+૬+૭)$ … $+૧=૧૫^{૨}$

(મ. ના. ખત્રી)

આકડાનાં પાકાં પાન સૂકવીને કરેલો ધુમાડો માંકડ, મચ્છર ને ઉંદરો સુદ્ધાંનો નાશ કરનાર છે.

ભારતમાં કુલ ૩૧ યુનિવર્સિટીઓ છે.



'શેઈમ-સ્ટૅમ્પ' નામની ગ્રીકે કાઢેલી નવતર શરમ-ટિકિટ. સાઈપ્રસ ટાપુને ગ્રીસ સાથે ભેળવી દેવા સામે ઇંગ્લંડની આમસભામાં જે ચર્ચા ચાલી તેના અહેવાલ ઉપર શાહીનો મોટો ધબ્બો (શરમસૂચક) પાડીને એ રચી છે.



કલાકણિકા : રખે માનતા કે આ બારીક કોતરણીવાળી તાસક હશે. આ તો છે પંજાબ તરફની સોનાના બારીક તારકશીકામવાળી પોલાદની ઢાલ. યુદ્ધસાધન પર પણ કલા!



ર્ષાનો વેગ
કચીની કલાસ્વામીની અનુકૃતિ
રનાર : યજ્ઞેશ્વર શુક્લ
કલાકારના સૌજન્યથી)

ચિત્રકળામાં દેશદેશની પોતપોતાની નિરાળી ને આગવી શૈલી હોય છે. ચીન-જાપાનની ચિત્રકળાની પણ એવી જુદી તરી આવતી વિશિષ્ટતા સૌના ખયાલ
શે. ઘણીવાર તો કેવળ સાદી કાળી શાહીમાં બોળેલી પીછીથી કરેલા જૂજ—અતિ જૂજ લસરકા, છરકા કે સપાટા વડે કલાકાર વર્ષાનું કે વસંતનું, ચાંદની
ભાતનું વાતાવરણ ખડું કરી દે છે. પાણીથી ભીંજાયેલા કાગળના મથાળાના ભાગમાં, માફકસર ભરેલી કાળી શાહીથી પીછી એવી ચાતુરીથી તે પસારે છે કે
ઘાડંબરનો ઘટાટોપ કે પીગળીને હૂબહૂ વરસતી વાદળીઓ આપણને લાગે. એવી દક્ષ મુલાયમતા દાખવતા એક ચીની કલાસ્વામીના ચિત્રની આ અનુકૃતિ
ડ-છોડનાં નમી રહેલાં પાંદડાંથી પવનનો સૂસવાટ, અને એકાકાર થઈ રહેલાં જળ ને આકાશ વચ્ચે મૂકેલી હોડી તથા તે પરનાં માણસોની વાંકી દેહદૃષ્ટિથી વરસ
વરસાદ આપોઆપ પ્રતીત થાય છે. ચીની પદ્ધતિનું એવું પીછીનું લાઘવ અને સામર્થ્ય કેળવવા શ્રી યજ્ઞેશ્વરે કરેલી આ અનુકૃતિમાં એ સાફલ્યનું દર્શન છે.

'કુમાર' જાન્યુઆરી ૧૯૫૫ · સળંગ અંક ૩૭૩ · છૂટક નકલના બાર આના KUMAR Reg. No. B. 1808



બરફની બિછાત

ફોટોકલા · આર. આર. ભારદ્વાજ

'કૅમેરાના જાદુગર'નું સાર્થ ઉપનામ જેમને અપાયું છે તે શ્રી ભારદ્વાજની ફોટોકલાથી 'કુમાર'ના વાચકો અજાણ નથી. હમણાં થોડા જ દિવસો પર જેના સમાચાર આવ્યા હતા તે હિમાચલ પ્રદેશની કારમી ઠંડી પ્રત્યક્ષ કરાવતા એ જ પ્રદેશના આ દૃશ્યમાં, માત્ર જામેલા બરફની શ્વેત સપાટીમાંથી એ કપરા વાતાવરણમાં પણ રહેલી કમનીયતા ઉતારવામાં એમના કસબે મેળવેલી સિદ્ધિ પ્રત્યક્ષ થાય છે.